ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૩ | જાન્યુઆરી ૨૦૧૯ | અંક : ૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : નોકરી માટે રઝળપાટ કરતા યુવાનો | ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 3 |
| 2. | સમાજમાનવશાસ્ત્રમાં સગાઈ-વ્યવસ્થાના અભ્યાસની પદ્ધતિ | ડૉ. અરવિંદ ભટ્ટ | 5 |
| 3. | નિષ્ઠાવાન અધ્યાપક, કર્મઠ કર્મશીલ સ્વ. નલિનીબહેન ત્રિવેદીની જીવન-ઝરમર | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 19 |
| 4. | ગાંધી-અધ્યયનના સાંપ્રત પ્રવાહ | ડૉ. હરિભાઈ એમ. પટેલ | 22 |
| 5. | બૅંક-રાષ્ટ્રીયકરણનાં પાંચ દાયકાની પ્રગતિનાં લેખા-જોખા | ઋષિતાબહેન એલ. ખેર અને શિલ્પા એમ. પરમાર | 30 |
| 6. | ફૅમીલી કોર્ટના વકીલોનો કાર્ય-અનુભવ | ડૉ. પરેશ ચૌહાણ | 35 |
| 7. | સહકારી ધિરાણ મંડળી અને ખેડૂત-વિકાસ | ડૉ. બાદર કુરેશી | 46 |
| 8. | ગ્રંથ-સમીક્ષા | ડૉ. પરેશ ચૌહાણ | 51 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

પ્રકાશક : **ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

સંપાદન :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

લેખ મોકલવાનું માટેનું સરનામું :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in

પરામર્શન :
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**

વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦


---

**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ-સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન-પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.


## ગુજરાત સામાજિક સેવામંડળ
## કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી થોમસભાઈ પરમાર | પ્રમુખ |
| ૨. | શ્રી હેમંતકુમાર શાહ | મંત્રી |
| ૩. | શ્રી ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| ૪. | શ્રી રમેશભાઈ બી. શાહ | સભ્ય |
| ૫. | શ્રી વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| ૬. | શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ | સભ્ય |
| ૭. | શ્રી ધવલભાઈ મહેતા | સભ્ય |
| ૮. | શ્રી અરુણભાઈ વાઘેલા | સભ્ય |
| ૯. | શ્રી અલ્પેશભાઈ પ્રજાપતિ | સભ્ય |


---

**ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપિલ**

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળનાં આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપિલ છે.

**નોંધ :** આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.

મંડળની આજીવન સભ્ય ફી : રૂ. ૧૦૦૦/-

હું મારા ઘરને બધી બાજુથી દીવાલો વડે ઘેરી લેવા માગતો નથી, તેમ સારી બારીઓને બંધ કરી દેવા ઇચ્છતો નથી. હું તો ઇચ્છું છું કે તમામ દેશોની સંસ્કૃતિઓની હવા મારા ઘરની આજુબાજુ બને તેટલી છૂટથી ફૂંકાતી રહે. પરંતુ કોઈ પણ સંસ્કૃતિ મને મારી સંસ્કૃતિના પાયામાંથી ઉખાડી નાખે એ મને મંજૂર નથી. હું બીજા લોકોના ઘરમાં એક ઘુસણિયા તરીકે, ભિખારી તરીકે કે ગુલામ તરીકે રહેવા માગતો નથી.

**-ગાંધીજી**

---


**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

– ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## નોકરી માટે રઝળપાટ કરતા યુવાનો

ભારત સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે તેવું આપણે ગૌરવ લઈએ છીએ. પણ હવે દુઃખ સાથે એમ પણ કહેવું પડે તેમ છે કે આ યુવાનોમાં સૌથી વધુ બેરોજગાર છે. 2015માં ILOએ જાહેર કરેલા અહેવાલ મુજબ વર્ષ 2020 સુધીમાં ભારતમાં 21 કરોડ યુવાનો બેરોજગાર હશે. તો યુનાઇટેડ નેશન્સની આગાહી પ્રમાણે ભારતે ઈ.સ. 2050 સુધીમાં કુલ 280 મિલિયન નોકરીઓનું સર્જન કરવું પડશે જે અત્યારના સંજોગો જોતા સંભવ લાગતું નથી. શું કોઈ નેતાને એ વાતની ચિંતા છે કે દેશની આટલી મોટી યુવાશક્તિ હતાશા અને દુઃખમાં જીવે છે. એક સમયે ભારત પંજાબ-આસામમાં યુવાનોના હિંસક આંદોલનનો સામનો કરી ચૂક્યું છે. ભવિષ્યમાં આ 21 કરોડ યુવાનો હથિયાર હાથમાં લેશે તો શું આપણા શાસકો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને આપણા જેવા મધ્યમવર્ગના લોકો સલામત અને શાંતિથી જીવી શકશે ?

નોકરી માટે વિવિધ જાહેરાત માટેનાં ફૉર્મ—ફી ભરવા લાગતી લાંબી લાઈનોમાં લાંબો સમય ઊભા રહીને તેમજ પરીક્ષાના સાહિત્યનો ખર્ચ તેમજ દૂરના કેન્દ્ર પર ખર્ચા કરી પહોંચતા યુવાનો નોકરી માટે હવાતિયાં મારતા જણાય છે. તેમાંય હમણાં લોકરક્ષકની ભરતી પરીક્ષા આપવા બેઠેલા 9 લાખ યુવાનોને તંત્રની બેદરકારીથી ખૂબ મોટો આઘાત લાગ્યો. માત્ર 9000 જગ્યા માટે 9 લાખ લોકોએ અરજી કરી હતી જેમાં સ્નાતક-અનુસ્તાનક યુવાનો પણ હતા. તે જ રીતે અગાઉના વર્ષમાં U.P.માં 368 પટાવાળાની જગ્યા માટે 23 લાખ અરજી આવી હતી. પટાવાળા માટેની લાયકાત પાંચ ધોરણ પાસ છે. છતાં તેમાં સ્નાતક, અનુસ્નાતક, Ph.D. MBA, M.Tec.ના વિદ્યાર્થીઓએ અરજી કરી હતી જે ભારતમાં બેકારીની ચરમસીમા બતાવે છે.

બેકારીનો ગહન અને ગંભીર અર્થ તો યુવા સંતાન ધરાવતાં કુટુંબોમાં થતો હોય છે. કારણ કે જ્યારે સંતાનો ભરયુવાનીમાં ભણીગણી લે છે પછી તેમને બજારમાં વસ્તુ લેવા મોકલતી વખતે થેલી સાથે માતા-પિતાએ પૈસા પણ આપવા પડે છે. જે મા-બાપ માટે ખૂબ આઘાતજનક વાત છે. જેની કરોડોમાં આળોટતા રાજકીય પક્ષોનાં નેતાઓને ખબર હોતી નથી.

દેશમાં લાખો ખેડૂતો-મજૂરો, નાના કર્મચારીઓ ભૂખ્યા રહીને બાળકોને ડિગ્રી અપાવે છે. પણ બદલો કેવો મળ્યો ? પટાવાળા કે લોકરક્ષકની નોકરી પણ નથી મળતી. આ કેવાં પ્રગતિ-વિકાસ કહેવાય? એક બાજુ દાવો કરીએ છીએ કે ભારતનું અર્થતંત્ર સૌથી વધુ ઝડપી વિકસતું અર્થતંત્ર છે. બીજી બાજુ બેરોજગાર યુવાનોની અમર્યાદિત સંખ્યા વધતી જાય છે.

બેકારી વધવા પાછળ અને ગંભીર સમસ્યા બનવા માટે વિવિધ પરિબળો જવાબદાર છે. જેમ કે આપણી શિક્ષણવ્યવસ્થા જ એવી છે કે જેમાં પૈસા કેમ કમાવવા એવો એક પણ પાઠ આવતો નથી. કૉલેજોમાં આવ્યા પછી પણ વિદ્યાર્થીઓને ખબર જ નથી પડતી કે જોબ ફિટનેસ એટલે શું? બીજું આપણા અભ્યાસક્રમો આઉટડેટ છે જેને માર્કેટ કે જોબ સાથે કોઈ સંબંધ નથી. આપણા અભ્યાસક્રમોમાં એટલી વ્યર્થ મેદસ્વિતા-સ્થૂળતા છે કે જે જ્ઞાન કદી કામમાં આવવાનું જ નથી. એનાં સંખ્યાબંધ પાનાંઓ વિદ્યાર્થીએ ભણવાં પડે છે. વિદ્યાર્થીઓની વિચારો-ખ્યાલોની દુનિયામાં બાહ્ય જગતની જાણકારી ન હોવાથી ડિગ્રી લઈને યુનિવર્સિટી બહાર પગ મૂકે છે ત્યારે જ ખબર પડે છે કે જોબ માર્કેટમાં કે માર્કેટમાં જગ્યા મેળવવા નવેસરથી શીખવું પડે તેમ છે.

નોકરી નહીં મળવા માટે વિદ્યાર્થીઓની નિર્યોગ્યતા ખૂબ જવાબદાર છે. નોકરી-યોગ્યતાનું એક સર્વેક્ષણ જણાવે છે કે ગુજરાતમાં 62 ટકા વિદ્યાર્થી નોકરી મેળવવા માટે યોગ્ય નથી. U.P.માં 49 ટકા અને હરિયાણામાં 33 ટકા નોકરી માટે યોગ્ય ન હોવાનું

જણાવાયું. તો AICTEના કેન્દ્રીય અહેવાલ મુજબ દેશની ટેક્નિકલ કૉલેજોમાંથી દર વરસે 9 લાખ એન્જિનિયર બહાર આવી રહ્યા છે. તેમાંથી 60 થી 70 ટકાને નોકરી મળતી નથી. આમ, 30 ટકા જ નોકરી માટે યોગ્ય જણાય છે.

નોકરી નહીં મળવા પાછળ વિદ્યાર્થી પણ જવાબદાર છે. કારણ કે દાદા આદમના જમાનાથી આળસ હતી અને તેમાં વળી દિલધડક-મનોરંજક મોબાઈલ હાથમાં આવી ગયો. જે સમયે લાઈબ્રેરી અને વર્ગખંડમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી સજ્જ થવાનું હોય ત્યારે મોબાઈલ બધો જ સમય ગળી જાય છે. નોકરી નથી મળતી એવી બૂમો પાડતા યુવાનો પાસેથી એન્ડ્રોઈડ ફોન આંચકી લઈને દશ કલાક લાઈબ્રેરીમાં બેસાડવામાં આવે તો કંઈ ફેર પડે ? એ આત્મદર્શનનો વિષય છે.

બીજું, અત્યારે દરેક જૉબમાં જીવસટોસટની સ્પર્ધા છે. કારણ સ્પષ્ટ છે કે જે કંપની, સંસ્થા કે સરકાર રોજગારી આપે છે તે બહુ મોટા સમૂહમાંથી પસંદગી કરે છે જેને કારણે મેરિટ બહુ જ ઊંચું જાય છે. નોકરી બાબતમાં સદ્ભાગ્ય, સહજતા કે સરળતા જેવું રહ્યું નથી. ભારતના રોજગારક્ષેત્રમાં હવે સર્વાઈવલ ઑફ ફિટેસ્ટ સિદ્ધાંત લાગુ પડે છે. બીજા અર્થમાં કહીએ તો તેજસ્વિતા અને ઉચ્ચ ટકાવારી હોવા છતાં જો ઉમેદવાર જૉબ ફિટનેસ નહીં ધરાવતો હોય તો નોકરી મળશે નહીં. માટે યુવાનોએ હવે જૉબ ફિટનેશ ઓરિએન્ટેડ થવું પડશે.

નોકરી નહીં મળવા પાછળ વાલીઓ પણ જવાબદાર છે. દેશમાં વાલીઓનું ધ્યાન વિદ્યાર્થીઓને ભણાવવા તરફ એટલું બધું એટલે કે વધારે પડતું છે કે તેઓ જાણતા જ નથી કે તેમનાં સંતાનો કોઈ પણ કુનેહ, કૌશલ, કારીગરી-કસવા શીખ્યા વિના માત્ર ડિગ્રી લઈને જૉબ માર્કેટમાં ઊભા રહેશે તો તેને કોઈ રોજગાર આપનાર નહીં હોય. કારણ કે સરકારી નોકરીઓ નહીંવત છે. જે છે તે મેળવવી અઘરી છે. માટે વાલીઓએ તેમના પાલ્યો કોઈ ને કોઈ કૌશલ પ્રાપ્ત કરે તેનું ધ્યાન રાખવું પડશે અને છેલ્લે બેરોજગારી માટે સરકાર અને રાજકીય પક્ષો પણ જવાબદાર છે. જેમ કે આર્થિક ઉદારીકરણ પછીનાં વર્ષોમાં ભારતે અર્થતંત્રમાં વિકાસની છલાંગ તો ભરી છે પરંતુ એનો રોજગારી સાથેનો સંબંધ વિપરીત રહ્યો છે. યુનાઈટેડ નેશન્સની આગાહી પ્રમાણે ભારત તબક્કાવાર રોજગારશૂન્ય વિકાસ તરફ આગળ વધી રહેલ દેશ છે.

સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયા નોકરી ઊભા કરવા માટેના સૌથી મોટા કાર્યક્રમ માનવામાં આવે છે. પરંતુ તેમાં જોઈએ તેટલી સફળતા મળી નથી. તો રાજકીય પક્ષો દરેક ચૂંટણી પહેલા આ યુવાનોને મહિનો બે મહિના રોજગાર આપી તેમની પાસે પ્રચાર કરાવી લે છે. બાકી પાંચ વર્ષ નોકરીના વાયદા કરી વ્યવસ્થિત રીતે છેતરપિંડી થાય છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓમાં રહેલાં છિદ્રો (પૉલિસી ગૅપ્સ)ને કારણે કરોડો બેરોજગારીની સમસ્યા અણઉકલી પડી છે. તમામ રાજકીય પક્ષ અને નેતાઓને પોતાનાં હિત સિવાય કોઈ ચિંતા નથી. શાસકો નિશ્ચિત છે. તેમને અઢળક પગાર-ભથ્થાં-મબલખ સવલતો જોઈએ છે. સાત પેઢી સુધી ચાલે તેટલું ભેગું કરવું છે. જેથી રૂંવાડાં ઊભાં થઈ જાય તેવી સમસ્યા છે. છતાં નીંભર છે. એક કલ્પના કરો કે તમારા ઘરમાં ડિગ્રીધારક બેરોજગાર યુવાન હોય તો શું થાય ? તેનો સ્વભાવ કેવો બનશે ? તે બોજ હશે પરિવાર પર, સમાજ પર. એટલું જ નહિ, આવા યુવાનો તણાવગ્રસ્ત બને છે જે આત્મહત્યા કરવા પ્રેરાય છે. આજે આત્મહત્યા કરનારામાં 48 ટકા તો યુવાનો છે. જેમાં 18 થી 30ની વય ધરાવનારા વધુ છે. યુવાનોની હતાશાનું આથી વધુ પ્રમાણ બીજું શું હોઈ શકે ? કેવી શરમની વાત કહેવાય ? સમય જાય છે તેમ પ્રશ્ન વિકરાળ થતો જાય છે. આવનારાં વરસોમાં સરકાર જો આના પ્રત્યે ધ્યાન નહિ આપે તો વાજતેગાજતે કરેલી વિકાસવાર્તાનાં કરુણ પરિણામો ભારતનાં કરોડો પરિવારોને ભોગવવાનાં આવશે. નવા વર્ષની સૌને શુભકામના. Happy New Year .

# સમાજમાનવશાસ્ત્રમાં સગાઈ-વ્યવસ્થાના અભ્યાસની પદ્ધતિ

– ડૉ. અરવિંદ ભટ્ટ*

**1. પ્રસ્તાવના :**

સમાજમાનવશાસ્ત્ર એ માનવશાસ્ત્રની સાંસ્કૃતિક માનવશાસ્ત્રમાંથી વિકસેલી એક શાખા છે, જે મહદ્ અંશે માનવીના સામાજિક જીવનના તાણાવાણાના સંબંધોના ગુંફનને સમજવા પર ભાર મૂકે છે. જે માટે તે મુખ્યત્વે પ્રત્યક્ષ ક્ષેત્રકાર્યની સંશોધનની પદ્ધતિને પાયાની અભ્યાસ-પદ્ધતિ તરીકે અપનાવી સામાજિક સંબંધો ઊંડાણથી સમજવા માટે સમુદાય સાથે રહીને, તેમના જીવનમાં સહભાગી બનીને - સહભાગી અવલોકન કરીને બીજી જરૂરી ટેક્નિક્સ વગેરેનો ઉપયોગ સંશોધન માટે કરે છે.

સામાન્યતઃ સામાજિક વિજ્ઞાનોમાં ભૌતિક વિજ્ઞાનોની જેમ સ્થાયી નિયમો કે સિદ્ધાંતો તારવવા મુશ્કેલ છે. સમાજમાનવશાસ્ત્ર મુખ્યત્ત્વે સામાજિક ઘટનાઓ (Social Phenomenon)નો અભ્યાસ કરે છે. તેમાં વર્તનોનું વારંવાર પુનરાવર્તન દેખાય છે. જેના આધારે કેટલાક નિયમો બાંધવાની અનુકૂળતા પેદા થઈ છે. અમેરિકન માનવશાસ્ત્રી પી. જી. મર્ડોકે (1959) સગાઈ-સંબંધોના કેટલાક પ્રમેયો અને સિદ્ધાંતો (Theorems and Theories) તારવવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે આ વિજ્ઞાનમાં પૂર્વ અનુમાનો કરવાનું તથા નિયમો તારવવાનું આજે સરળ બન્યું છે અને સામાજિક વર્તનો વિશે સિદ્ધાંતો તારવવાની શક્યતાઓ વધતી જાય છે.

માનવસમાજના વિવિધ આંતરસંબંધોના તાણાવાણાના ગુંફનને સમજવા માટે સગાઈ-સંબંધોના અભ્યાસની એક અગત્યની ચાવી છે. સગાઈ-વ્યવસ્થાનો અભ્યાસ સૌથી અઘરો, અભ્યાસનો વિશેષ ગણાય છે. સમાજ-વ્યવસ્થાનું સૌથી મહત્ત્વનું પાસું સગાઈ-વ્યવસ્થા છે. આ દ્વારા વિષયના ઊંડાણમાં જઈને તેના આધારે સિદ્ધાંતો તારવી શકાય છે. સમાજની પ્રાથમિક સંસ્થાનો અભ્યાસ શક્ય બને છે. આ વિજ્ઞાનના મોટાભાગના અભ્યાસો માટે લઘુ તથા આદિમ સમુદાયના અભ્યાસોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. જેમાં સગાઈ-વ્યવસ્થાના અભ્યાસને હાર્દરૂપ માનવામાં આવતા. સગાઈ વ્યવસ્થામાં વંશાવળી દ્વારા કુટુંબનો વંશીય ઐતિહાસિક ચાર્ટ પ્રાપ્ત થાય છે. પરંતુ સમાજના અભ્યાસમાં જૈવીય સંબંધોનું મૂલ્ય વધુ ઉપયોગી છે. લોકોની વચ્ચે બંધાયેલા સામાજિક સંબંધોનું મહત્ત્વ ઘણું વધારે છે. સગાઈ-સંબંધો એ માનવીય વ્યવહારનો નકશો છે જેમાં લોહીના, વંશના, લગ્નના, દત્તક પ્રથા ઉપરાંત અન્ય સામાજિક સંબંધોનાં સ્વરૂપ અને તેની કાર્યવ્યવસ્થા તથા આંતરસંબંધો, પ્રણાલીઓ તથા તેમાંની ભૂમિકાઓ, દરજ્જાઓ અને તેમાં વિકસતી ક્રિયાઓને સમજવાનાં છે. સમુદાયમાં વ્યક્તિ અમુક પ્રકારનું વર્તન શા માટે કરે છે, તેનો આદર્શ વ્યવહાર અને વાસ્તવિક વ્યવહારમાં શો ફરક પડે છે એ તે શાને માટે છે, તે સગાઈ-સંબંધોના અભ્યાસથી સારી રીતે સમજી શકાય છે, તથા તેના પૃથક્કરણને આધારે તે સમાજના ભાગ તરીકે વ્યક્તિ શું શું કરે છે તે સ્પષ્ટ થાય છે, તથા સગાંઓ સાથે નિકટના, દૂરના, ઢીલા કે મજબૂત પ્રકારના સંબંધો, વ્યક્તિનો સમાજમાં દરજ્જો, ભૂમિકાઓ પર તેની શી શી અસર થાય છે અને ધાર્મિક, રાજકીય, આર્થિક સંસ્થાઓની પારસ્પરિક અસરો અને તેની સંરચનાને સમજવાનો તથા સગાઈ-સંબંધોનાં કાર્યાત્મક મૂલ્યોને સમજવામાં આ પ્રકારના અભ્યાસો બહુ ઉપયોગી બને છે. આમ સમાજ-માનવશાસ્ત્રમાં સગાઈ-વ્યવસ્થાના અભ્યાસો એક કરોડરજ્જુ સમાન દેખાય છે.

સગાઈ-સંબંધોના અભ્યાસનું મહત્ત્વ સમજવા માટે ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓની સમાજ-વ્યવસ્થાનું એક ઉદાહરણ ખૂબ સૂચક છે. સમાજની કોઈ બે વ્યક્તિઓ પરસ્પર મળે ત્યારે તેઓ એકબીજાને અભિવાદન કરે તે પહેલાં એકબીજા વચ્ચેના કયા પ્રકારનો સામાજિક સંબંધ છે તે સ્પષ્ટ ન થાય તો તેઓ એકબીજાને આવકારતા નથી. એટલું જ નહીં પણ તે પોતાના સમાજ કે

* નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦૦૧૪

સમુદાયનો નથી એટલે દુશ્મન છે અને તેને મારી નાખવો જોઈએ એવી સમજ પહેલાં ધરાવતા હતા. આ સ્પષ્ટ કરે છે કે તે સમુદાયમાં સગાઈ-સંબંધોનું કેટલું મૂલ્ય છે. સામાન્ય રીતે તે બધા મોટે ભાગે નાના નાના સમુદાયો છે તેથી તેમનામાં - એક કુળ, એક વંશ, એક સમુદાય, એક પ્રદેશ, એક જાતિજૂથ વગેરેની ભાવના ભારે તીવ્ર સ્વરૂપે જોવા મળે છે. વન્ય સંસ્કૃતિને કારણે એકત્વની ભાવનાનું આંતરિક મૂલ્ય ઘણું જોવા મળે છે. તેથી સમાજ-માનવશાસ્ત્રના અભ્યાસમાં સામાજિક સંબંધોના આંતર સંબંધોના ગુંફનને સમજવા પર ભાર મૂકવામાં આવે છે. જેના પાયારૂપે સગાઈ-સંબંધ અને એકત્વપણાની ભાવનાનું તીવ્ર સ્વરૂપ કેવું છે તે જોવા મળે છે. દરેક સમુદાયમાં વ્યક્તિનું માન્ય કે આદર્શ આચરણ કે અપેક્ષિત વર્તનપ્રણાલી અને વાસ્તવિક આચરણ વચ્ચે શો, કેટલો ફેર છે, આ શાથી છે તેની સમજ મળે છે. વ્યક્તિની ભૂમિકા સમયે સમયે, વિવિધ વ્યક્તિઓ સાથે શા માટે બદલાય છે, તથા સમયે સમયે થતા રચનાતંત્રીય ફેરફારો, પ્રણાલીઓ કેવી વિકસે છે તેની સમજ મળે છે તથા વર્તનપ્રણાલીના અભ્યાસની એક ખાસ ગૂઢ શાખા પણ વિકસી છે જે દ્વારા માનવ-વ્યવહારો, નિષેધો, તેના નિયમો અને પ્રણાલીઓના સ્વરૂપને સમજવામાં ઘણું ઉપયોગી બને છે. આ પ્રકારના અભ્યાસથી સમુદાયના પ્રાથમિક આંતર સંબંધોની જાળનો અન્ય વર્તનપ્રણાલીઓ સાથે તુલનાત્મક ખ્યાલ આવે છે. તેનાથી સંબંધોમાં ઊંડાણમાં વર્તનગાંઠનું દૂરત્વ, નજીકપણું, મજબૂતાઈ કે ઢીલાપણું વગેરે શાથી છે તેની સમજ મળે છે, અને તે દ્વારા માનવવર્તનપ્રણાલી અંગેના પ્રાથમિક નિયમો તથા સિદ્ધાંતો તારવવામાં મદદ મળે છે. આમ સગાઈ-વ્યવસ્થા એ વ્યક્તિની સમાજમાં રહેલી ભૂમિકા, હક્કો, દરજ્જાઓ, કર્તવ્યો, ફરજોના વ્યવહારની સ્પષ્ટતા કરે છે જે સમાજના આંતર-વ્યવહારની જટિલતા-જાળને સ્પષ્ટ કરવામાં ઉપયોગી બને છે. અંગ્રેજીમાં 'kinship' શબ્દ સાથે 'સગપણ' સંબંધ દર્શાવે છે. પરંતુ બીજો શબ્દ "consanguinity" શબ્દ પણ વપરાય છે. જે જૈવિક સંબંધનો સૂચક શબ્દ છે. વાસ્તવમાં 'kinship' શબ્દ આપણે ખાસ કરીને સામાજિક સંબંધોને દર્શાવવા માટે વાપરીએ છીએ. એક વ્યક્તિ બાળકનો જૈવિક પિતા છે પણ સામાજિક પિતા ન પણ હોય. તેથી ઊલટું એક વ્યક્તિ બાળકનો જૈવિક પિતા ન હોય પણ સામાજિક પિતા હોય. દા.ત. 'દત્તક' પ્રથામાં જૈવિક પિતાને બદલે સામાજિક પિતાપણું સવિશેષ મહત્ત્વનું છે. આમ 'પિતા' શબ્દ જૈવિક અને સામાજિક બંને સંબંધના સ્વરૂપે વાપરીએ છીએ.

આથી પણ આગળ પિતાની ઉંમરના ગામના કે દૂરના સગપણમાં હોય તોપણ 'બાપા', 'બાબા' વગેરે શબ્દપ્રયોગો થાય છે. અહીં તો કેવળ સામાજિક રૂઢિના સંબંધમાં આદરભાવ માટે વપરાતા 'પિતા, બાપા, ભાભા' શબ્દો ગુજરાતીમાં વપરાતા જોવા મળે છે. આમ સામાજિક પિતૃત્વ લગ્ન તથા પિતૃતુલ્ય વ્યક્તિઓ પરત્વે રૂઢિગત આદર દર્શાવવા માટે તે વપરાતા હોય તેમ પણ બને છે. વળી 'દત્તક' જેવા 'સામાજિક' રિવાજ કે પ્રથાથી નિઃસંતાન સ્થિતિમાં બાળક કે સંતાન પ્રાપ્ત થાય છે. આમ જૈવિક કે લોહીના સંબંધ ઉપરાંત સમાજમાં લગ્ન જેવી સામાજિક પ્રણાલીને આધારે પિતૃત્વ સંબંધ દેખાય છે.

માનવશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સ્થાપિત કરવામાં સગાઈ-સંબંધોના અભ્યાસનો ઘણો મોટો ફાળો રહ્યો છે. સૌ પ્રથમ અમેરિકન માનવશાસ્ત્રી હેનરી મોર્ગનના મતે 1878માં ઉત્તર અમેરિકાની ઇરોક્યુઅસ જાતિમાં સગાઈ-સંબંધોની શરૂઆત થઈ. તેણે સગાઈ-સંબંધોની પરિભાષા આપી અને તેને વર્ગીકૃત કરવાનો પ્રયત્ન સૌ પ્રથમ કર્યો હતો. આ પછી બ્રિટિશ માનવશાસ્ત્રી ડબ્લ્યુ. એચ. રિવર્સે ભારતના નીલગિરિ વિસ્તારની 'ટોડા પશુપાલક જાતિ'નો 1904માં અભ્યાસ કર્યો જેમાં આદિમ સમુદાયના સગાઈ-સંબંધો વિશે ઘણો વ્યવસ્થિત અભ્યાસ થયો હતો જે આજે પણ પ્રશંસનીય અભ્યાસોમાં ગણનાપાત્ર છે. આ પછી અમેરિકન માનવશાસ્ત્રી એલ. એ. ક્રોબર (1932) અને આર. એચ. લૉવી (1934) દ્વારા અમેરિકામાંના સમુદાયોના અભ્યાસો થયા તે અન્વયે સગાઈ-સંબંધો અને માનવશાસ્ત્રને એક મહત્ત્વના વિજ્ઞાન તરીકે ખ્યાતિ

આપનાર બ્રિટિશ માનવશાસ્ત્રી બ્રાનીસ્લાવ મેલિનોવેસ્કી (1927) અને રેડકિલફે બ્રાઉન (1941) એ બંનેએ કેવળ સગપણ પરિભાષા દર્શાવવા ઉપરાંત માનવવર્તનો કે ક્રિયાઓને સમજવા પર ભાર મૂક્યો, અને માનવશાસ્ત્રને એક નવો વળાંક આપી માનવસંબંધોના તાણાવાણાને કે તેની જાળને સમજવા પર ભાર મૂક્યો.

**2. સગપણ-વ્યવસ્થા :**

વ્યક્તિ સમાજનું એક અતિઆવશ્યક અંગ છે. સમાજ તેને સામાજિકીકરણ દ્વારા પોતાનું અંગ બનાવે છે. સમાજમાં આ માટે સામાજિક સંબંધોની જાળ રચાય છે અને પેઢી દર પેઢી પોતાના સમાજના સભ્યોનું ઘડતર કરે છે જે દ્વારા સમાજનું પોષણ અને સાતત્ય થયા કરે છે. વ્યક્તિ જન્મથી મરણ સુધી આ રચનાતંત્રમાં સંસ્કૃતિનો ચાલક બને છે, તેનું પ્રતિનિધિત્વ કરનાર એક અંગ બની રહે છે. વ્યક્તિ પોતે જે કાંઈ છે તે તેનાં સગાં-સંબંધીઓ કે સમાજને આધારે છે. વ્યક્તિનું જીવન—સંસ્કૃતિ સમાજનો ભાગ છે અને તેથી સમાજની અપેક્ષાઓ, વિધિઓ, માન્યતાઓ અનુસાર તેનું જીવન ઘડાય છે. બ્રિટિશ માનવશાસ્ત્રની ઇ. ઇ. ઈવાન્સ પ્રિચાર્ડ (1741) પોતાના ન્યુઅર જાતિના અભ્યાસને આધારે દર્શાવે છે કે ન્યુઅર જાતિની કોઈ પણ વ્યક્તિ અભ્યાસ કરવા માંગતી હોય તો તેણે તે જાતિ જે ઇચ્છે તેમ કરવું જોઈએ ન્યુઅર જાતિને પોતાના સ્વજન માનવાં જોઈએ જેથી બધા ન્યુઅર પણ તેને પોતાનો સ્વજન સમજે. તે જાતિનો તે સભ્ય ગણાય છે, વિરોધી કે દુશ્મન નહીં. અને પોતાની જાતિનાને મદદ કરવી તે ન્યુઅર સમાજનો ધર્મ ગણાય છે. આ જાતિમાં અધિકાર અને આભાર સગાઈ દ્વારા નિર્ધારિત થાય છે. આમ આદિમ સમુદાયોમાં સમાજનું અવલંબન સગાઈ-સંબંધો દ્વારા રચાય છે. તે તેનું સર્વસ્વ છે. સગાં-સંબંધી સાજા-માંદા રહે કે આફત મુશ્કેલી વખતે રક્ષણ કરીને તેને સહકાર આપે છે, પડખે ઊભાં રહે છે. સગાં-સંબંધીઓ જ તેનું સર્વસ્વ છે. જ્યારે શહેરી અને ઔદ્યોગિક સમુદાયોમાં નવા પ્રકારની સંસ્થાઓના વિકાસને કારણે શિક્ષણસંસ્થાઓ, દવાખાનાંની સગવડો, પેન્શન, ઘરડાંઘર, કલ્યાણ યોજનાઓ, કાયદાઓ જેવી વ્યવસ્થાઓને કારણે સગાંઓ પરનું આધારિતપણું ઘટી ગયું છે. પરિણામે ત્યાં સગપણ-વ્યવસ્થાનું અગત્ય ઓછું દેખાય છે પરંતુ ગ્રામ્ય વ્યવસ્થામાં આ અવલંબન શહેરો કરતાં વધુ દેખાય છે. આમ ગ્રામ્ય અને વધુ તો આદિવાસી સમુદાયોમાં આવી સંસ્થાઓનો સ્વતંત્ર વિકાસ થયો નથી તેથી ત્યાં સામાજિક સંબંધો પરનું આધારિતપણું વધારે છે જે તેમના અસ્તિત્વને ટકાવી રાખે છે. જેમ જેમ સમાજ વિકસિત થતો જાય છે તેમ તેમ વ્યક્તિનું સમાજ પરનું આધારિતપણું અન્ય સંસ્થાઓના વિકાસને કારણે ઘટતું જાય છે.

**3. સગપણ-વ્યવસ્થાનાં તત્ત્વો :**

**3.1. લોહીનો સંબંધ :** વ્યક્તિ સમાજમાં ઘણા બધા સામાજિક સંબંધોથી સંકળાયેલો હોય છે જેને 'સગું' (Relative) તરીકે ઓળખવામાં આવે છે અર્થાત્ સગપણ સંબંધો તરીકે ઓળખવામાં આવે છે. જે મુખ્યત્વે બે પ્રકારના દર્શાવવામાં આવે છે. (1) જન્મ અથવા લોહી (Birth or Blood)નો સંબંધ છે. અંગ્રેજીમાં લોહી કે રક્તસંબંધ માટે 'Cognates relation' શબ્દપ્રયોગ થાય છે. રક્તજૂથ-સમૂહ માટે 'Sibling' શબ્દ વપરાય છે. સગપણ-સંબંધની કોઈ પાયાની ઈંટ હોય તો તે પ્રાથમિક કુટુંબ કે બીજક કુટુંબ છે. જેમાં માં-બાપ અને તેમનાં સંતાનોનો સમાવેશ થાય છે. માનવશાસ્ત્રીઓ તેને 'Consanguineous'-એક કુટુંબ કે લોહીનું સપિંડ સંબંધ તરીકે ઓળખાવે છે. વળી તે એક વંશીય અને સગોત્રીય સંબંધો સુધી વિસ્તરે છે. તેમની વચ્ચે પરસ્પર ભાઈચારો, સહકાર, આફતમાં મદદ કરવાની ભાવના વિકસે છે. વ્યક્તિના સામાજિક ઘડતરમાં તેનો બહુ મૂલ્યવાન ફાળો છે. દરરોજના વ્યવહારોમાં તેઓ પરસ્પર આંતરક્રિયાઓ વડે સંબંધમાં આવે છે. તેમના સંબંધોનો વિસ્તાર 4 થી 5 કે 25 કુટુંબોથી માંડીને વંશીય (Lineage) અને ગોત્ર (clan)નાં સગાંઓ સુધી વિસ્તરેલો છે. 'વંશ' કુટુંબનું વિસ્તૃત સ્વરૂપ છે. તે એક લોહી પર આધારિત એક શાખીય સમૂહ છે. જેના સભ્યો એક સામાન્ય પૂર્વજ સાથે જોડાયેલા હોય છે. 'વંશ' એ એક સૂક્ષ્મ તથા વિશિષ્ટ વંશવૃક્ષ સાથે જોડાયેલ હોય છે. તે પિતૃવંશીય

કે માતૃવંશીય હોય છે અને બહિર્વિવાહી (exogamous) એકમ છે.

એક જ વંશના સભ્યો 'ભાઈ' જેવા સંબંધ રાખે છે. જે કેટલીયે પેઢીઓ સુધી જળવાઈ રહે છે. ખેતીવાડી, સામાજિક-આર્થિક કાર્યોમાં એકબીજાને પડખે ઊભા રહે છે. તેઓ સામાજિક રિવાજો-જન્મ, લગ્ન, મરણ, વાર-તહેવાર પ્રસંગે સાથ-સહકાર આપે છે અને વંશીય સંગઠન જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. દેવીદેવતા, કુળદેવતા, પિતૃપૂજા વગેરેમાં પરસ્પર જોડાય છે.

ગોત્ર એ વંશીય મોટો સામાજિક સમૂહ છે. એક ગોત્રનાં સગાં લોહીનાં સગાં ગણાય છે. તેઓ બહિર્વિવાહી હોય છે. ગોત્ર-ભાઈઓ વચ્ચે પણ વંશીય ભાઈઓ જેવો આર્થિક-સામાજિક સહકાર હોય છે. જોકે આજે ગોત્રનાં કાર્યો પણ ઘણાં મર્યાદિત થઈ ગયાં છે પરંતુ ગોત્રભાંડુમાં એકતા જળવાતી જોવા મળે છે. સગપણ-સંબંધોનું પ્રથમ વર્તુળ પતિ-પત્ની, મા-બાપ, અપરિણીત ભાઈ-બહેન અને અપરિણીત સંતાનોનું બને છે. બીજું વર્તુળ પિતાના પિતા (FF, MB), માતાના ભાઈ, સાવકી મા, બહેનનો પતિ (ZH, BS, WF) વગેરેનું બને છે. તે રીતે ત્રીજા વર્તુળમાં ત્રણ પેઢીનાં લોહીનાં સગાં-MBS, FZH વગેરે. આમ એક પછી એક ચોથું, પાંચમું વર્તુળ દર્શાવી શકાય છે. સામાન્યતઃ આ સંબંધ-વર્તુળોમાં મુખ્ય બે વર્તુળો મુખ્ય છે : (1) રક્ત-સગપણ સંબંધોવાળા, (2) લગ્નને પરિણામે ઉદ્‌ભવતા સંબંધો. આમ વ્યક્તિના જન્મથી પેદા થતા તથા લગ્નને કારણે પેદા થતા સંબંધો મુખ્ય ગણાય છે.

**3.2 લગ્ન-સંબંધો :** માનવજીવનમાં લોહીના સંબંધોની જેમ લગ્નસંબંધો અથવા સ્ત્રીપક્ષનાં સગાંઓ સાથેના સંબંધોનું સ્વરૂપ પણ વિકસે છે જેનું ભારતીય સમાજમાં ઘણું મહત્ત્વ જોવા મળે છે. આથી Ego અંતર્ગત (જેના થકી સગાઈ દર્શાવવામાં આવે તે વ્યક્તિ) માતૃપક્ષ, પત્નીપક્ષ અને સંતાનોના સાસરીપક્ષ-વેવાઈ પક્ષનો - આ સંબંધોમાં સમાવેશ થાય છે. મામા-ભાણેજ, જમાઈ-સસરા, ભાઈ-બનેવી વગેરે સંબંધોને વાર-તહેવાર, સામાજિક, મરણ, રિવાજો, મુશ્કેલી વગેરેમાં તેઓ પરસ્પર આંગણે આવીને પ્રસંગ દીપાવે, મદદ કરે જેને 'સગુંવહાલું' તરીકે ઓળખવામાં આવે છે. માનવશાસ્ત્રીઓ આ સંબંધોને Afinal સંબંધો તરીકે ઓળખે છે. આમ Egoનો મોસાળપક્ષ કે માતાનું પીયર; Egoનો સાસરીપક્ષ કે પત્નીનો પિયરપક્ષ; અને વેવાઈપક્ષ કે સંતાનોનાં સાસરિયાં એમ ત્રણે પેઢીનાં સગાં રક્ત સંબંધોની જેમ પરસ્પર સુખ-દુઃખ પોતાનાં ગણીને દીકરી પક્ષવાળા સામેથી સહકાર સાધે છે. વિધવા બહેન, વિધવા દીકરી, ભાણેજની પૂરી સંભાળ રાખે; મામેરું, ઘીયારું, વાર-તહેવારોએ ભેટ-સોગાદોથી, બહેન-દીકરીનાં સંતાનોમાં લગ્નમાં આગેવાની લે, કપડાં, વાસણ, રાચરચીલું, જરૂર પડે અનાજ, ઘરેણાં વધુ આપે. ધંધા-વેપારમાં નબળાઈ હોય તો બાપ દીકરી-જમાઈને, ભાઈ બહેન-બનેવીને કે તેનાં છોકરાંને આર્થિક રીતે ગોઠવવા સ્થળાંતર કરાવે, મદદ કરે, સાથે રાખે છે. આમ પોતાના કુટુંબ જેટલી જ કાળજીરૂપે લગ્ન સંબંધે સગાંમાં દીકરી આપેલી હોય ત્યાં સગાઈ-સંબંધે ઓછપ આવવા દેવાતી નથી.

લગ્ન-સંબંધનો હેતુ યોન-સંબંધ અને સંતાનપ્રાપ્તિ માટે મહત્ત્વનો છે. જે માન્ય એવા સામાજિક સંબંધો દ્વારા જ વિકસે છે. લગ્ન બહારના યોન-સંબંધો અને તેથી થતી પ્રાપ્તિને સમાજ માન્ય કરતો નથી. વિશ્વમાં બધા સમુદાયોમાં સમાજમાન્ય એવી લગ્નસંસ્થાનું કોઈ ને કોઈ સ્વરૂપ પ્રસ્થાપિત સ્વીકૃતિ પામેલ છે. જે તે દેશ પ્રદેશના સાંસ્કૃતિક માળામાં વિકાસ પામે છે. લોહીના સંબંધો અતૂટ છે જ્યારે લગ્નના સંબંધોને દરેક સમાજમાં તોડવાની કે છૂટા થવાની - છૂટાછેડાની સામાન્ય વ્યવસ્થા પણ સમુદાયોમાં સ્વીકૃત છે અને વિશિષ્ટ માન્ય નિયમોથી નિયંત્રિત થાય છે.

**3.3 ઉપજાવેલા સંબંધો :** આ સંબંધો ઉપરાંત સમાજમાં સગપણ-સંબંધો ઉપજાવેલા કે રચેલા હોય તેવું સ્વરૂપ પણ સગપણ-સ્વરૂપમાં જોવા મળે છે. દરેક સમાજમાં ગોદે સંતાન લેવું કે દત્તક સંતાન લેવાની કોઈ ને કોઈ માન્ય પ્રથા જોવા મળે છે. ભારત દેશમાં તે ઘણા જૂના સમયથી પ્રચલિત છે અને નિઃસંતાનની સ્થિતિમાં

તે ઉપયોગી વ્યવસ્થા તરીકે આજે પણ ટકી રહી છે. આ ઉપરાંત ધર્મનો ભાઈ, ધર્મની બહેન પ્રથા પણ વિકસેલી છે. લેટિન અમેરિકામાં **'ઈશ્વર માબાપ'**નો ખ્યાલ પ્રચલિત છે. માનવશાસ્ત્રીઓ સગપણના આવા સંબંધોને "Fictive"–કલ્પિત સગાં તરીકે ઓળખાવે છે. આ ઉપરાંત સમુદાયોમાં પુનર્લગ્નમાં સાળી કે દિયરવટામાં આગલા પતિ કે પત્નીનાં (ભાઈ કે બહેનનું) સંતાન પણ સ્ત્રી કે પુરુષ સાથે હોય તો તે પરણનાર વ્યક્તિનું સંતાન ગણાય છે. એ સામાજિક પિતૃત્વ કે માતૃત્વ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ભારતમાં 'દૂધમાઁ' કે 'ધાત્રી' દ્વારા પણ વિશિષ્ટ સંબંધ દર્શાવવામાં આવે છે. ક્યારેક જન્મ આપનાર માને દૂધ ન આવે અથવા બાળકનો જન્મ થતાં તે માતા મરી ગઈ હોય ત્યારે દૂધ આપી શકે તેવી સ્ત્રી (મા)ની શોધ કરી તેની સાથે સામાજિક દૃષ્ટિએ બાળકને ધવડાવવાની વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે. જેને 'દૂધ મા' (દૂધ ધવડાવનાર સ્ત્રી) તરીકે ઓળખાય છે. આવી સ્ત્રીને સામાજિક દૃષ્ટિએ 'માતા'નો દરજ્જો પ્રાપ્ત થાય છે. પછી ભલે તે જનક મા ન હોય તોપણ અને તેથી તે 'દૂધ માઁ'નાં પોતાને જન્મેલાં સંતાનો 'ભાંડુ' - ભાઈ-બહેન ગણાય જેમની સાથે લગ્ન કે જાતીય સંબંધોનો નિષેધ દર્શાવવામાં આવે છે.

ઉપરાંત દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ–દૂબળા, ધાડિયા, ચૌધરી, ગામીત, વસાવા, કોટવાળિયા, વારલી વગેરેમાં **'ખંધાડ'** પ્રથા જે ઘરજમાઈ જેવી જોવા મળે છે. જેમાં સ્ત્રી માટે સ્ત્રીની પસંદગીનો પુરુષ પરણીને સ્ત્રીના ઘેર રહે તે પ્રકારે તેનો રહેવાનો કરાર થાય છે. તેથી સ્ત્રીની મિલકતમાં તેને કોઈ વારસો મળતો થતો નથી. તેનો દરજ્જો એક મજૂર જેવો રહે છે. તથા તેના પુત્ર-સંતાનને પણ વારસો પ્રાપ્ત થતો નથી. આવી સ્થિતિ સામાન્ય લગ્ન ઉપરાંત પુનર્લગ્નમાં પણ બને છે. આમ પુર્નલગ્નમાં પુરુષ કે સ્ત્રીનું બીજા આગલા પતિ કે પત્નીથી થયેલું સંતાન જેને ચૌધરીઓ 'જાવતા હા' બાળક તરીકે ઓળખાવે છે તેને લઈને બીજી પત્ની કે પતિ સાથે આવે તેવું બને છે. આવાં સંતાનો પોતાનાં કે જન્મનાં સગાં ન હોવા છતાં સામાજિક પિતૃત્વ કે માતૃત્વ પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં રબારી, ભરવાડ સમુદાયોમાં દિયર સાથે સ્ત્રી પુર્નલગ્ન કરે અને આગલા પતિનું સંતાન હોય તો તે **'આંગળિયાત'** તરીકે ઓળખાય છે. જેને પણ સામાજિક પિતૃત્વ માતાના લગ્નથી પ્રાપ્ત થાય છે અને આંગળિયાત સંતાન નવા કે પુરુષનાં પહેલાંના સંતાન સાથે **'ભાંડું'** ગણાય છે.

સગાઈ-સંબંધોને સમજવા માટે બે બાબતો મહત્ત્વની છે. (1) સગપણ-સંબંધોના શબ્દ વ્યક્તિની અપેક્ષિત ભૂમિકા અને વાસ્તવિક ભૂમિકાને સમજવામાં ઉપયોગી બને છે. જ્યારે વંશાવળી દ્વારા સમાજમાં જીવંત અને મૃત્યુ પામેલાં સગાંઓનું પુનઃસ્થાન, પિતૃપૂજા, ધર્મ, આર્થિક અને સામાજિક સંસ્થાઓ–કુટુંબ, ગોત્ર, કુળ, મોયટી વગેરેમાં પદ અને ભૂમિકાઓને સ્પષ્ટ કરવામાં સહાય મળે છે. આપણે અહીં પ્રથમ સગાઈ-વ્યવસ્થાના અધ્યયન માટે સગપણ શબ્દ-સંબોધનો, તેનાં લઘુ સ્વરૂપો, તેને દર્શાવવાની રીતો, વંશાવળીની રચના અને તેનો ઉપયોગ કરવાની રીત વિશે વિચારીશું.

**4. સગપણની પરિભાષા :**

માનવશાસ્ત્રી મરડૉક (1949)ના બતાવ્યા પ્રમાણે સગપણ-સંબંધોનું તાત્વિક દૃષ્ટિએ ત્રણ રીતે વર્ગીકરણ થઈ શકે છે. (1) સગપણ-પરિભાષાનું શબ્દાર્થશાસ્ત્ર (2) ભાષાકીય દૃષ્ટિએ સગાઈ-સંબંધોની રચનાનું સ્વરૂપ અને (3) સગપણક્ષેત્રનો વિસ્તાર. પહેલા પ્રકારમાં સગાંઓને ઓળખવા માટે વ્યવહારમાં કોઈ પરિભાષી (Term) શબ્દોનો સમાવેશ થાય છે જેના બે ભેદ દર્શાવી શકાય છે : (ક) સગપણ સંબોધન શબ્દ અને (ખ) સગપણ સંદર્ભ શબ્દ. સગપણ સંબોધન શબ્દ એ એક વ્યક્તિ સમાજમાં કયા પ્રકારના સગપણથી સંકળાયેલી છે તેને ઓળખવા માટેની ભાષાકીય અભિવ્યક્તિ છે જે સમાજમાં તેનો સગપણ સંબંધ દર્શાવે છે. તે સગપણ સંબંધીની વ્યવહાર-ભૂમિકા નક્કી કરે છે, તથા હક્કો, ફરજો, દરજ્જો પણ દર્શાવે છે. આમ **'શબ્દ સંબોધન'** પારિભાષિક શબ્દ (Term) બને છે, જે દ્વારા સગપણ ઓળખાય છે. જ્યારે સંબોધન સંદર્ભ સગપણને નાતે સંકળાયેલી વ્યક્તિઓની પારંપરિક વર્તન-પ્રણાલિકાને

દર્શાવે છે જે સગાઈ સંબંધોના સ્વરૂપને પ્રગટ કરે છે. શબ્દ સંબંધોનું વારંવાર પુનરાવર્તન થાય છે જ્યારે સંબોધન સંદર્ભમાં તેમ થતું નથી. આમ સગપણ-વ્યવસ્થાના અભ્યાસમાં સગપણ સંબોધન સંદર્ભનું મહત્ત્વ ઘણું છે.

બ્રિટિશ માનવશાસ્ત્રી રેડલીફ બ્રાઉન (1950)ના મતે સગપણ પરિભાષાનાં ઘણાં પાસાંઓ છે, જે વંશ-જૂથની એકતા પર ભાર મૂકે છે. ફ્રેન્ચ માનવશાસ્ત્રી લૉવી સ્ટ્રોસ (1963) સગપણ-પરિભાષાને લોકોને **'લગ્ન લાયક'** અને **'લગ્ન માટે ન લાયક'** એવા ભાગોમાં વહેંચે છે. બ્રિટિશ માનવશાસ્ત્રી મેલિનોવસ્કી (1922) જણાવે છે કે **'સગપણનું બીજગણિત'** એટલે સગપણ સંજ્ઞાઓનો અભ્યાસ. જે દ્વારા સગપણ-વર્તનનો અથવા તેના નિયમોનો અભ્યાસ, નહીં કે ભાષાકીય માળખાનો અભ્યાસ. સગપણ-વ્યવસ્થાનાં ઘણાં પાસાંઓ છે, જેમાં સગપણ-પરિભાષામાં સગપણ સંજ્ઞાઓનો અભ્યાસ એ તે અભ્યાસની શરૂઆતનું પગથિયું છે. તે દ્વારા વ્યક્તિના સગપણ-વિશ્વને જાણી શકાય છે. તે સગપણ સંબંધે જોડાતી વ્યક્તિઓનાં વર્તન, અપેક્ષાઓ, તેની વર્તન-માત્રાઓ કે કક્ષાઓ, અપેક્ષિત વર્તન-પ્રણાલીને સૂચિત કરે છે. આમ સગપણ-વ્યવસ્થા સગપણ વિશ્વમાં સમાતી વ્યક્તિઓની સગપણ-સંજ્ઞાઓનું ચોક્કસ અને સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. આ સંજ્ઞાઓ સગાંઓને વિવિધ કક્ષાઓ કે પેટાકક્ષાઓમાં વર્ગીકૃત કરે છે. જોકે ક્યારેક એવું વર્ગીકરણ સામાજિક વાસ્તવિકતા સાથે સંબંધિત હોય અને ન પણ હોય, ક્યારેક સગપણ-સંબોધન શબ્દ ન બદલાય પણ વાસ્તવિક સંબંધો કે ભૂમિકાઓ બદલાઈ જાય તેમ પણ બને છે, તો ક્યારેક ભાષાકીય માળખું બદલાઈ જાય છે અને ભૂમિકાઓ ન બદલાય તેમ બને છે. આમ સગપણ-પરિભાષા ક્યારેક સગપણ-વિશ્વનું આદર્શ વર્ગીકરણ પણ બની રહે છે.

સગપણ-સંબંધોનું સ્વરૂપ અને તેનાં તત્ત્વોની ચર્ચા પ્રસ્તાવનામાં એટલા માટે કરી છે કે સંશોધક વિવિધ સમુદાયોમાં પેદા થતા સામાજિક સંબંધોનાં સ્વરૂપ અને તેની સૈદ્ધાંતિક ભૂમિકાથી વાકેફ બને અને અભ્યાસક્ષેત્રમાં માહિતી મેળવવામાં તેને માર્ગદર્શનરૂપ થાય, તથા તેના ઊંડાણમાં રહેલા સંદર્ભો સમજવામાં ઉપયોગી બને. હવે દરેક સમાજમાં બંધાતા સગપણ-સંબંધો જે તે સમુદાયની બોલી કે ભાષામાં દર્શાવાય છે. જેને સગપણ-સંબોધનો કહેવામાં આવે છે. આ સગપણ-સંબોધનોની પદ્ધતિસર વિગતો મેળવવા માટે તથા તેનું વિશ્લેષણ કરવાની દૃષ્ટિએ સરળતા પડે તે હેતુથી માનવશાસ્ત્રમાં સંબોધનોને અંગ્રેજી અક્ષરોમાં ટૂંકાવવાની એક પદ્ધતિ વિકસાવી છે જે વિશ્વભરમાં સંશોધનના સંદર્ભમાં સાર્વત્રિક રીતે સ્વીકાર પામી છે. આમાં અંગ્રેજી મૂળાક્ષરોનો સંક્ષેપ કરવામાં ઉપયોગ થાય છે તથા કેટલીક આકૃતિઓ દ્વારા કે ચિહ્નો દ્વારા લિંગ, મરણ, જન્મ-સંબંધ, લગ્ન-સંબંધ, કૌટુંબિક સંબંધો, તેનાં સ્વરૂપો, પેઢી વગેરે વિવિધ પારિભાષિક બાબતોને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

| ક્રમ | ગુજરાતી સંબોધન | અંગ્રેજી સંબોધન | અંગ્રેજીમાં ટૂંકું રૂપ-સંજ્ઞા |
|---|---|---|---|
| 1 | પિતા | Father | Fa / F |
| 2 | માતા | Mother | Mo / M |
| 3 | ભાઈ | Brother | Br / B |
| 4 | બહેન | Sister | Si / S |
| 5 | પુત્ર | Son | So / S |
| 6 | પુત્રી | Daughter | Da / D |
| 7 | પત્ની | Wife | Wi / W |
| 8 | પતિ | Husband | Hu / H |
| 9 | પિતૃ | Parent | Pa / P |
| 10 | સગોત્ર | Sibling | Sb / G |
| 11 | લગ્ન સગું | Spouce | Sp / E |
| 12 | લગ્ન સંબંધી | In-Law | La |

'y' - Ego થી નાની ઉંમર
'e' - Ego થી મોટી ઉંમર
'ms' - પુરુષ દ્વારા થતું ઉદ્‌બોધન
'ws' - સ્ત્રી દ્વારા થતું ઉદ્‌બોધન
'os' - વિરુદ્ધ લિંગ
'ss' - સમાન લિંગ
'ch' / c-child (બાળક)

સંદર્ભ : Alan Bernard and Good, Anthony : **"Research Practice in the study of Kinship** (1984).

**સગપણ સંબોધન શબ્દો :**

હવે આપણે 'પિતાના ભાઈ' એમ દર્શાવવું હોય તો 'FrBr' અથવા FB લખાય. 'માતાના ભાઈ' 'મામા' લખવું હોય તો 'MoBr' એમ લખાય. માતાના ભાઈની પત્ની 'મામી' દર્શાવવું હોય તો 'MoBr' અથવા 'MBW' લખાય, તે જ રીતે પિતાના ભાઈની પત્ની 'કાકી' દર્શાવવું હોય તો 'FaBr wi' અથવા 'FBW' લખાય, પત્નીના ભાઈ લખવું હોય તો 'WiSb' અને 'WiSiSi' લખાય. પરણેલી વ્યક્તિ સાથે દર્શાવવું હોય તો 'SpSb' લખાય. બહેનના સસરા દર્શાવવું હોય તો 'SiLa' લખાય. વેવાઈ લખવું હોય તો 'SWF' તથા 'DHF' લખાય. પતિની બહેનની દીકરી દર્શાવવું હોય તો 'HzDeh' લખાય. પિતાના પિતા એમ લખવું હોય તો 'FaFa' અથવા 'FF' લખાય. આમ વિવિધ સગપણ-સંબંધોને તેના ટૂંકા સ્વરૂપે અંગ્રેજી મૂળાક્ષરોથી દર્શાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલી છે.

હવે સગપણ-સંબંધો ઉંમર નાની કે મોટી તથા પેઢીમાં ઉપરની પેઢી કે નીચેની પેઢીનું સગું છે તે સ્પષ્ટ કરવા માટેની પણ સંજ્ઞાઓ સ્પષ્ટ કરવામાં આવી છે. આ બંને તત્ત્વો વ્યક્તિના પદ કે દરજ્જા અને ભૂમિકાને અસર કરે છે. જે માટે અલગ પ્રતીકો દ્વારા તે દર્શાવવામાં આવે છે. દા.ત. ગુજરાતી સમુદાયમાં પિતાના મોટાભાઈ - 'મોટા બાપા, મોટા કાકા' કે 'દાદા' વગેરે સંબોધન-દર્શાવવામાં આવે છે, પરંતુ પિતાના નાનાભાઈ હોય તો સંબોધન 'કાકા' કહેવાય. પણ પ્રતીકોમાં મોટી ઉંમરને દર્શાવવામાં અંગ્રેજીમાં 'Elder' શબ્દનો પ્રથમ અક્ષર. E/e નો પ્રયોગ બીજા પ્રતીકો સાથે લખવામાં આવે છે. દા.ત. પિતાના મોટાભાઈ હોય તો તે FaBrE / FaBr e / FBe લખવામાં આવે છે. તે જ રીતે 'પિતાના નાનાભાઈ' દર્શાવવું હોય તો FaBry/FaBry/FBy લખવામાં આવે છે.

આ સગપણ-સંબોધનો હંમેશાં કોઈ નિશ્ચિત વ્યક્તિના દ્વારા દર્શાવાય છે. એ વ્યક્તિના સ્થાનને પણ સ્પષ્ટ કરવું પડે છે. કુટુંબમાં પિતા, માતા, પુત્ર કે પુત્રીનું નિશ્ચિત સ્થાન અને તેથી નિશ્ચિત ભૂમિકા સ્પષ્ટ બને છે અને તે સગપણ-સંબંધોના સ્વરૂપને પણ અસર કરે છે. એટલે કોણ કોના થકી કયું સગું છે તે સ્પષ્ટ કરવા માટેનું સ્પષ્ટીકરણ આવશ્યક છે. દા.ત. કુટુંબમાં પિતાને કેન્દ્રસ્થાને રાખીને કુટુંબના સભ્યોને જોવા કે દર્શાવવામાં આવે તો પત્ની, પુત્ર-પુત્રી એમ પ્રાથમિક કુટુંબમાં દર્શાવાય. પરંતુ જો પુત્રને ધ્યાનમાં રાખીને દર્શાવવામાં આવે તો તેનું સ્વરૂપ તદ્દન જુદા પ્રકારે પ્રગટ થાય છે. દા.ત. કુટુંબમાં પુત્રને કેન્દ્રસ્થાને રાખીને કુટુંબના સભ્યો સાથેના સંબંધો દર્શાવવામાં આવે તો 'પિતા', 'માતા', 'ભાઈ મોટો', 'ભાઈ નાનો', 'બહેન મોટી', 'બહેન નાની' વગેરે સ્વરૂપો સ્પષ્ટ થાય છે. આમ જેને કેન્દ્રમાં રાખીને કે જેના થકી સગપણ દર્શાવવામાં કે ઓળખવામાં આવે તે કેન્દ્રસ્થાનની વ્યક્તિ 'Ego' તરીકે દર્શાવવામાં આવે છે. આ બાબતને દર્શાવવા માટે લિંગ અને પેઢી, લગ્ન, છૂટાછેડા, દિયરવટું, સાળીવટું વગેરે પ્રકારના સગપણ-સંબંધોને પણ દર્શાવવાની ચિત્રાત્મક કે પ્રતીકાત્મક રચના કરવામાં આવે છે.

**4.1. લિંગભેદ :**

સગપણ-સંબંધોમાં ઘણી વખત વ્યક્તિની sex (લિંગ)નું મહત્ત્વ હોય છે. આ માટે સંબોધન કરનાર કઈ sexની વ્યક્તિ છે તેના સંદર્ભમાં-સંબોધન સ્વરૂપ રચાય છે. તેથી સંબોધન કરનાર વ્યક્તિની sex કઈ છે તેને સ્પષ્ટ કરવા માટે 'મેન્સ સ્પીકિંગ' એટલે 'ms' અને સ્ત્રી દ્વારા સંબોધન થતું હોય તો 'ws' પ્રયોગ કરવામાં આવે છે. જો કે ક્યારેક 'fs' પણ સ્ત્રી સંબોધન માટે ઉપયોગમાં લે છે પણ તે બહુ પ્રચલિત નથી. આ સંક્ષેપો સંબોધનરૂપ પછી કૌંસમાં દર્શાવવાનો રિવાજ છે જેથી ગેરસમજ ન થાય. દા.ત. પિતાની બહેનના દીકરા વિશે કોઈ સ્ત્રી સંબોધન કરે તો તે બોલનાર સ્ત્રી Ego તે સ્પષ્ટ દર્શાવી શકાય છે. FZS(ws) આવા સંક્ષેપ રૂપનો પ્રયોગ થાય છે. તેવી રીતે કોઈ પુરુષ સંબોધન કરનાર હોય તો તેને FZS(ms) સંક્ષેપ દર્શાવવામાં આવે છે.

આ ઉપરાંત 'પિતૃપક્ષ' 'બાળકો', 'રક્ત જૂથ' (sibling) કે 'લગ્ન સગાં' સ્પષ્ટ કરવું હોય તો તે માટે પણ સંક્ષેપો રચાયેલા છે. દા.ત. વિરુદ્ધ લિંગ દર્શાવવા (os) (opposite sex) અને એક જ લિંગનાં હોય તો (ss) (same sex) પ્રયોગ થાય છે અને તેને કૌંસમાં મૂકવામાં આવે છે. આ ઉપરાંત પિતૃનાં વિરુદ્ધ લિંગી સગાં બાળકો - FZS, FZD અને MBD ક્રૉસ-કઝીન (cross-cousins) બને છે. પરંતુ સમલિંગી ક્રૉસ-કઝીન FZS(ms), MBS(ms), FZD(ws) અને MBD(ws) ને આવા સંક્ષેપોથી અલગ તારવી શકાય છે.

પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા ભિન્ન હોવા છતાં 'મોસાળ' કે પિયરનું વિશિષ્ટ સ્થાન જોવા મળે છે. મામાનું સ્થાન અને ભૂમિકા દેખાય છે. સ્ત્રીની પ્રથમ સુવાવડ પિયરમાં થાય, લગ્ન પ્રસંગે મામા મામેરું લાવે, ભાણેજ મામાને ત્યાં ઊછરે, પતિનું અવસાન થાય અને સાસરી નબળી લાગે તો સ્ત્રી ઘણી વખત પિયરમાં ચાલી જાય. રક્ષાબંધન, ભાઈબીજના તહેવારોનું વિશિષ્ટ સ્થાન, દહેજ પ્રથા, વાર-તહેવારે કપડાં, વાસણ, સરસામાન વગેરે આખી જિંદગી સુધી સ્ત્રીને રિવાજો મુજબ સહાય સાથ આપવાની પ્રથા છે. લોકગીતો દર્શાવે છે :

મામાનું ઘર કેટલે દીવો બળે એટલે,
મામા આવે, ખારેક ટોપરાં લાવે.

વગેરે સ્વરૂપોની રિવાજી અભિવ્યક્તિ સામાજિક સંબંધોની ગાંઠની મજબૂતી અને ઘનિષ્ઠતાને પ્રગટ કરે છે.

**4.2 પેઢી :** સગપણ-સંબંધોને દર્શાવવા માટે ઉંમર, લિંગભેદ ઉપરાંત પેઢી (generation) મહત્ત્વનાં પરિબળ છે. સગપણ-આકૃતિમાં કઈ પેઢીની વ્યક્તિ વિષે વાત કરીએ છીએ અથવા સગપણ દર્શાવીએ છીએ તે દર્શાવવા માટે પણ લઘુ સંજ્ઞાનો પ્રયોગ થાય છે. અંગ્રેજી ભાષાના 'generation' શબ્દનું લઘુ રૂપ 'G' સંજ્ઞાનો ઉપયોગ થાય છે. હવે ઈગો (Ego) જે પેઢીમાં છે તેને '0' શૂન્ય પેઢી અથવા વર્તમાન પેઢી ગણવામાં આવે છે. ઈગોથી ઉપરની (Ascending) પેઢીને એટલે ઉપરની પહેલી પેઢીને 'G+1' અને ઈગોથી નીચેની પેઢીને (Descending) 'G+I' (ધન + અને ઋણ ચિહ્ન) દ્વારા દર્શાવાય છે. ઉપરની પેઢીઓ માટે 'G+1', 'G+2', 'G+3' એમ લખાય છે. તે જ રીતે નીચેની પેઢીઓ માટે 'G–1', 'G–2', 'G–3' એમ લખાય.

કોઈ વ્યક્તિ અમુક પેઢીએ પિતૃ કે માતૃપક્ષે સગું છે તે સ્પષ્ટ કરવા માટે અલગ અલગ સંજ્ઞા ઉપયોગમાં લેવાય છે. પિતૃપેઢી માટે 'π' અને માતૃપેઢી માટે 'U' સંજ્ઞા વપરાય છે. હવે પિતૃપક્ષે ઉપરની બીજી પેઢી એમ દર્શાવવું હોય ત્યારે માટે 'π G+3' એમ દર્શાવાય. તે જ રીતે માતૃપક્ષે નીચેની ત્રીજી પેઢી દર્શાવવું હોય તો 'UG-3' દર્શાવાય.

**5. સગપણ સંબોધન પરિભાષાનું સ્વરૂપ :**

સમાજમાં વ્યક્તિને બોલાવવા માટે વિવિધ સંબોધનો જોવા મળે છે. અભ્યાસીઓ તેના મુખ્ય બે ભાગ પાડે છે. (1) 'Term of reference' સંબંધસૂચક શબ્દ અને (2) 'Term of address' સંબોધન-શબ્દ. **'નોટ્સ ઍન્ડ ક્વેરિઝ ઈન ઍન્થ્રૉપૉલૉજી'** (1960) પુસ્તક જેમાં સગપણ-સંબંધોના 80 ઉપરાંત પ્રકાર દર્શાવ્યા છે. દરેક સમુદાયમાં આ સંખ્યા વત્તા ઓછી હોઈ શકે છે. કોઈ એક કુટુંબની વ્યક્તિ દ્વારા તેના કુટુંબની વ્યક્તિઓ પરિચય કરે ત્યારે તે વ્યક્તિને અભ્યાસની દૃષ્ટિએ 'Ego' નામ આપવામાં આવે છે. જેના થકી સમગ્ર કુટુંબનો પરિચય પ્રાપ્ત થાય. આ 'ઈગો'ને પૂછીએ કે તમારું શું નામ છે ? તો કહે ગોવિંદભાઈ. બીજો પ્રશ્ન પૂછીએ તમે પરણેલા છો ? તો કહે હા. તમારી પત્નીનું શું નામ ? તે કહે 'સવિતા'. તમારા પિતાનું શું નામ ? તો કહે 'રામભાઈ' તમારી માતાનું શું નામ ? શારદાબહેન. તમારા પિતા એક વખત પરણેલા કે બે વખત ? એક વખત. તમે કેટલી વખત પરણેલા ? બે વખત. પહેલી પત્ની લગ્ન પછી માંદગીથી મરણ પામી એટલે બીજી પત્ની કરી તમારી પ્રથમ લગ્ન ઉંમર 22. તમારી પ્રથમ પત્નીની લગ્ન ઉંમર 20 વર્ષની હતી. પ્રથમ લગ્નથી કોઈ સંતાન થયું હતું ? હા, એક દીકરી થઈ. બીજા લગ્ન 27 વર્ષની ઉંમરે સવિતા સાથે થયાં ત્યારે તે 25 વર્ષની હતી. બીજાં લગ્નથી શું સંતાન થયું ? પુત્ર થયો.

તે આજે 5 વર્ષનો છે અને તેનું નામ રઘુ છે. દીકરી 8 વર્ષની છે અને તેનું નામ કપિલા છે. મારી ઉંમર 35 વર્ષની છે. સવિતાને આજે 27 વર્ષ થયાં છે. પિતાની ઉંમર 55 વર્ષ છે અને તેમનાં લગ્ન 27 વર્ષે થયા હતાં. માતાનું નામ શારદાબહેન અને તેમની ઉંમર 50 વર્ષની છે. મારી એક બહેન છે જેનું નામ મંજુ છે અને તેની ઉંમર 17 વર્ષની છે. એક ભાઈ છે તેની ઉંમર 24 વર્ષની છે. બંને ભાઈ-બહેન અપરિણીત છે.

હવે આ વિગતોને કોષ્ટકના રૂપમાં શબ્દ-સંબોધન સાથે નીચે દર્શાવીએ તથા તેમનાં બીજાં સગાંની વિગતો દર્શાવીએ.

કુટુંબની જે વ્યક્તિ દ્વારા બીજાં બધાં તેનાં સગાંની માહિતી મેળવીએ તેને Ego કહેવાય. જેને તેનાં સગાં વિશે પૂછવાથી એ તારું શું સગું થાય તેમ પૂછવાથી એક પછી એક સગાની માહિતી મેળવવી જોઈએ. કોઈ માહિતી ન મળે તો નથી તેમ તે શબ્દ માટે ઉદ્બોધન કે સંબોધન પ્રાપ્ત થતું નથી. કેટલાંક સંબોધનોમાં પૂછનાર કે સંબોધન કરનારની Sex કઈ છે તેના આધારે સંબોધન બદલાઈ જાય છે. ત્યાં સંબોધન કરનાર સ્ત્રી છે કે પુરુષ છે તે સ્પષ્ટ કરી માહિતી મેળવવી એટલે ત્યાં અંગ્રેજી અક્ષરોથી સંક્ષેપમાં 'MS' અને 'WS' (મેન્સ સ્પીકિંગ અને વુમન સ્પીકિંગ) નોંધવામાં આવે છે. આ ઉપરાંત

| ક્રમ | વ્યક્તિનું નામ | સગપણ-સંબંધ | અંગ્રેજી સંક્ષેપ | સગપણ-સંબોધન |
|---|---|---|---|---|
| 1 | ગોવિંદભાઈ | ઈગો (પોતે) | Ego | વ્યક્તિ પોતે |
| 2 | રામભાઈ | પિતા | F | પિતા, બાપા |
| 3 | શારદાબહેન | માતા | M | મા, બા |
| 4 | રમા (પ્રથમ પત્ની) | પત્ની | W (મૃત્યુ) | પત્ની, બૈરી |
| 5 | સવિતા | પત્ની | W | પત્ની, બૈરી |
| 6 | મંજુલા | બહેન (નાની) | Z | નામે બોલાવે |
| 7 | સુરેશ | ભાઈ (નાનો) | B | નામે બોલાવે |
| 8 | કપિલા | પુત્રી | D | દીકરી - નામે બોલાવે |
| 9 | રઘુ | પુત્ર | S | દીકરો - નામે બોલાવે |
| 10 | શાંતિલાલ | કાકા | FB | કાકા |
| 11 | કાશીબહેન | કાકી | FBW | કાકી |
| 12 | રવીન્દ્ર | કાકાનો દીકરો | FBS | ભાઈ |
| 13 | પૂનમ | કાકાની દીકરી | FBD | બહેન |
| 14 | ગાંડાલાલ | પિતાના પિતા | FF | પિતામહ, દાદા |
| 15 | રમીલાબહેન | પિતાની બહેન | FZ | ફોઈ |
| 16 | ગુણવંતલાલ | પિતાની બહેનના પતિ | FZH | ફૂવા |
| 17 | નવીનચંદ્ર | માતાના ભાઈ | MB | મામા |
| 18 | કૈલાસબહેન | માતાની બહેન | MZ | માસી |
| 19 | કૌશિકભાઈ | માતાના ભાઈનો દીકરો | MBS | ભાઈ |
| 20 | ચંદન | માતાના ભાઈની દીકરી | MZB | બહેન |

શબ્દ-સંબોધન શબ્દાવલી વૈજ્ઞાનિક દૃષ્ટિએ Egoની ઉપરની ત્રણ પેઢી અને તેનાથી નીચેની ત્રણ પેઢી સુધીની ઓછામાં ઓછી મેળવવાથી સંભવિત બધા સંબોધનનો જરૂરી એવો સમાવેશ થઈ જાય છે. એટલે સંબોધન શબ્દાવલી ત્રણ પેઢીનાં સગાંની તૈયાર કરવા ગોઠવવું. આ માટે અંગ્રેજી સંક્ષેપ જે તે સમુદાયમાં તેનાં સંબોધન સ્વરૂપે જે મહત્ત્વના બે પ્રકારે છે તેના સંદર્ભમાં માહિતી ભેગી કરી લેવી જોઈએ. આ રૂપો નીચે પ્રમાણે માર્ગદર્શન રૂપે નીચે યાદીમાં દર્શાવ્યાં છે જે સાર્વત્રિક રીતે માન્ય થયેલાં છે.

**6. ઉપસંહાર :**

1. આગળ કેટલીક સૈદ્ધાંતિક રજૂઆતો સગાઈ સંબંધના સ્વરૂપને સમજવાના સંબંધમાં કરી છે. જેમાં સગાઈ સંબંધ શબ્દાવલી તૈયાર કરવાનું સંશોધક ગોઠવે ત્યારે એક વ્યક્તિના બીજી વ્યક્તિ સાથેના વિવિધ સ્વરૂપ અને પ્રકારના સંબંધોથી વ્યક્તિ સંબંધે બંધાયેલો હોય છે તે બાબત બરાબર ધ્યાનમાં રાખીને સંબંધોનાં સ્વરૂપ અને તેના ઊંડાણને સમજવું જરૂરી છે. અહીં સંબંધ સંબોધન શબ્દાવલીના બે ભેદ હોય છે : (1) 'સંબંધ સંબોધન શબ્દ' અને (2) 'સંબોધન સંદર્ભ શબ્દ' (જેને અંગ્રેજીમાં Term of address and term of reference) કહેવામાં આવે છે. આમાં માનવશાસ્ત્રીય સંબોધન સંદર્ભનું વધુ મહત્ત્વ છે. સંશોધક આ બંને પ્રકારના ભેદ સંબોધન શબ્દાવલી તૈયાર કરે ત્યારે સ્પષ્ટતા કરે તે જરૂરી છે. ઉપરાંત Egoથી ઉપરની ત્રણ પેઢી અને Egoથી ત્રણ પેઢી સુધીનાં જીવંત, મરણ પામેલાં, પરણેલાં, અપરિણીત, વિધુર, વિધવા વગેરેના વિવિધ પ્રકારની સ્થિતિવાળા પિતૃ અને માતૃપક્ષનાં સગાંઓ વિશે માહિતી ભેગી કરવી જોઈએ. ત્રણ પેઢી પછીના સંબંધોના વિસ્તરતા ક્ષેત્રમાં પછી સગાઈ સંબંધોને સ્પષ્ટ કરવા મુશ્કેલ બને છે તથા યાદદાસ્તમાં પણ ન હોય તેમ બને છે. ખાસ કરીને શહેરી કે ઔદ્યોગિક સમુદાયોમાં સગપણ-સંબંધોનું ક્ષેત્ર નાનું દેખાય છે ત્યારે ગ્રામ્ય કે આદિવાસી સમુદાયોમાં ત્રણ કે તેથી વધારે પેઢીનાં સગાંની યાદ અને દર્શાવતું સ્વરૂપ પણ મળે તેવો સંભવ છે. એટલે સંશોધકે અભ્યાસની સંરચનાત્મક માહિતીના સંદર્ભમાં ઈગોની ઉપરની અને નીચેની ત્રણ પેઢી સુધીના સંબંધો અને તેની કાર્યવ્યવસ્થાના ઊંડાણ સુધીના સંબંધ સ્વરૂપને જાણવાનો અવશ્ય પ્રયત્ન કરવો જરૂરી ગણાય છે.

2. દરેક સમુદાય, જ્ઞાતિ, આદિવાસી જાતિમાં તેમના સાંસ્કૃતિક માળખાના સંદર્ભમાં સગપણ સંબોધનનું સ્વરૂપ કે સંદર્ભનું સ્વરૂપ વિકસે છે. કોઈમાં ઘણી ઝીણવટ અને ઊંડાણ દેખાય છે તો કેટલાક સમુદાયોમાં સંબંધોનું સ્વરૂપ મર્યાદિત પણ દેખાય. તેથી સંશોધનમાં કોઈ સંબંધો કોઈ સ્વરૂપ ન મળે તો તે છોડી ન દેવું કે નથી તેમ ન માનવું.

3. સંશોધકે અભ્યાસ ક્ષેત્રના સમુદાયોમાં પોતાની માતૃભાષાને આધારે સંબોધન શબ્દોનું માળખું બીજે લાગુ પાડવાનો કે તેને અનુવાદિત કરીને માહિતી મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. સંશોધનકાર્યમાં હંમેશાં અંગ્રેજી લઘુરૂપોને જ મહત્ત્વ આપીને તેના આધારે જ સગપણ સંબંધોના સ્વરૂપને જે તે સમુદાયમાં અને ઈગોની ઉપરની ત્રણ અને નીચેની ત્રણ પેઢી સુધીના ઊંડાણ સુધી માહિતી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમાં વધુ પત્ની, પુનર્લગ્ન, વધુ પતિ, વિધુર, વિધવાની સ્થિતિ, સંતાનોનું પિતૃત્વ, માતૃત્વ, પેઢી, લિંગ, ઉંમર વગેરે બાબતોના સંદર્ભમાં સંબોધનનાં બંને સ્વરૂપોને સ્પષ્ટ કરવાં તથા તેમની ભૂમિકા, દરજ્જો, અપેક્ષિત વર્તન અને વાસ્તવિક વર્તન વગેરે વર્તનપ્રણાલીનાં સ્વરૂપો, હક્કો, ફરજો, વારસો વગેરેને સ્પષ્ટ કરવાં જોઈએ.

4. કેટલીક વખત સંશોધક સંબોધન શબ્દોની શબ્દાવલીમાં જ ડૂબી જાય છે અને તેનાં જાળાં ગૂંથ્યા કરે છે. આવો માત્ર યાંત્રિક અભ્યાસ માનવશાસ્ત્રીય અભ્યાસ કહેવાતો નથી. સંશોધકે ઉપર દર્શાવ્યું તે પ્રમાણે વિવિધ લગ્ન, જન્મ કે અન્ય પ્રકારનાં સગપણ સ્વરૂપોના તાણાવાણા, તેના દરજ્જાને કાર્યને–હક્કો, ફરજો, આદર, માન, મજાક-મશ્કરી, નિષેધો વગેરેનું સ્વરૂપ રચે છે. જે ઘણું મહત્ત્વનું હોઈ તેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમાજ એક જીવંત વ્યવસ્થા છે, તે માત્ર કોઈ શબ્દ સંબોધનોનો સમૂહ નથી. સંશોધકે

સમુદાયના સગપણ-વ્યવસ્થાના પૂર્ણ અને સર્વાંગીણ સ્વરૂપે બીજાં પાસાંઓના સંદર્ભમાં તેના અન્ય સભ્યોના સંબંધોના તાણાવાણાને સમજીને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલા માટે માનવશાસ્ત્રમાં સગાઈ-વ્યવસ્થાના અભ્યાસને કઠણ અભ્યાસ કહેવામાં આવે છે.

5. સંશોધકે ક્યારેય **'સગપણદર્શક સંબોધન'**ને દર્શાવીને માહિતી મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. દા.ત. તમારા પિતાના, ભાઈનાં સાસુ, 'તમારી પત્નીની બહેનનો પતિ' જેવા પ્રશ્નો ન પૂછવા જોઈએ. પણ Egoના સંદર્ભમાં તેમને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ અને અંગ્રેજી લઘુરૂપોમાં તેને દર્શાવવું જોઈએ તથા આકૃતિઓ વડે તે સંબંધોનો વંશાવળીના રૂપમાં ઢાળીને સંબંધોને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ જેથી તેની ચોક્કસતા સ્પષ્ટ થાય. શહેરી સમાજોમાં બે-ત્રણ પેઢી સુધી માંડ જાણકારી દેખાય છે. જ્યારે ઈવાન્સ પ્રિચાર્ડ જેવા બ્રિટિશ માનવશાસ્ત્રીએ આફ્રિકાની 'ન્યુઅર' જાતિમાં સંબોધનો યાદ રાખવાની અજબ રીત તે પશુપાલક સમુદાયમાં (1940)માં જોઈ અને સાત-આઠ પેઢી સુધી તેઓ નિરક્ષર હોવા છતાં એટલી પેઢીઓ સુધી માહિતી મેળવવામાં સફળ થયા હતા. તેમણે જોયું કે ન્યુઅર પોતાનાં પશુઓને તેમના પિતૃઓનાં નામ ઓળખાવે છે એટલે પશુપાલન કરનાર સમુદાયનું પશુ સાથેના સંબંધોનું તાદાત્મ્ય એટલું બધું દેખાય છે જેને પિતૃઓ સાથે સાંકળીને તેમની યાદને જીવંત રાખવાની એક વિશિષ્ટ પદ્ધતિ તેમણે વિકસાવેલી જોવા મળી હતી. કેટલીક વખત કેટલાક સમુદાયોમાં પરંપરાગત વંશાવળી રાખવાની પદ્ધતિ હોય છે તો કેટલીક વખત મરશિયા (મૃત્યુ પ્રસંગે ગવાતાં શોકગીતો), પિતૃપૂજા સમયે પિતૃઓને યાદ કરવામાં આવે છે વગેરે સાહજિક પ્રથાઓ સમાજમાં હોય તો તે દ્વારા પાછલી પેઢીઓ અને સગાંઓની વિગતો પ્રાપ્ત કરવાનું સરળ બને છે. આ વિશે સંશોધકે ખૂબ સજાગપણે પ્રાપ્ત થતી માહિતીને જે તે સમુદાયનાં બીજાં પાસાંની માહિતી મેળવતાં ચકાસવાનો, ન મળતી માહિતી મેળવવા પુનઃ સાવધપણે પ્રયત્ન કર્યા કરવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ અને તે દ્વારા જ સમાજની વિસ્તૃત અને ઊંડાણભરી માહિતી પ્રાપ્ત કરવા માટે એક દરિયાના મરજીવાની જેમ ભલે એક મોતી મેળવવા માટે અનેક ડૂબકીઓ કેમ ન મારવી પડે તે માટે તે તૈયાર રહે છે તેવી તત્પરતા આ સંશોધકે કેળવવી જોઈએ.

6. કેટલીક વખત અભ્યાસ કરનાર સંશોધકે ભારે સાવધાનીપૂર્વક સામાજિક સંબંધોને સમજવા જરૂરી બને છે. સમાજના અમુક રિવાજો, પ્રણાલિકાઓને કારણે સગપણ-સંબંધો અને સંબોધનોમાં ગૂંચ પડે છે. દા.ત. જ્યાં 'મામા-ફોઈ'નાં સંતાનો (cross-cousins)-લગ્નને કારણે સગી ફોઈ કે મામી સાસુ બને છે અને સંબોધન શબ્દ જૂની સગાઈના સંદર્ભમાં 'ફોઈ કે માસી' સાસુ થતી હોય છતાં પણ ચાલુ દેખાય તેમ બને છે. આમ સગી ભત્રીજી વહુ બને અને સગો ભાણેજ જમાઈ બને તેમ બને છે. તે જ રીતે બે ભાઈઓ બે બહેનો સાથે પરણે, બહેનના સાટામાં ભાઈ કે ભાઈના સાટામાં બહેન પરણે તેવી સ્થિતિમાં શબ્દ સંબોધન જ નહીં પણ સંબંધ વ્યવહારમાં પરિવર્તન આવે છે. ક્યારેક સંબંધો મજબૂત બનાવવામાં ફાયદો થાય છે; ક્યાં તો સંબંધોમાં તડ પેદા થાય તેમ પણ બને છે. દા.ત., ગુજરાતમાં અને અન્યત્ર પણ ઘણી જગ્યાએ **'સાટાં લગ્ન'** થાય છે. જેમાં કુટુંબ કન્યા મેળવે તો સામે કન્યા આપવી પડે. સીધેસીધાં **'સાટાપાટા'** નામે ઓળખાય છે. તો ક્યારેક બીજાં સગાં સારું આપે, બેત્રણ પેઢીએ જ્યારે જોઈએ ત્યારે સારું માંગે વગેરે રિવાજી મોકળાશ પણ આ પ્રથામાં જોવા મળે છે. આવી સ્થિતિવાળાં લગ્નો અને સગપણ-સંબંધે બંધાનારના સંબંધોનું ટૂંકાગાળે, લાંબાગાળે કેવું ચાલે છે. તથા સામ-સામાં પાત્રોની પરસ્પર યોગ્યતાઓ, પસંદગી, આર્થિક લેવડ-દેવડ વગેરે ઘણાબધા મુદ્દાઓ સંકળાય છે. જે તેમના લગ્નવ્યવહાર અને સગપણસંબંધ બંધાવાને કારણે વિકસતા તાણાવાણાથી હક્કો, ફરજો, રિવાજી બંધનોનું સ્વરૂપ જે વિકાસ પામે છે તેનો સંશોધક એક કૂવામાં ઊંડે ડૂબકી મારી છેક તળિયે જઈને માહિતી શોધવા જેવો ભગીરથ પુરુષાર્થ કરવો જોઈએ...તો જ સમાજનું પોત કે ભાતનો સાચો ખ્યાલ આવી શકે છે.

7. તે જ રીતે **'દિયરવટું'** જેવા સંબંધોમાં મિલકતની ભાવના જ્યાં હોય ત્યાં પત્ની કે વહુ કુટુંબની મિલકત ગણાય છે. એટલે તેનો પતિ મરી જાય તો તેને વિધવા સ્થિતિમાં રાખતાં તેને ઘરમાં જ દિયર સાથે પરણવાની સ્થિતિ રિવાજી રીતે રબારી, ભરવાડ જેવી ગુજરાતની જ્ઞાતિઓમાં છે. પછી ભલે ને સ્ત્રીની ઉંમર 35 કે 40ની હોય અને દિયરની ઉંમર પાંચ વર્ષની હોય. આવી સ્થિતિમાં સમાજવ્યવસ્થા, કુટુંબજીવન, દાંપત્યજીવન વગેરે અનેક સામાજિક સંબંધોના સ્વરૂપને તે અસર કરે છે. સંશોધકે આવી સ્થિતિમાં ખૂબ જ કાળજીપૂર્વક વિવિધ રીતે ચકાસીને માહિતીની ખરાઈ કે સત્યતાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને સંબંધો, રિવાજોના તાણાવાણાને યોગ્ય સ્વરૂપે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

8. અગાઉ દર્શાવ્યું છે તે પ્રમાણે ઈગો (Ego)ની ઉપરની ત્રણ પેઢીનાં સગાંઓ વિશે સગપણ સંબંધ અને સંબોધન શબ્દની માહિતી મેળવવી. કેટલીક વખત અમુક સંબંધોનો વ્યક્તિગત સંબંધની દૃષ્ટિએ કશો અર્થ ન પણ હોય. દા.ત. FZHF (પિતાની બહેનના પતિના પિતા) કશું સીધું સગું થાય નહીં પણ વેવાઈપક્ષ ગણાય. આમ 'સાસરી પક્ષવાળા' કે 'વેવાઈ પક્ષવાળા' એટલું સગપણ સંબંધે દર્શાવી શકાય. આ રીતે સગપણ સંબંધોની અમુક પ્રકારે મર્યાદા આવે છે. બીજી સમજીએ તો ઉપરના કેસમાં ઈગો સરકારી નોકરીમાં હોય તો FZHF (ફૂવાના પિતા એવું સગપણ થાય) તેમના શ્રાદ્ધમાં કે મરણ પ્રસંગે નોકરીમાંથી રજા મળતી નથી. તેમાં પણ નિકટનાં લોહીનાં સગાં કે નિકટનાં લગ્ન સગાંના સંદર્ભમાં જ રજા માન્ય થાય તેમ બને છે. આવી સ્થિતિ સામાજિક દૃષ્ટિએ કેટલી અને કેવી અસરકારક છે તે વિચારવું.

9. દરેક સમુદાયોમાં એક વ્યક્તિ એક કરતાં વધુ સંબોધનોથી ઓળખાતો હોય છે. કેટલાંક સંબોધનો અમુક વિશિષ્ટ સંજોગોને કારણે પ્રચલિત બને છે. દા.ત., કોઈ સદ્‌ગુણ, સદ્‌વ્યવહાર, કોઈ દુરવ્યવહાર કે ખીજ વગેરેને લીધે પણ વ્યક્તિનાં સંબોધનો તે સંદર્ભમાં જુદાં દર્શાવાય છે. આમ સંબોધન શબ્દો કયા સંદર્ભમાં, ક્યારે, શા માટે વપરાય છે તે તેની વિસ્તૃતતા કે સંકોચનની સ્થિતિને દર્શાવવાં. દા.ત. 'F' (પિતા) આ સંબોધન ઉપરાંત 'બાપુજી', 'બાહ્', 'બાપા', 'મોટાભાઈ', 'કાકા', 'ભાઈ', ડોસલો, ડોહલો, ડૅડી, ડેડ, ડોકરો વગેરે શબ્દ-પ્રયોગો થાય છે. તે જ રીતે 'M' (માતા) માટે 'હાં', 'માતાજી', 'માતુશ્રી', 'બા', 'જી', 'બાલી', 'ડોહી', 'ડોહલી', 'ડોકરી', 'ભાભી', 'બેન' વગેરે એક જ સગપણ-સંબંધ માટે વિવિધ સંબોધનો વપરાય છે. આ ઉપરાંત 'ભાઈ' પોતાના સગાભાઈ માટે, પિતરાઈ ભાઈ માટે, પોતાની ઉંમરની મોટી કે નાની વ્યક્તિ માટે, એક જ ગામની પોતાની ઉંમરના માટે પણ વપરાય છે. તે રીતે સૌરાષ્ટ્રમાં વિશેષ કરીને મોટી ઉંમરના (પિતાની ઉંમરના) માટે 'બાપા' સંબોધન માનાર્થે વપરાય છે. પોતાની માતાના ગામવાળા પુરુષ માટે 'મામા' કે પોતાના ગામના પિતાની ઉંમરના માટે 'કાકા' શબ્દ-સંબોધન કોઈ પણ પ્રકારના સગપણ વિના થાય છે. કોઈ પણ નાની ઉંમરનાં છોકરા-છોકરી માટે 'બેટા', 'બેટી', 'દીકરા-દીકરી' સંબોધનો થાય છે. આ બધાં સંબોધનો રિવાજી, વાત કરવા માટેના સામાજિક વ્યવહારના સંદર્ભમાં વપરાય છે. પુરુષ પોતાની પત્નીને માટે 'પત્ની', 'ધણિયાણી', 'બૈરી', 'બાયડી', 'અર્ધાંગિની', 'રાંડ' વગેરે શબ્દપ્રયોગો - સંબોધનો વપરાય છે. તે જ રીતે પત્ની પતિના સંદર્ભમાં 'પતિ' ઉપરાંત 'ધણી', 'ઘરવાળો', 'આદમી', 'મોટી', 'ભાયડો', 'મરદ', 'મીત' વગેરે વિવિધ શબ્દ-સંબોધનપ્રયોગો થાય છે. એટલે આવા શબ્દ-સંબોધનો ક્યારે, કઈ સ્થિતિમાં થાય છે તે અંગેની માહિતી સ્પષ્ટ કરવી જોઈએ. તે માત્ર ભાષાકીય અભિવ્યક્તિ નથી પરંતુ કોઈક સામાજિક સ્થિતિ કે સંદર્ભ તેમાં સંકળાયેલાં હોય છે.

10. કેટલાક સગપણ સંબંધોમાં વ્યક્તિઓ—સગાં પરસ્પર સગપણદર્શક સંબંધને બદલે એક મધ્યસ્થી સંબોધનનો ઉપયોગ કરે છે. ભારતીય સમાજમાં ઘણી જ્ઞાતિઓમાં પતિ પત્નીને સીધું સંબોધન કરતો નથી. તેવું જ પત્ની પતિને સીધું સંબોધન કરતો નથી. ત્યાં મધ્યસ્થી સંબોધનનો ઉપયોગ થાય છે. દા.ત. પતિ

પત્નીને દીકરીના નામે સંબોધન કરે અથવા 'બબલીની મા', 'બચુડાની મા' વગેરે સંબોધન કરે છે. તો પત્ની તેના પતિને 'રમેશના પપ્પા' અથવા દીકરીનું નામ દઈ તેના 'પપ્પા' એમ સંબોધન કરે છે. આ ઉપરાંત પત્ની 'સાંભળો છો,' 'કહું છું' જેવાં સંબોધનો દ્વારા પતિને સંબોધન કરે છે. તેજ રીતે પણ પત્નીને 'સાંભળે છે', 'કહું છું' જેવાં સંબોધનો દ્વારા બોલાવે છે.

આ ઉપરાંત કેટલાક સમુદાયોમાં લગ્ન સંબંધે સગપણ બંધાવાથી કેટલાંક સગાંમાં વિશિષ્ટ પ્રકારના નિષેધો જોવા મળે છે. દા.ત. ગુજરાતના ચૌધરી આદિવાસીઓમાં સાસુ પોતાના જમાઈને તેનું વ્યક્તિગત નામ દઈને બોલાવવાનો નિષેધ છે. દા.ત., જમાઈનું નામ રૂપાભાઈ છે તો તે કદી 'રૂપિયો' શબ્દ પણ બોલી શકતા નથી. એટલું જ નહીં જ્યારે પ્રસંગ પડે તો તે રૂપિયાને બદલે 'પૈસો-પૈહો' શબ્દપ્રયોગ કરશે પણ કદી જમાઈના જેવો શબ્દપ્રયોગ કરી શકતી નથી. તેવું જ ગુજરાતના વડોદરા જિલ્લાના રાઠવાઓમાં સાસુ પોતાના જમાઈને નામ દઈને બોલાવી શકતી નથી. પણ જમાઈ જે કૂળ કે ગોત્ર કે તેની 'અટક' હોય તેના આધારે તેને બોલાવે છે. રાઠવાઓમાં 32 પ્રકારનાં ગોત્રો છે. જેવાં કે 'તહેવલા, કનાસિયા, ચોગડિયા વગેરે. એટલે સાસુ જમાઈને 'એ તડેવલા જમાહાય' કહીને બોલાવે છે અને જો એક કુળ કે ગોત્રના બે જમાઈ હોય તો તેના ગામનું નામ જોડીને સંબોધન કરવામાં આવે છે એટલે એ 'રંગપુરના તડેવલા જમાહાય'. આમ દરેક સમાજમાં સામાજિક શબ્દ-સંબોધન તેની ભાષા કે બોલી અને સામાજિક માળખાના સંદર્ભમાં પ્રયોજાય છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ચૌધરી અને કેટલીક અન્ય જાતિઓમાં લોહીના સંબંધોનાં સગાંને માનાર્થે સંબોધનનો શબ્દ નથી. 'તુમી' કહીને જ એકવચનમાં તે પછી ઉંમરમાં મોટું હોય, મા-બાપ, મોટો ભાઈ, મોટી બહેન હોય તોપણ એકવચનથી બોલાવવામાં આવે છે. તેવું પંજાબી ભાષામાં પણ લોહીના સંબંધો જ નહીં પણ લગ્નસંબંધી સગાંઓ માટે પણ માનાર્થે સંબોધન-અભિવ્યક્તિ નથી. ત્યાં 'તુસી' કહીને લોહીનું, લગ્નનું, મોટી ઉંમરનું કે નાની ઉંમરનું સગું હોય બધાંને એક જ પ્રકારના સંબોધનથી સંબોધવામાં આવે છે. આ જ પ્રકારે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના કોળી પટેલો તથા માછીમારોમાં પણ માનાર્થે બહુવચન શબ્દપ્રયોગ થતો નથી. આમ સંશોધકે દરેક સમાજની ભાષા કે બોલીના સ્વરૂપના સંદર્ભને જાણવા જરૂરી બને છે અને સંબોધન-સ્વરૂપ કેવી રીતે ભાષાકીય અભિવ્યક્તિને તથા વર્તન-વ્યવહારને અસર કરે છે તે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

11. ઘણી વખત સગપણ-સંબોધનની મર્યાદા પણ દેખાય છે. સગું છે પણ વૈયક્તિક રૂપે કોઈ સંબોધન થતું નથી. દા.ત., Egoના પિતાની બહેનના પતિના પિતા –FZHF કોઈ સંબોધન નથી. પરંતુ તે પિતાની બહેનની સાસરીપક્ષે સગું ગણાય. એટલે 'વેવાઈ પક્ષ' થયો ગણાય. તેવું જ 'સાસરીપક્ષે સગું' થયું ગણાય. પણ વૈયતિક સંબોધન નામ ન પણ હોય. આમ દરેક સમાજને પોતાની રિવાજી વ્યવસ્થા હોય છે જે દ્વારા સંબોધનોની અભિવ્યક્તિ વિકાસ પામે છે. આ સંદર્ભમાં સંશોધકે સામાજિક આંતરસંબંધોના તાણાવાણાને શોધીને સમજવું પડે છે કે કોણ, કોનું કેટલું કયા પ્રકારે સગું થાય અને તેથી તેના વર્તન-વ્યવહાર પર તેની અસર કેવી થશે તે સ્પષ્ટ કરવાનો કે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

12. કેટલીક વખત અમુક સમુદાયોમાં લગ્ન-સંબંધોથી થતા સગાઈ-સંબંધોમાં કન્યા જે સમાજમાં આપી હોય તે વેવાઈપક્ષનાં સગાંને માનાર્થે સંબોધન કરવાનો રિવાજ હોય છે. એટલે પરણનાર સ્ત્રીએ પતિનાં સગાંઓને ઉંમરમાં મોટાં હોય તેમને તથા ઉંમરમાં નાનાં હોય ભલેને ત્રણથી પાંચ વર્ષનાં સગાં કેમ ન હોય પણ સૌને માનાર્થે સંબોધન કરવાનો રિવાજ છે. પોતાની 'નણંદ' HZy (નાની નણંદ) હોય તો તેને 'નણંદ બા' કે જેઠની દીકરી હોય તો 'કુંવરી બા' શબ્દપ્રયોગો દ્વારા માનાર્થે સંબોધન કરવું આવશ્યક બને છે.

આ પ્રકારે ગુજરાતના ચૌધરી આદિવાસીઓમાં પત્નીની મોટી બહેન–Wze–મોટી સાળી થાય તેને 'આકડ સાસુ' કહેવાય છે. જેનું નામ ન બોલાય અને

સાસુ જેટલો દરજ્જો છે અને સામાજિક વ્યવહાર રહે છે. બંને વચ્ચેના વ્યવહારમાં ભારે નિષેધો જોવા મળે છે. પરંતુ તેથી વિરુદ્ધમાં WZy પત્નીની નાની બહેન 'નાની સાળી' સાથે મુક્ત સંબંધો છે. જે ક્યારેક જાતીય સંબંધો અને બીજી પત્ની સુધી વિકસી શકે છે. કેટલીક વખત સામાજિક લોકોક્તિ પ્રમાણે 'સાળી આધી ઘરવાળી' જેવી સ્થિતિ સુધીની મોકળાશ પણ સમાજમાં જોવા મળે છે.

13. સગપણ-સંબોધન કરનાર પુરુષ કે સ્ત્રી છે તેના આધારે સંબોધન-શબ્દમાં ફરક પડે છે. દા.ત., પંજાબી ભાષામાં પુરુષ પોતાના સગા લોહીના ભાઈને 'ભાઈ' કહીને બોલાવે છે. પરંતુ સ્ત્રી તેને 'વીર' સંબોધનથી બોલાવે છે. આમ કઈ sex સંબોધન કરે છે તેથી પણ સંબોધનમાં ફેરફાર થાય છે. માટે અભ્યાસમાં 'ws' એટલે સ્ત્રી-સંબોધન કરે અને 'ms' એટલે પુરુષ-સંબોધન કરે એમ જુદી નોંધ ચકાસવી જોઈએ.

14. ઘણા સમાજોમાં એક સંબોધન ઘણા માટે વપરાય છે. દા.ત., અંગ્રેજીમાં 'અંકલ' (uncle) શબ્દ FB અને MB બંને માટે એક જ સ્વરૂપે વપરાય છે. વાસ્તવમાં બંને વચ્ચે સગપણ સંબંધોનું સ્વરૂપ સાવ જુદું છે. તે જ રીતે 'ભાઈ' શબ્દપ્રયોગ પોતાના લોહીના સગા ભાઈ માટે, પિતરાઈ ભાઈ માટે, સાવકા ભાઈ માટે તથા પોતાની ઉંમરના કોઈ પણ ગામની, દૂરની કે અજાણી વ્યક્તિ માટે પણ 'ભાઈ' શબ્દપ્રયોગ વપરાય છે. તેવી રીતે પિતાની ઉંમરના ને વડીલ, બાપા, માના ગામના પુરુષને 'મામા', પિતાની ઉંમરનાને 'કાકા' વગેરે નામો દ્વારા સંબોધવાની રીત પ્રચલિત છે. તે જ રીતે 'બહેન', 'માડી', 'માઁ' શબ્દપ્રયોગ કે સંબોધનો સાર્વત્રિક રીતે ગુજરાતી ભાષામાં વપરાય છે. આવા સામૂહિક સંબંધો માટે 'કોમન સંબોધનો'—મામા, માસી, ભાભી, દાદા, ભાઈ વગેરે વપરાય છે.

15. સગપણ-સંબંધો અને તેમની વચ્ચેના વર્તન-વ્યવહારો તેમાના નિષેધો અને નિષેધોની માત્રા અને વિવિધ સ્વરૂપો સાર્વત્રિક જોવા મળે છે જે અગાઉ દર્શાવ્યાં પ્રમાણે 'Joking Relation' તથા 'Kinship Avoidance' તરીકે ઓળખાય છે. દક્ષિણ ગુજરાતમાં અનાવિલ જ્ઞાતિમાં સાસુ-વહુ, સસરા-વહુ વચ્ચેના તથા ચૌધરી અને તેની સાથેની કેટલીક જાતિઓમાં સાસુ-જમાઈ અને મોટી સાળી (આકડ સાસુ) વચ્ચેના નિષેધાત્મક વ્યવહારોનું સ્વરૂપ છે જે સંશોધકે સંશોધન કરતાં ધ્યાનમાં લેવા જેવું છે. સંબંધોના વ્યવહારો દરજ્જા, ફરજો વચ્ચે તથા ઉંમર વચ્ચે, લિંગને કારણે મોકળાશભર્યા કે નિષેધાત્મક વ્યવહારોના સ્વરૂપોને સમજવાં જોઈએ. સગપણ-સંબંધોના ક્ષેત્રનો વ્યાપ કેટલો મોટો, કેવા પ્રકારનો છે તેને સમજવું અત્યંત જરૂરી છે. જે તેમની પરસ્પરની વર્તન-પ્રણાલી, સંબોધન-સ્વરૂપ વગેરેને સ્પર્શે છે. આવા વ્યવહારોમાં 'આણાં-જીયાણાં', ભેટ-સોગાદની આપ-લે, દહેજ, મોસાળું, ચાંલ્લા વ્યવહાર, નૂતરાં વ્યવહાર, ભાણા વ્યવહાર, પાઘડી વ્યવહાર, મૃત્યુ વ્યવહાર વગેરે સંબંધોના ક્ષેત્રવિસ્તાર અને વ્યવહાર મર્યાદાને આધારે વાસ્તવિક જીવનવ્યવહાર ગતિશીલ બને છે.

**સંદર્ભસૂચિ :**


- 1964 : Notes and Querries on Anthropology by–Royal Anthropology Institute of Great Britain
- 1965 : Manual for Kinship Analysis by–Ernest L. Schusky
- 1964 : Exploration in Cultural Anthropology Ed by–Goodenough, Ward H.
- 1967 : Kinship and Marriage by - Fox Robin
- 1973 : Hand book of Social and Cultural Anthropology Ed by — Homigman, John J.
- 1979 : The Craft of Social Anthropology Ed by–Epsein, A. L. Research Practices in the study of Kinship
- 1984 : Research Practices in the study of Kinship by–Alan Barnard and Anthony Good


•

## નિષ્ઠાવાન અધ્યાપક, કર્મઠ કર્મશીલ સ્વ. નલિનીબહેન ત્રિવેદીની જીવનઝરમર

– ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ*

પ્રતિભાશાળી અને નિષ્ઠાવાન અધ્યાપક તેમજ કર્મઠ, કર્મશીલ, માયાળુ માનવી શ્રીમતી નલિનીબહેન ત્રિવેદીનું અમદાવાદ ખાતે 9-7-2018ના રોજ ટૂંકી માંદગી બાદ નિધન થયું. તેઓ માત્ર સમાજશાસ્ત્ર વર્તુળમાં જ નહિ, પરંતુ સમગ્ર શિક્ષણ વર્તુળ અને સ્વૈચ્છિક સંગઠન વર્તુળમાં પોતાના માયાળુ સ્વભાવ અને મક્કમ વિચારોને લીધે જાણીતાં હતાં. શ્રીમતી નલિનીબહેનનું વતન રાજુલા, પણ તેમનો જન્મ ભાવનગર જીલ્લાના સત્રા ગામમાં થયો હતો.

તેમની શૈક્ષણિક કારકિર્દી જોઈએ તો પાંચ ધોરણ સુધી માતા-પિતા સાથે રહી ભણ્યાં હતાં. તેમના પિતા ગામમાં મેડિકલ ઑફિસર હતા. છઠ્ઠા ધોરણથી ગ્રૅજ્યુએશન, પોસ્ટગ્રૅજ્યુએશન સુધીનો અભ્યાસ રાજકોટમાં મામાના ઘરે રહીને કર્યો હતો. તેમના મામા શિક્ષક હતા. તેમનું કુટુંબ શિક્ષકનું હતું તેની અસર નલિનીબહેનના વ્યક્તિત્વ પર પડેલી સ્પષ્ટ દેખાતી. નલિનીબહેનની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ હતી. બી.એ. અને એમ.એ. બંનેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. એમ.એ.માં તેઓ જેઠવા સાહેબ, ચુડાસમા સાહેબ તેમજ વિઝિટિંગ અધ્યાપક એન.બી. પંડ્યા અને વિદ્યુત જોષીના હાથ નીચે સમાજશાસ્ત્રમાં પાકા ઘડાયાં હતાં. વિદ્યુતભાઈના મતે તે સમયે જ અધ્યાપકોને તેમનામાં રહેલી શક્તિ દેખાતી કે આગળ જતાં આ છોકરી ખૂબ પ્રગતિ કરશે. સૌરાષ્ટ્રમાંથી નીકળેલી સમાજશાસ્ત્રની બહેનોમાંથી એકમાત્ર નલિનીબહેન સૌથી આગળ રહ્યાં હતાં. તો 1978માં એમ.ફિલ. ગુજરાત યુનિ.માંથી કર્યું હતું. 1972-73માં બી.એડ્. કર્યું હતું. તેઓને સંગીત સાહિત્યનો શોખ હતો સંગીતની તાલીમ પણ તેમણે લીધેલી. તેઓ સારું ગાઈ પણ શકતાં હતાં.

તેઓએ નાના કુટુંબમાં તેમના પતિ કિશોરભાઈ અને બે પુત્રીઓ રાધા અને ગોપી સાથે ભર્યું ભર્યું જીવન માણ્યું. પતિ કિશોરભાઈ એલ.આઈ.સી.માં વહીવટી અધિકારી હતા, જેઓ પણ ખૂબ સક્રિય હતા. તેઓએ ક્લાસ વન અધિકારી યુનિયનના પ્રમુખ તરીકે સેવાઓ આપી. સોસાયટીમાં પણ ચૅરમૅન તરીકે 15 વરસથી સેવા આપી રહ્યા છે. મોટી દીકરી રાધા જે આર્કિટેક્ચર બની હાલ સુરતમાં રહે છે જેમના પતિ મોટા બિઝનેસમેન છે તો નાની દીકરી ગોપી હાલ યુ.એસ.એ.માં છે; જેમના પતિ સુપર સ્પેશિયલ ડૉક્ટર છે. ગોપીને શિક્ષણમાં ફરી રસ જાગતાં હાલ હાર્વર્ડ યુનિ.માં બાયોમેડિકલનો અભ્યાસ કરી રહી છે, નલિનીબહેન કુટુંબ માટે ખૂબ ઊંડી લાગણી ધરાવતાં છતાં કુટુંબ અને કાર્યક્ષેત્ર વચ્ચે સંતુલન સાધી બંનેને ન્યાય આપ્યો છે.

તેમની વ્યવસાયિક કારકિર્દી 1976થી સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે એમ.પી. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન અને સ્વામિનારાયણ આર્ટસ્ કૉલેજ અમદાવાદથી શરૂ કરી હતી. તો 1976 થી 2013 સુધી અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રનાં પૂર્ણ સમયનાં વ્યાખ્યાતા તરીકે 37 વરસની સુદીર્ઘ સેવા એક જ કૉલેજમાં પૂરી કરી. કૉલેજમાં 12 વાગ્યા સુધી ભણાવે પછી 1-30 સુધી લાઇબ્રેરીમાં વાંચતા. ક્યારેય ઘરે જવાની ઉતાવળ કરી નહોતી. કૉલેજમાં બધાં સાથે હળીમળી જવાનો સ્વભાવ તેમજ સ્ટાફ અને વિદ્યાર્થીઓને હંમેશાં મદદ કરવાની તત્પરતાને કારણે તે સૌનાં લાડીલા હતાં. તેઓની વિષય પરની પક્કડ અને શિક્ષણશૈલી ખૂબ પ્રભાવી હતી. શ્રેષ્ઠ ઉદાહરણ દ્વારા વિષયની સમજૂતી આપતાં વિદ્યાર્થીને વાત શીરાની જેમ ઊતરી જતી. તેઓને વિદ્યાર્થી માત્ર સમાજશાસ્ત્રમાં જ નિપુણ બને તેટલાથી સંતોષ નહોતો થતો. તેથી તેઓ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે ખાસ પ્રયત્ન કરતા. માર્ગદર્શન આપી સતત પ્રોત્સાહિત કરતા. તેમણે સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ સામાજિક સંબંધોના શિક્ષણ પૂરતું સીમિત ન રાખતાં તેમના જીવનમાં આવતી દરેક વ્યક્તિ સાથે સુમધુરતા પૂર્વક સંબંધોની માવજત કરી વ્યવહારમાં લાગુ કરી બતાવ્યું છે તો દુખિમે રજૂ

* એસો. પ્રોફેસર સમાજશાસ્ત્ર, વિભાગ એમ. પી. આર્ટસ કૉલેજ ફોર વીમેન, અમદાવાદ-૨૨.

કરેલ ખ્યાલ, સમાજશાસ્ત્ર જીવન જીવવાની કળા છે તેને માત્ર ભણાવી ન જાણતાં આચરણ દ્વારા જીવનમાં ઉતારવાનું વિદ્યાર્થીઓને શીખવ્યું છે.

તેઓના ઋજુ હૃદયમાં વિદ્યાર્થીઓની તકલીફ અને ચિંતા સતત જોવા મળતી. તેઓ અનેક વિદ્યાર્થીઓને વિવિધ રીતે મદદરૂપ બન્યાં છે. જેના માટે અહીં શબ્દો ઓછા પડે તેમ છે. તેમના આ આચરણને ધ્યાનમાં લઈ આજે પણ મારા જેવા અધ્યાપક વિદ્યાર્થીને મદદ કરવા તત્પર રહે છે. તેમનો આ અમૂલ્ય શૈક્ષણિક વારસો મારા જેવા અનેક વિદ્યાર્થીઓને મળ્યો છે. તેઓએ વિભાગનાં અધ્યક્ષ રહી સમાજશાસ્ત્રને ચેતનવંતો રાખ્યો હતો અને જૂન 2013માં વયમર્યાદાને લીધે નિવૃત્ત થયાં હતાં.

શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંત જ્ઞાનપ્રસાર કાર્ય માટે આકાશવાણી અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી રેડિયોમાં અમૃતધારા કાર્યક્રમમાં વિવિધ વિષયનાં વક્તવ્ય આપ્યાં હતાં. ઉપરાંત દૂરદર્શન પરથી વિવિધ વિષયમાં વક્તવ્ય આપ્યાં હતાં. તેઓ કરાઈ પોલીસ તાલીમ કેન્દ્ર અને સાબરમતી જેલ તાલીમ કેન્દ્રમાં તાલીમ આપવા પણ જતાં.

તેઓ સદાય હસતાં, સ્મિત રેલાવતાં, ઉત્સાહી જોવા મળતાં. તેમનાં વર્તન, શબ્દ, કાર્યમાં ક્યાંય નિરાશા કે થાક જોવા મળ્યાં નથી. તેમના અંતિમ સમય સુધી સ્વાસ્થ્ય સાથ ન આપતું હોવા છતાં પણ તેમણે પોતાની પ્રવૃત્તિઓ જેવી કે વાંચન, લેખન, સંપાદન કરતાં રહ્યાં. તેઓનો છેલ્લો લેખ અખિલ હિંદ મહિલા પરિષદ વિશે સમાજકારણમાં છપાયો છે.

તેઓના લેખનકાર્યના પ્રદાન અંગે કહી શકાય કે જો તે અધ્યાપક ન બન્યાં હોત તો એ શ્રેષ્ઠ સાહિત્યકાર હોત. તેઓએ ટૂંકી વાર્તા, કાવ્ય અને વાર્તાસંગ્રહની ઉત્તમ રચનાઓ પણ કરી છે. જેમાં 'સ્રોતસ્વી' અને 'સખ્ય' વાર્તાસંગ્રહો વિશિષ્ટ છે. ટૂંકી વાર્તા માટે તેમને 2017માં પ્રથમ પારિતોષિક મળ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે સમાજશાસ્ત્રનું ગુજરાતી ભાષામાં ગુણવત્તાયુક્ત સાહિત્ય પૂરું પાડતાં ઘણાં પુસ્તકો અન્ય અધ્યાપકો સાથે મળીને લખ્યા છે. વિશ્વકોશ ટ્રસ્ટના અધિકરણ-૯ના લેખક તરીકે અને પાઠ્યપુસ્તક મંડળમાં લેખક અને પરામર્શક તરીકે સેવા આપી છે. ઉપરાંત તેઓએ અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા ચાલતા ગુજરાતી ત્રિમાસિક 'નવ્ય ઉજાસ'નાં માનદ તંત્રી તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે તો 'સમાજકારણ'ના તંત્રી તરીકે પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

વિવિધ સંસ્થાઓમાં તેઓએ આપેલા યોગદાનને જોતાં કહી શકાય કે ગુજરાત સામાજિક સેવા મંડળને ટકાવવામાં અને તેના દ્વારા ચલાવાતા મુખપત્ર 'સમાજકારણ'ને છેલ્લાં 12 વર્ષથી નિયમિત અને વ્યવસ્થિત રીતે ચાલતું રાખવામાં ભૂલી ન શકાય તેવું તેમનું યોગદાન રહ્યું છે. તેઓએ વ્યવસ્થાપક તરીકે છેલ્લા દિવસ સુધી સેવા પૂરી પાડી હતી.

ઉપરાંત સ્ત્રી-સશક્તીકરણ અને નારી-પ્રશ્નોના ઉકેલ માટે ઊભી કરેલ 'અવાજ' સંસ્થામાં એક કર્મશીલ તરીકે 1983થી જોડાયાં અને પાયાના કાર્યકર તરીકે શ્રી ઈલાબહેન પાઠક સાથે પડખે ઉભાં રહી સંસ્થાને વિસ્તારી છે. મંત્રી તરીકે ઘણાં વર્ષો સુધી સેવા આપી. તેમાંય નિવૃત્તિ પછી 'અવાજ' સંસ્થામાં નિયમિત જતાં. તેઓ લો પ્રોફાઈલ રહી 'અવાજ'-સંગઠનની વ્યવસ્થા સંભાળવાનું કાર્ય કરતા. બધા જ કાર્યક્રમો પાછળ તેમનું આયોજન અને વ્યૂહરચનાએ 'અવાજ'ને આગવી ઓળખ પૂરી પાડી છે. 'ડંકો વાગ્યો બહેનો જાગજો રે, નવા ચીલા પાડવા મારે' સૂત્ર આપ્યું હતું. નારીપ્રશ્નોને ઉકેલવા દિવસરાત જોયા વિના તેઓ જરૂર જણાય ત્યાં પહોંચી ગયા હોવાનું મને યાદ છે. એક લેખક તરીકે હંમેશાં તેમની ઓળખ નલિની કિશોર ત્રિવેદી તરીકે આપતાં. જેમાં તેઓ મધ્યમમાર્ગી નારીવાદી હોવાનું પણ પ્રતિબિંબિત થાય છે.

તેમની કાર્યનિષ્ઠા એવી કે 25 જૂને ડૉક્ટરને બતાવી આવ્યા બાદ થાકી ગયા હોવા છતાં રાત્રે 12 વાગ્યા સુધી જાગી તંત્રીલેખ લખ્યો. તેમનો આગ્રહ એવો કે ગમે તે થાય પરંતુ પહેલી તારીખે અંક પ્રકાશિત થઈ જવો જોઈએ.

સૌરાષ્ટ્ર ત્રિવેદી મહિલા સંસ્કાર મંડળ અમદાવાદની

1995માં તેઓએ સ્થાપના કરી. આ સંસ્થા મહિલા જાગૃતિ, સશક્તીકરણનું કાર્ય કરતી હતી. ખાસ કરીને ગૃહિણીઓનું મંડળ હોવાથી ગૃહિણીઓ લીડર બને અને બોલતી થાય તે માટે ખૂબ સરસ કાર્ય કર્યું. પરિણામે 15 બહેનો જાહેરમાં પ્રવચન આપતી થઈ હતી. જ્ઞાતિમાં સુધારા માટે ઘણું કાર્ય કર્યું.

તેમનું કાઠિયાવાડી બેકગ્રાઉન્ડ તેમના ઘરે જતા દરેકને અનુભવવા મળ્યું છે. તેઓની આતિથ્યભાવના એવી કે કોઈ પણ વિદ્યાર્થી કે કર્મચારી ઘરે જાય તો ચા-નાસ્તા કરાવ્યા વિના ઊભા થવા દે નહિ અને જમવાનો સમય હોય તો જમાડ્યા વગર નીકળવા ન દે. આવા સુખદ અનુભવ મારા જેવા ઘણા વિદ્યાર્થીઓને થયા છે. તો વળી કૉન્ફરન્સ સેમિનારમાં ભોજન પછી મુખવાસ માટે સૌ નલિનીબહેનને ખાસ યાદ કરે. બહેન પાસે સાકર, આમળા, ગોટલી, આદુંની કટકી, લવિંગ અને ઘણી વખત સૂકામેવા તેમજ ચૉકલેટ પણ હોય તે બધાંને સામેથી આપીને આનંદ અનુભવે. ખરેખર, નલિનીબહેન આપનાર વ્યક્તિ હતા. જેમને જે જરૂર જણાઈ તે વસ્તુ પૂરી પાડી મદદકર્તા બન્યા છે.

બીજું કે લોકોને મદદરૂપ થવાની આ ભાવના પોતાની જાત પૂરતી સીમિત ન રાખતાં પોતાના કુટુંબના સભ્યોને પણ તેમાં જોડતા. તેમના ઘરે જનારને કિશોરભાઈએ કે તેમની દીકરીઓએ હંમેશાં ઉમળકાથી આવકાર આપી આત્મીયતાનો અનુભવ કરાવ્યો છે. ખૂબ ઓછા કુટુંબમાં આવી ભાવના જોવા મળે જે નલિનીબહેનના ઘરે જોવા મળતી.

તેઓ એટલાં બધાં દયાળુ-માયાળુ હતાં કે હમેશાં સાથે બિસ્કિટ - ચૉકલેટ અને ખાવાની વસ્તુ રાખતાં ને પેટ્રોલ પુરાવવા જાય કે દવાખાને જાય ત્યાં સ્ટાફને ચૉકલેટ આપતાં. રસ્તામાં બાળકો રમતાં-ફરતાં હોય તેને બિસ્કિટ-ચૉકલેટ આપતાં. ઉપરાંત સાથે તે પુસ્તક પણ રાખતાં જે યોગ્ય વ્યક્તિને દાનમાં આપતાં.

મદદ કરવાનો સ્વભાવ એટલો વણાઈ ગયેલો કે રસ્તામાં કોઈ મોટી ઉંમરની સ્ત્રી જતી હોય કે વજન ઊંચકીને જતી હોય તો તો કારમાં બેસાડી ઘર સુધી મૂકી આવે. ભાવનગર જતાં ઘણી વખત આ રીતે લોકોને મદદરૂપ બન્યાં છે.

તેઓ માંદગી સામે ખૂબ હિંમતથી લડ્યાં, એટલું જ નહીં એમને એટલો બધો વિશ્વાસ હતો કે આ માંદગીમાંથી બહાર આવીશ અને લોકોને જાગ્રત કરવા - રોગ સામે લડવા સાદી-સરળ ભાષામાં પુસ્તક લખી પ્રકાશિત કરીશ, પણ અફસોસ... તેઓ આ ઇચ્છા પૂર્ણ ન કરી શક્યાં.

એક સમાજશાસ્ત્રી તરીકેના ઘડતરમાં એમ.ફિલ.ના અભ્યાસ દરમ્યાન સમાજવિદ્યા ભવન ગુજ. યુનિ.ના સમાજશાસ્ત્રના વિદ્વાન અધ્યાપકોની અસર તેમજ એચ. કે. આર્ટ્સ કૉલેજનું બૌદ્ધિક વાતાવરણ અને અવાજ સંસ્થાનું મોટું યોગદાન રહ્યું.

શ્રી નલિનીબહેનમાં સત્ય, પ્રેમ અને કરુણાના ગુણો અને એક સાચા શિક્ષકમાં જોવા મળતી ગુરુની ઝાંય જોવા મળી છે. તેમને પોતાના કામથી ખૂબ સંતોષ હતો. તેમનો જીવનમંત્ર હતો : 'વર્તમાનમાં જીવવું, આનંદમાં રહેવું, રાગ-દ્વેષ છોડી અન્યની પ્રગતિમાં ખુશ રહેવું.' આમ, સાદું જીવન અને ઉચ્ચ વિચાર ધરાવતાં નિષ્ઠાવાન અધ્યાપક, કર્મઠ-કર્મશીલ અને માયાળુ માનવી શ્રી નલિનીબહેને આપેલી મૂલ્યવાન સેવાઓ અને સમાજશાસ્ત્ર અને સ્વૈચ્છિક સંગઠનમાં આપેલું યોગદાન સદાય યાદ રહેશે. તેમની વિદાયથી સ્વૈચ્છિક સંગઠનના એક કર્મશીલ, સમાજશાસ્ત્રી અને નિષ્ઠાવાન અધ્યાપક અને માયાળુ આત્મીયજનની ખૂબ મોટી ખોટ પડી છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

•

> જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી. મારા પ્રયોગોમાં આધ્યાત્મિક એટલે નૈતિક, ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.
>
> -ગાંધીજી

# ગાંધી અધ્યયનના સાંપ્રત પ્રવાહો

– ડૉ. હરિભાઈ એમ. પટેલ*

આ લેખમાં ગાંધી-અધ્યયનના સાંપ્રત પ્રવાહો-સંબંધિત સંશોધન કરવાનો એક પ્રયાસ છે. છેલ્લા છ દાયકાઓમાં ગાંધી-અધ્યયનના સંદર્ભે વર્ણનાત્મક, તુલનાત્મક, વિશ્લેષણાત્મક, વાર્તાલાપ-સ્વરૂપ, જીવનચરિત્ર અને આત્મકથાના સ્વરૂપે વિવિધ પ્રકારના લેખો લખાયા છે. વિશેષ રૂપે, છેલ્લા બે દાયકાઓમાં ગાંધીજી વિશે વિવિધ પ્રકારના લેખો લખાયા છે. આ ટૂંકા ગાળામાં આ ફેરફાર કેવી રીતે આવ્યો તે જોવાનું આશ્ચર્ય છે અથવા એવું કહી શકાય કે ગાંધીજી વિશેના વર્તમાન લેખ અગાઉના લેખથી કેવી રીતે અલગ છે ? ગાંધીજીના વિચારોથી સંબંધિત લેખો વિવિધ વર્ગોમાં વિભાજિત કરી શકાય છે, પરંતુ આ લેખની વિશેષતા એ છે કે આ 'ગાંધી-અધ્યયન' સાથે સંકળાયેલો એક શૈક્ષણિક લેખ છે. ગાંધી-અધ્યયન એ શિક્ષણના ક્ષેત્રમાં એક મોટો વિષય છે, જેનો સંબંધ સમાજવિજ્ઞાન અને મનુષ્ય સાથે છે. ગાંધી અધ્યયન ખાસ કરીને ગાંધીજીના જીવન પર તેમજ તેમના વિચારો અને સંદેશાઓ પર પ્રકાશ પાડે છે. આ ત્રણ વસ્તુઓ એકબીજાથી જુદી પાડવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ શૈક્ષણિક હેતુથી આ ત્રણ બાબતોનું અલગ અલગ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**વિદ્યાકીય ક્ષેત્રમાં 'ગાંધી-અધ્યયન'નો પ્રારંભ :**

વિદ્યાકીય ક્ષેત્રમાં ગાંધી-અધ્યયનનો સૌપ્રથમ પ્રારંભ ફિલિપ સ્પ્રૅટના પુસ્તક 'ગાંધીવાદ-એક વિશ્લેષણ' (1939) (Gandhism : An Analysis)[1]થી થયો. તેમના આ અધ્યયનને માર્ક્સવાદી વિચારધારાસાથે જોડીને જોવામાં આવે છે. ફિલિપ સ્પ્રૅટના આ પુસ્તકમાં એવું કહેવામાં આવ્યું છે કે ગાંધીની વિચારધારાને મૌલિક કહેવાય નહીં કારણ કે ગાંધીવાદી વિચારો ભારતીય પરંપરા અને ક્રિશ્ચિયન સિદ્ધાંતોથી પ્રભાવિત છે. પરંતુ ફિલિપ સ્પ્રૅટ દ્વારા ગાંધી-અધ્યયનને વિદ્યાકીય ક્ષેત્રે સાથે જોડવા માટેનો આ પહેલો પ્રયાસ હતો. આ પછી તરત જ નિર્મલકુમાર બોસ (1940), જે ગાંધી સાથે સંકળાયેલા હતા અને સેક્રેટરી તરીકે કામ કરતા હતા તેમણે તેમનું પુસ્તક 'ગાંધીવાદ કા અભ્યાસ' (Studies in Gandhism)[2] પ્રકાશિત કર્યું. આ પુસ્તકમાં ગાંધી-અધ્યયનની પ્રશંસા કરવામાં આવી અને તેને એક વિશ્લેષણના રૂપમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

અમેરિકન વકીલ રિચાર્ડ બી. ગ્રેગ (Richard B. Gregg) કે જેઓએ હાર્વર્ડમાં શિક્ષણ મેળવ્યું હતું, તથા 1925-30 દરમ્યાન પાંચ વર્ષ સુધી ભારતમાં રહ્યા હતા અને આ સમયગાળા દરમિયાન ગાંધી આશ્રમમાં થોડો સમય પસાર કર્યો હતો, તેમણે પોતાના અનુભવમાંથી 'ધ પાવર ઑફ નૉનવાયોલન્સ' (The Power Of Nonviolence)[3] પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં, અહિંસાના વિચારો સમાજવિજ્ઞાન અને મનોવિજ્ઞાન વિષયના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યા છે. આ પુસ્તકે ભારત અને વિદેશના વિદ્વાનોને આકર્ષિત કર્યા અને ત્યારથી ગાંધી અને અહિંસાના અભ્યાસને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી જોવાનું શરૂ થયું.

આમ તો ગાંધી-અધ્યયનને વિદ્યાકીય ક્ષેત્રમાં લાવવાનું શ્રેય શ્રી મગનભાઈ દેસાઈને પણ જાય છે. તેઓએ ગૂજરાત વિદ્યાપીઠમાં 'એમ.એ.'ની પદવી માટે 'સત્યાગ્રહની મીમાંસા' શોધનિબંધ લખ્યો. જેનો અંગ્રેજી અનુવાદ 2004માં કરવામાં આવ્યો હતો. આ પુસ્તક વિશે પોતાનો અભિપ્રાય આપતાં ગાંધીજીએ કહ્યું કે મને મગનભાઈ પર ગર્વ છે કે જેઓએ સત્યાગ્રહના સિદ્ધાંતોને એક પુસ્તક સ્વરૂપે રજૂ કર્યા છે. તેમણે એમ પણ કહ્યું કે મેં મારા જીવનના દરેક ક્ષેત્રમાં સત્યાગ્રહનો ઉપયોગ કર્યો છે અને અન્યાય વિરુદ્ધ મારો અવાજ ઉઠાવ્યો છે. પરંતુ આ પુસ્તક વાંચ્યા પછી, સત્યાગ્રહના સિદ્ધાંતો વિશે વધુ માહિતી માટે મારે મગનભાઈની સલાહ લેવી પડશે.

આ પછી ગોપીનાથ ધવને (1946) તેમના પુસ્તક 'The Political Philosophy of Mahatma Gandhi'[5]

* ડૉ. હરિભાઈ એમ. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, ગાંધી અધ્યયન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

માં ગાંધીના રાજકીય વિચારો પ્રસ્તુત કર્યા, જેમાં અન્યાય સામે અવાજ અને સત્તાના દુરુપયોગની સામાજિક ન્યાય પર અસર વિશે લખવામાં આવ્યું છે. આ શૃંખલામાં, રમાનાથ મૂર્તિ (1958) દ્વારા તેમના પુસ્તક 'onviolence in Politics'[6]માં ગાંધીજીની વિચારધારાનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. તેમણે તેમના પુસ્તકમાં વિચારધારા (Thought)ને બદલે ફક્ત વિચાર (Thinking)નો ઉપયોગ કર્યો છે, કારણ કે એમના મત અનુસાર વિચાર(Thinking)ની પરિકલ્પના વધુ અસરકારક છે. તેમના પુસ્તકમાં, બાર અધ્યાયમાંથી દસ અધ્યાય અહિંસા અંગે ગાંધીજીના વિચાર બાબતે છે. ગાંધી-અધ્યયન માટે આ પુસ્તક આરંભથી અંત છે. જ્હૉન બોન્દુરાંતે (1957)એ તેમના અદ્વિતીય પુસ્તક 'Conquest of Violence'[7]માં ગાંધીજીની અહિંસા અને સત્યાગ્રહના વિચારોને પ્રસ્તુત કર્યા છે. આ પુસ્તકમાં સંઘર્ષ અને સમાધાનના મુદ્દાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે જે ગાંધીની વિચારધારાથી પ્રેરિત છે. આ પુસ્તકમાં ગાંધીવિચારધારાને સામાજિક અને રાજકીય મંચ પર સત્યાગ્રહને કેવી રીતે જોડી શકાય તથા હિંદુ માન્યતાઓને કેવી રીતે વ્યવહારમાં આકાર આપી શકાય છે તે વિષયને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આ પુસ્તક વિશે એમ કહી શકાય કે ગાંધી-અધ્યયન સંબંધિત આ સૂક્ષ્મ અભ્યાસ છે.

ગાંધીજીના અવસાન બાદ જ્યારે નહેરુના સમાજવાદની અસર દેખાતી હતી તથા ભારતીય વિદ્વાનો અને વિદ્યાકીય ક્ષેત્રમાં માર્ક્સની અસરોને સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી ત્યારે કેટલાક માર્ક્સવાદી વિદ્વાનો દ્વારા ગાંધીવિચારધારા પર ટિપ્પણી કરવાનો પ્રવાહ શરૂ થયો. આ ટિપ્પણી ઈ.એમ.એસ.નાંબૂદ્રીપાદ (1958)ના પુસ્તક 'The Mahatma and Ism'[8], સી. જી. શાહ (1963)ના પુસ્તક 'Marxism, Gandhism, Stalinism'[9] અને હિરેન મુખરજી (1960)ના પુસ્તક 'Gandhi A Study'[10]માં સ્પષ્ટ જોઈ શકાય છે. આ લેખકો માને છે કે ગાંધીને એક લોકનેતા તરીકે જોઈ શકાય છે, પરંતુ તેમને એક વિચારના રૂપમાં ના જોઈ શકાય. કારણ કે તેમના લેખો મોટે ભાગે પત્રકારત્વ પ્રકારના અને રાજનીતિથી પ્રેરિત છે, તેથી એક વૈશ્વિક નેતા તરીકે સફળ હતા, પરંતુ સૈદ્ધાંતિક રીતે નિષ્ફળ હતા. નાંબૂદ્રીપાદના મત મુજબ ગાંધીજી પાસે અનેક આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રશ્નોનું નિરાકરણ એક પ્રતિકારના સ્વરૂપે હતું, પરંતુ આપણે એ ના ભૂલવું જોઈએ કે આ પ્રતિકારનો ભાવ ગ્રામીણ જનસમુદાયને આઝાદીની લડાઈમાં એકજૂટ કરીને અંગ્રેજો વિરુદ્ધ એક સંગઠન તૈયાર કરવા માટે બહુ અસરદાર હતો. વાસ્તવમાં માર્ક્સવાદી વિચારધારાથી પ્રભાવિત લોકોએ ગાંધીજીને માત્ર એક વ્યક્તિ તરીકે આલેખ્યા છે અને સ્વતંત્રતા-આંદોલનમાં એમની ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણાવી છે.

1969માં, જ્યારે ગાંધી શતાબ્દી વર્ષની ઉજવણી થઈ રહી હતી ત્યારે ઘણા વિદ્વાનો દ્વારા ગાંધી-અધ્યયન પર ઉત્તમ પ્રકારનું લેખનકાર્ય થયું. પરંતુ મોટા ભાગના લખાણો વિશ્લેષણ પ્રકારનાં હતાં, વૈજ્ઞાનિક આધાર સાથેનાં અર્થપૂર્ણ લખાણ ન હતાં. આમાંથી કેટલાક લેખો વિચલિત કરે તેવા હતા, જેની ટિપ્પણી કરતાં ટી. કે. મહાદેવિયને કહ્યું કે ગાંધી વિશે લખાણ લખતી વખતે કોઈ મૌલિક કાનૂન અધિકારો હોવા આવશ્યક છે. આ બધું હોવા છતાં, અહીં ચાર અભ્યાસોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. પ્રથમ, બુદ્ધદેવ ભટ્ટાચાર્ય (1969) દ્વારા લખાયેલ પુસ્તક 'Evolution of Political Phiosophy of Gandhi'[11] જે ફિલિપ સ્પ્રૅટના વિચારો સાથે સંમત છે અને ગાંધીવિચારધારાના અભ્યાસોને વૈજ્ઞાનિક અભિગમથી જુએ છે. બીજું, આર. આર. દિવાકર દ્વારા લખાયેલ પુસ્તક 'Saga of Satyagraha'[12] જેમાં લેખકના વિચાર જ્હોન બોન્દુરાંત સાથે મળતા આવે છે. તદનુસાર, સત્યાગ્રહ જીવન પ્રત્યેનો એક અભિગમ છે જે જિંદગીનાં બધાં ક્ષેત્રોને સ્પર્શે છે. જે. બંદ્યોપાધ્યાય (1969)નું પુસ્તક 'Social and Political Thoughts of Gandhi'[13] એક પથ દર્શાવનાર પુસ્તક છે. જે એક નયા આયામ તરફ લઈ જાય છે અને તેમાં એક વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય દેખાય છે. ચોથું પુસ્તક એરિક એરિક્સન દ્વારા લખાયેલ 'Gandhi's Truth : The Origins of Militant Non-Violence'[14] જેમાં ગાંધી-

અધ્યયનનો મનોવૈજ્ઞાનિક અભિગમ પ્રદર્શિત થાય છે. આ ચાર અભ્યાસમાં ગાંધીને સમજવા માટે જે પદ્ધતિસરના પ્રયાસ થયા છે તે સામાન્ય દેખાય છે.

**ગાંધીવિચારધારાના સૈદ્ધાંતિક સ્વરૂપનો પ્રારંભ : 1970 :**

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગાંધીવિચારને જોવા માટે પ્રયાસ કરી જોઈએ તો આઝાદીના પ્રથમ બે દાયકામાં વિનોબા ભાવેનું ભૂદાન-આંદોલન ગાંધીજીના સર્વોદયના વિચારથી પ્રભાવિત હતું. ભારતમાં સર્વોદય-આંદોલનના ઇતિહાસ વિશે જોફરી એસ્ટરગાર્ડ અને મેલવીલ કુરેલે (1971) 'The Gentle Anarchist : A study of the Leaders of the Sarvodaya Movement for Non-violent Revolution in India'[15] પુસ્તક લખ્યું છે. આ પ્રાથમિક અભ્યાસમાં સર્વોદય-આંદોલન વિશે મોજણી અને પ્રશ્નાવલી દ્વારા વિગતો એકત્ર કરવામાં આવી છે. આ પુસ્તકમાં સર્વોદયને નેતાના સંદર્ભે અને તેમના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસને આગળ વધારતાં જ્યોફરી એસ્ટરગાર્ડે, 'Non-violent Revolution in India'[16] (1985) પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં 1969થી 1982 દરમિયાન ભારતના રાષ્ટ્રીય આંદોલનો વિશે લખવામાં આવ્યું છે. આ પુસ્તક ખૂબ ચર્ચાસ્પદ રહ્યું અને ટીકાટિપ્પણી પણ બહુ થઈ. આ પુસ્તકમાં ગાંધીના અવસાન બાદ સર્વોદય વિચારધારા અને એને અનુરૂપ સમાજની રચનાને અને બધાના કલ્યાણને ધ્યાનમાં રાખીને કરેલ નવીન પ્રયાસોનો ઉલ્લેખ કર્યો છે. વિનોબા ભાવે દ્વારા કરેલ ભૂદાન અને ગ્રામદાન ચળવળ હેઠળ 21 વર્ષોમાં તેમના નેતૃત્વ દ્વારા કરવામાં આવેલ કાર્યોનાં લેખાંજોખાંનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં વિનોબાના મૃત્યુ (1982) સુધી કરેલ કાર્યોનો ખાસ ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તકનો ગાંધી-અધ્યયન અને વિદ્યાકીય ક્ષેત્રે મૂલ્યવાન ફાળો છે, કારણ કે તેમાં ગ્રામદાનમાં આવેલી સમસ્યાઓ, ભારતીય રાજકારણમાં આવેલ પરિવર્તન અને જયપ્રકાશ નારાયણ દ્વારા થયેલ પ્રયાસો વિશે લખવામાં આવ્યું છે. આ ઉપરાંત ઇન્દિરા ગાંધી દ્વારા 1975માં લાવવામાં આવેલ કટોકટી, જયપ્રકાશ નારાયણ દ્વારા 'સંપૂર્ણ ક્રાંતિ અભિયાન'નું આહ્વાન અને જનતા સરકારની રચનાનો પણ ખૂબ જ સારી રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભારતમાં લાગેલ કટોકટી અને તેની અસરોને જોતાં, ગાંધીજીના વિચારોને પુનઃ વેગ મળ્યો. સ્વતંત્રતાનાં 25 વર્ષ પછી, સ્વતંત્રતાનાં ઇચ્છનીય પરિણામ અને અસર હજુ પણ એક સ્વપ્ન સમાન પ્રતીત થાય છે ત્યારે સમાજવાદી સમાજના નિર્માણની સંભાવના અને તે તરફનું આકર્ષણ પણ અસ્પષ્ટ બની રહ્યું હતું. એ જ રીતે, 1970 પછી, ગાંધી વિચારધારા વિશે કેટલાક ગંભીર અભ્યાસ થયા. આ અભ્યાસોએ સામાજિક અને રાજકીય બાબતોના વિષય પણ પ્રકાશ પાડ્યો. 1970 પછી, ગાંધીજીના રાજકીય વિચારોને ગંભીરતાપૂર્વક અહિંસા સાથે જોડીને જોવાની શરૂઆત થઈ, તેમજ તેને રાજકીય ચિહ્ન તરીકે જોવામાં આવ્યા. આ પ્રકારના વિચાર એ વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યા કે જેઓ મૂળ ભારતીય હતા, પરંતુ કાયમી વિદેશમાં સ્થિર થયા હતા અને ગાંધીવિચારધારાના કોઈ એક વિષય સાથે જોડાયેલા હતા, નહીં કે સંપૂર્ણ રીતે આ અભ્યાસમાં વ્યસ્ત હતા.

1973માં રાઘવન ઐયરે પોતાનું પુસ્તક 'Moral and Political Thoughts of Mahatma Gandhi'[17] પ્રકાશિત કર્યું, જેમાં તેમણે કહ્યું કે ગાંધીના વિચારોને એક મજબૂત નીવ આપવાને બદલે અલ્પ મહત્ત્વ આપવામાં આવ્યું છે જે ન્યાયિક નથી. એમણે ગાંધીજીના રાજકીય વિચારોની તુલના પ્રતિષ્ઠિત રાજનીતિશાસ્ત્રી પ્લૂટો સાથે કરી તથા ગાંધીવિચારનાં તથ્યત્મક અને વ્યવહારિક પાસાંઓને બદલે નિર્દેશાત્મક પાસાંઓ તરફ વિશેષ ધ્યાન આપ્યું.

1989માં ભીખુ પરીખના પુસ્તક 'Gandhi's Political Philosophy : A Critical Examination'[18] માં ગાંધીવિચારની પ્રવર્તમાન પરિસ્થિતિ પરની અસર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. લેખકના વિચાર અનુસાર ગાંધીની જે કમજોરી છે તે જ્ઞાનમીમાંસા છે. આ પદ્ધતિ સામાન્ય પ્રવાહથી દૂર લઈ જાય છે. તેથી, આમાં ઘણી વખત શંકાઓ પણ પેદા થાય છે.

બીજી બાજુ, વી. એન. ગાંગુલી (1973)

ગાંધીજીની સામાજિક ફિલસૂફી વિશે વાત કરે છે. તેમના પુસ્તક 'Gandhi's Social Philosophy : Perspective and Relevance'[19]માં ગાંધીવિચારને જોવાનો એક વ્યવહારુ પ્રયાસ થયો અને તે એક રસપ્રદ અને વિવાદાસ્પદ પરિપ્રેક્ષ્યથી દૂર રહીને રજૂ કરવામાં આવ્યા. લેખકના મતાનુસાર ગાંધીવિચારધારામાં ગાંધીજીના સ્વ. અનુભવો અને વિચારોના તાણાવાણા ગાંધીના ચરિત્રને સાકાર કરે છે તેમણે ગાંધીજીના તત્ત્વજ્ઞાનને એક મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પ્રસ્તુત કર્યું છે.

1987માં જે. ડી. સેઠીએ પોતાના પુસ્તક 'Gandhi Today'[20]માં ગાંધીજીના રાજકીય, આર્થિક અને સામાજિક વિચારોને વિસ્તૃત રીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. સેઠીએ ગાંધીવાદને મૂડીવાદ અને માર્ક્સવાદના વચ્ચેના માર્ગ તરીકે વર્ણવ્યો છે. સેઠીએ ગાંધીવિચારને તાર્કિક તૌર પર જોતાં જણાવ્યું કે ગાંધીવિચાર તુલનાત્મક અને અર્થ રાખવાવાળો અને પ્રભાવશાળી છે; નહીં કે સરમુખત્યારશાહીને પ્રોત્સાહન આપનાર. આ એક એવો વિચાર છે જે સૌને સાથે રાખીને ચાલે છે.

**1980માં ભારતીય સંસ્કૃતિના નાયક તરીકે ગાંધીજીનો ઉદય : ઉદારવાદ તથા માર્ક્સવાદનો વિકલ્પ :**

1980નો સમય ગાંધી-અધ્યયનના બૌદ્ધિક તર્ક માટે જાણીતો છે. અહીં, ગાંધીવિચારધારાનું એક નવું સ્વરૂપ જોવા મળે છે જે આધુનિકતાને વખોડી કાઢે છે અને ગાંધીને એક સાંસ્કૃતિક નેતા તરીકે રજૂ કરે છે. ગાંધીવિચારધારાનું આ અર્થઘટન ગાંધી-અધ્યયનમાં ખૂબ લોકપ્રિય બન્યું કારણ કે ગાંધીવિચારને એક સકારાત્મક વિચાર તરીકે જોવામાં આવ્યો હતો. આ વિચારધારાથી પ્રભાવિત આશિષ નાંદીનો લેખ લોકપ્રિય બન્યો. તેઓ લખે છે કે, 'ગુલામ ભારતમાં પણ કંઈક એવું વિશ્વજ્ઞાન હતું જે અંગ્રેજોના જ્ઞાનથી પર હતું. નંદીના મત અનુસાર ગાંધી ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ હતા અથવા એમ કહી શકો કે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન પશ્ચિમની સંસ્કૃતિથી વિરુદ્ધ હતું. ગાંધી પરમસત્તાથી પર હતા. આ માન્યતા અત્યંત લોકપ્રિય બની હતી અને ભારતીય બૌદ્ધિક લોકોએ પશ્ચિમી માન્યતાના વિકલ્પ તરીકે ગાંધીજીને જોવાનું શરૂ કર્યું હતું. લેખકોનો એક સમૂહ જે પોતાને જ્ઞાનવાદી માનતો હતો તેઓએ ગાંધીવિચારધારામાં એક નવા અભ્યાસને વિકસિત કર્યો અને ગાંધીવિચારધારાથી જોડાયેલ સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને ગાંધીવિચારધારાની એક નવી પ્રથા વિકસાવવાની શરૂઆત કરી. આ વિષય વિશે ઘણાં વૈજ્ઞાનિક વિશ્લેષણ થયાં.'

રિચાર્ડ ફોર્ડ (1989)ના પુસ્તક 'Gandhi's Utopia : Experiments with Culture'માં ગાંધીવિચારનો સંસ્કૃતિ સાથે સંબંધ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગાંધીનો આદર્શ એક મશીનરૂપી સમાજ કે જે પશ્ચિમી સંસ્કૃતિનો એક ભાગ હતો, તે નેવુંના દશકામાં નીકળીને સામે આવ્યો. ગાંધી-વિચારધારા, અંગ્રેજી સત્તાના સમયથી પ્રચલિત પશ્ચિમી સભ્યતા પર પોતાનો પ્રભાવ દેખાડવા લાગી. ગાંધી વિચારધારા જે સાંસ્કૃતિક વિરાસત પર ઊભી છે તે ભારતના આધ્યાત્મિક વિકાસ માટે એક આશા છે. બીજી તરફ એવું લાગે છે કે ગાંધીને સમકાલીન પ્રશ્નો સાથે જોડવા માટે નોંધપાત્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. રામશ્રય રાયનો લેખ (1985) 'Self and Society'[22]માં ગાંધીવિચારધારાને વ્યક્તિ અને પોતાના સમાજ તથા પ્રકૃતિ સાથે જોડીને જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સૈદ્ધાંતિક રીતે ગાંધીવિચારધારાને સામાજિક, આર્થિક અને રાજનૈતિક જીવનના પરિપ્રેક્ષ્યમાં તેમજ સ્વતંત્રતા અને આદેશના અર્થના સ્વરૂપમાં જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે ગાંધીના આ મતને અધૂરો બતાવીને પશ્ચિમમાં જે ગાંધીવિચારધારાનું અર્થઘટન કરવામાં આવ્યું છે તેને ફરીથી નવા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરીને આધુનિક સમય અનુસાર રજૂ કર્યો છે.

ગાંધીવિચારધારા બૌદ્ધિક સમાજમાં લોકપ્રિય હોવા છતાં, ભારતીય માર્ક્સવાદ સાથે જોડાયેલા ભારતીય બૌદ્ધિકોના વિરોધ અને ટિપ્પણીનો ભોગ બની. આમ છતાં, ગાંધીવિચારધારા મધ્યમ અને મૂડીવાદી આધુનિકતા તરફના રૂપાંતરણમાં સ્વીકૃત બની. આને રવીન્દ્રકુમાર (એક ઇતિહાસકાર) દ્વારા લખાયેલા સાહિત્યમાં જોઈ શકાય છે. એક યુગના નાયકના રૂપમાં જોવામાં આવતા

ગાંધીના ચિત્રણને તેમણે બુદ્ધના સમાંતર ગાંધીને ચિત્રિત કર્યો. બુદ્ધ કૃષિપ્રધાન સંસ્કૃતિ તરફ હતા, જ્યારે ગાંધી મધ્યમ વર્ગના આધુનિકીકરણ તરફ હતા અને તેમણે સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક અભિપ્રાયો વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોયા હતા. લેખકે ગાંધીને ઉપલા વર્ગ અને જનસમૂહના મધ્યમાં સેતુ તરીકે જોયા છે, જેના પરિણામસ્વરૂપ સત્યાગ્રહની પ્રથાનો સ્વીકાર થયો.

1980ના દાયકામાં, ગાંધીજીની આર્થિક વિચારધારા પર બૌદ્ધિકો દ્વારા કામ થયું. 1975માં ઍસોસિએશન ઑફ ઇન્ડિયન ઇકૉનૉમિક વિષય પર એક કાર્યશાળા ગાંધીજીના આર્થિક વિચારો પર યોજવામાં આવી હતી. તે પછી દર વર્ષે આ ઍસોસિયેશન દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવતું હતું. અર્થશાસ્ત્રી કેન્સના અર્થશાસ્ત્રના સિદ્ધાંતની નિષ્ફળતાને કારણે, વૈકલ્પિક આર્થિક વિચારસરણી, નીતિઓ અને સિદ્ધાંતો શોધી કાઢવા, તત્કાલીન અર્થશાસ્ત્રની ઉપયોગિતા પર પ્રશ્નચિહ્ન હતું, ત્યારે તેનો વિકલ્પ ગાંધીની આર્થિક નીતિઓમાં હતો. આ વિચારાધારાનો પુનઃ ઉદય થયો અને તે ભારતીય અને પશ્ચિમી અર્થશાસ્ત્રના અર્થશાસ્ત્રીઓ દ્વારા સ્વીકારવામાં આવી હતી. આનો સંદર્ભ રોઝ અને મહેન્દ્ર કાન્તિ (1983)ના પુસ્તક 'Gandhian Economic : Source Substance and Legacy'[23] માં જોઈ શકાય છે. આ પુસ્તક ગાંધીના આર્થિક વિચારો રજૂ કરે છે અને તેમાં ત્રણ ભાગ છે. પ્રથમ ભાગમાં આર્થિક કટ્ટરતાની વિપરીત વિચારધારા, હિંદુત્વ અને હિંદુ ધર્મ, પશ્ચિમી દેશોમાં મૂડીવાદ અને ક્લાસિકલ વિભાવનાથી પ્રેરિત આર્થિક નીતિઓનું સંકટ તથા જોન રસ્કીનના વિચારો અને બ્રિટિશ સામ્રાજ્યના તાબાના ભારત વિશે લખાયું છે. પુસ્તકના બીજા ભાગમાં, ગાંધીજીના આર્થિક વિચારોનું પુનઃપ્રસ્તુતીકરણ થયું છે અને તેને અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સાથે જોવાનો પ્રયાસ કર્યો છે. પુસ્તકના ત્રીજા ભાગમાં, કેટલાક અર્થશાસ્ત્રીઓના કામની સમીક્ષા કરી છે, જેઓ સીધી કે આડકતરી રીતે ગાંધીની આર્થિક વિચારસરણી સાથે સંકળાયેલા છે.

કે. જે. ચાર્લ્સ (1983)ના પુસ્તક 'Total Development'[74]માં માર્ક્સવાદી અને ગાંધીની આર્થિક વિચારસરણીને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પુસ્તક વિકાસને એક નવા પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયાસ કરે છે જેમાં ગાંધી અને માર્ક્સવાદના વિચારો સંકલિત થયા છે. લેખકે વિકાસના લક્ષ્યને માત્ર આર્થિક પાસા સાથે ના જોડતાં અન્ય આર્થિક વિચાર જેવા કે ગરીબી-નિવારણ, અસમાનતા દૂર કરવી તેમજ રોજગારીના નવા આયામો સાથે જોડવું જરૂરી છે. નીતિવિષયક મુદ્દાઓ સાથે એક સંકલિત પુસ્તક રોમેશ દીવાન અને માર્ક લૂટ્ઝે (1985) 'Essays in Gandhidhan Economic'[25] પ્રસ્તુત કર્યું. આ પુસ્તકમાં ગાંધીની આર્થિક નીતિઓને એક સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો છે. એ જ શ્રેણીમાં એસ. આર. બક્ષી (1987)નું પુસ્તક 'Gandhi and Ideology of Swadeshi'[26] પણ છે. તેમાં ગાંધીવાદી વિચારથી પ્રેરિત ઉત્પાદન, વિકાસ અને ખાદી તેમજ અન્ય ગૃહઉદ્યોગ વિશે લખાયેલ છે, જેની સાથે એક વિશાળ ભારતીય સમાજ જોડાયેલ છે.

**1990 પછી બૌદ્ધિક વર્ગમાં ગાંધીની ઉપસ્થિતિ**

1990ની પરિસ્થિતિ સ્પષ્ટ હતી. 1970ની આર્થિક કટોકટીએ લોકોને ગાંધીજીના વિચારો પર વિચારવા મજબૂર કરી દીધા કે જે ઉદાર મૂડીવાદનો વિકલ્પ હતો. ક્લાઉડ (Cloude)ના મત અનુસાર, મૂડીવાદ અને સામ્યવાદી વિચારધારાની મધ્યમાં ગાંધીવિચારધારા છે, જે ઉપેક્ષિત કરી શકાતી નથી અને એના દ્વારા મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચે શીતયુદ્ધને સમાપ્ત કરી શકાય છે. નરેશ દધીચે (1993)એ પોતાના પુસ્તકમાં ઉદારવાદ અને મૂડીવાદી દેશોમાં મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સંતુલન, ટેક્નૉલોજીથી પ્રભાવિત આર્થિક વિકાસ અને માનવમૂલ્ય, પર્યાવરણમાં અસંતુલન, સમાજવાદી દેશોમાં નોકરશાહીના નિયંત્રણનો અભાવ, સત્તાના કેન્દ્રીકરણને સમાપ્ત કરવામાં અસફળતાએ ઉદારવાદ અને સામ્યવાદના ખોખલાપણાને ઉજાગર કર્યું. આ પ્રવાહોથી ગાંધીવાદ, ઉદારવાદ અને સામ્યવાદ વચ્ચે એક નવા વિકલ્પ તરીકે ઊભરી આવ્યો. ગાંધીવાદમાં દરેક પ્રશ્નનાં સમાધાન દેખાવા લાગ્યાં. પછી ભલે તે એક તબીબી

વિજ્ઞાન કેમ ના હોય ! તેણે ગાંધીના બૃહદ અભ્યાસને એક નવી દિશા આપી છે. જે વિકાસ, નિઃશસ્ત્રીકરણ, વૈશ્વિક શાંતિ, પર્યાવરણ-અસંતુલન જેવા વિષયો પર થશે. અહીં તુલનાત્મક અભ્યાસ, ચિંતન, સમાજશાસ્ત્રી અને ક્રાંતિકારીઓને સાથે લાવવાની દિશા પણ આપવામાં આવી છે. આ વિચારે ગાંધીની તુલના અરાજકતાવાદી કાર્લ માર્ક્સ, ડરશિયમ પૅરૅટૉ, ફ્રાંજ ફેનન અને માર્ટિન લ્યુથર જેવા અન્ય લોકો સાથે કરી છે. આ રીતે બૌદ્ધિક સ્તર પર ક્લાઉડના મત અનુસાર, ગાંધીનું પુનર્મૂલ્યાંકન રાજકારણ, ફિલસૂફી અને સમાજવિજ્ઞાનના બદલાતા પરિવેશ સાથે કરવું જોઈએ. આ પ્રવાહ રાજકારણ અને પર્યાવરણની પસંદગી પર ખાસ ભાર મૂકે છે. શૂમેકર દ્વારા લખાયેલા પુસ્તક 'Small is Beautiful' (1973)માં ગાંધી અને ગાંધી વિચારસરણીને એક નવા વિકલ્પ તરીકે જોવામાં આવે છે. લેખક અને ગાંધીજીના બંનેના વિચારો એક નવી દિશા તરફ દોરી જાય છે.

1987માં ટકાઉ વિકાસ પર પ્રકાશિત બ્રુન્ટલાન્ટ રિપોર્ટમાં ગાંધીને એક પર્યાવરણીય વિચારક તરીકે જોવામાં આવ્યા. રામચંદ્રા ગુહા (2001)એ ભારતીય પર્યાવરણીય ચળવળ અને ગાંધીના સંબંધની જટિલતાને ભારતના પરિપ્રેક્ષ્યમાં દર્શાવી છે. ભારત સિવાય, અન્ય દેશોમાં પણ 1990ના દાયકામાં આ પ્રવાહને સમર્થન જોવા મળે છે. 1980ના અંતમાં અને 1990ના દાયકાની શરૂઆતમાં ભારતમાં મહત્ત્વપૂર્ણ ઘટનાઓ થઈ. પ્રથમ, મંડળ કમિશનનો રિપોર્ટ (1989), જેનો સર્વત્ર વિરોધ થયો. બીજી, ભારતીય નવી આર્થિક નીતિ (1991) જેમાં વૈશ્વિકીકરણને અપનાવવામાં આવ્યું અને ત્રીજી, અયોધ્યા ઘટના (1992). આ ત્રણેય કોઈ ઘટનાઓ નહોતી પણ ગાંધીવિચાર સાથે સંકળાયેલ બૌદ્ધિકો માટે એક નવો પડકાર હતો.

સરકારે કહ્યું કે ગાંધી સાથે જોડાયેલા વિદ્વાન મુખ્યત્વે ત્રણ પ્રવાહો સાથે સંકળાયેલ છે. પ્રથમ હિંદુ સાંપ્રદાયિકતાવાદ, બીજા સ્થાને તે વિદ્વાનો છે જેઓ સ્વતંત્રતા બાદના ભારતના વિશે પોતાના વિચારો મૂકે છે, જેઓ એ વિચારે છે કે સાચું શું છે ? ભારતીય પરિપ્રેક્ષ્યમાં આધુનિકતાને શોધે છે. જેઓ ગાંધીવિચારથી એટલા બધા પ્રભાવિત હતા કે તેઓ આધુનિક વિકાસ અને ઔદ્યોગીકરણ સાથે અસહમત હતા. વૈશ્વિકીકરણ અને ઉદારનીતિના પરિપ્રેક્ષ્યમાં અસમાનતા એક મહત્ત્વપૂર્ણ વિષય બની ગઈ. તેથી ગાંધીવાદી વિચારધારાથી પ્રભાવિત વિદ્વાનો માટે આર્થિક વિચારસરણી એક અગ્રતાનો વિષય બની ગયો. પર્યાવરણ-સંબંધિત પ્રશ્નો અને સંતુલિત વિકાસ ઉપર ખૂબ ચર્ચાઓ થવા લાગી. ગાંધી-વિચારધારા દ્વારા પ્રભાવિત નવી પેઢીના વિદ્વાન લેખકો વચ્ચે રાજ્ય અને બજારના કર્તવ્ય અને કાર્ય ઉપર ચર્ચા થવા લાગી. આ વિકાસના નવા આદર્શોએ ઘણા સમુદાયોને વિસ્થાપિત કરી દીધા હતા, જેના પરિણામ-સ્વરૂપ કેટલાય દેશોમાં જનક્રાંતિની શરૂઆત થઈ ગઈ હતી. આવી પરિસ્થિતિમાં પુનઃ ગાંધી-વિચારોને એક નવા સ્વરૂપમાં જોવામાં આવ્યા. જેમાં વિકાસનો નવો આદર્શ, વિકેન્દ્રીકરણની પ્રક્રિયા અને પ્રકાર, ઉત્પાદન એવમ્ પ્રક્રિયાના પ્રકાર- આ બધી બાબતોએ ગાંધીવિચારને એક નવો આયામ આપ્યો. આ સંદર્ભમાં સત્યાગ્રહને લડાઈ-નિવારણ માટે ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ, વૈશ્વિકીકરણ અને નવા આધુનિક પરિવેશમાં ગાંધીને બહુસાંસ્કૃતિકવાદના પ્રતિરૂપમાં જોવામાં આવે છે. વિકલ્પ શોધવા માટે વિદ્વાનોએ હિન્દ સ્વરાજને પોતાના વિચાર અને પદ્ધતિ અનુસાર ફરીથી વાંચવાનું શરૂ કર્યું. આ પરિપ્રેક્ષ્યમાં એન્ટોની પરેલનું પુસ્તક 'Hind Swaraj and other Writers'[27] ભારતીય અને વિદેશી વિદ્વાનોને ખૂબ મદદરૂપ સાબિત થયું.

'90ના દસકામાં અને આ શતાબ્દીમાં સામાજિક સ્તર પર આંબેડકરને માનવાવાળાઓમાં એક નવી અભિરુચિ આવી અને તેમણે ગાંધીવિચારધારાના વિદ્વાનોને અસ્પૃશ્યતા પરના ગાંધીવિચાર પર પુનઃચિંતન કરવા માટે ઉત્તેજિત કર્યા. આથી ગાંધી અને આંબેડકરના વિચારોની તુલના થવા લાગી. સામાજિક ન્યાય અને તેની પદ્ધતિનો વિષય ભારતીય વિદ્વાનો માટે ચર્ચાનો વિષય બન્યો. જેથી ગાંધી અને આંબેડકરના સમર્થકો

વચ્ચે યુદ્ધ જેવું વાતાવરણ પેદા થયું અને બંને પોતાને સાચા સાબિત કરવાની હોડમાં લાગી ગયા.

પુરાણો ઇતિહાસ બુદ્ધિજીવીઓને અસમંજસમાં નાખી રહ્યો હતો બીજી બાજુ ભારતમાં એક નવી આધુનિકતા પણ ઉત્તેજિત કરી રહી હતી. આ ઉદારવાદી પરિવેશમાં પત્રકારોથી લઈને બધા વિદ્વાનો ગાંધીના પક્ષ-વિપક્ષમાં લખી રહ્યા હતા. લેખકોની મંછા જેવી હતી તેવા લેખ લખાઈ રહ્યા હતા તથા અલગ અલગ પ્રકારે વિશ્લેષણ થઈ રહ્યું હતું, ક્યારેક વૈજ્ઞાનિક રૂપથી તો ક્યારેક સામાન્ય રૂપથી.

આધુનિકીકરણના સમય બાદ ગાંધીના વિચારો અને સાહિત્ય પર જે જે અભ્યાસ થયા તે અસમંજસ પેદા કરતા હતા. આ સંદર્ભે રૂડોલ્ફ એવમ રૂડોલ્ફનું પુસ્તક (2006) 'Post Modern Gandhi and other Eassays' સરાહનીય પ્રયાસ છે. આ પુસ્તકમાં ગાંધીવિચાર એવમ સાહિત્યના અર્થની જટિલતા અને વિવાદને આધુનિક પરિવેશમાં જોવામાં આવ્યો છે. આ લેખકના માટે ગાંધીજી હંમેશાં આધુનિક હતા અને રહેશે. આના સંબંધી ગાંગુલી અને જોન ડોકરના પુસ્તક 'Re-thinking Gandhi and Nonviolent Relationality'[28] (2009)માં ગાંધીની વિરાસત અને અહિંસાના આદર્શને પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. અહીં ગાંધીના વિચારોને પુનઃ વિચારણાની સાથે સાથે ગાંધીને એક ભારતીય તરીકે નહીં પણ એક કર્મણ્યતાવાદી ચિંતક કે જેમણે અલગ અલગ સભ્યતાઓ અનુસાર અહિંસાના આદર્શને રોજબરોજની જિંદગીમાં, રાજનીતિના ક્ષેત્રમાં પ્રસ્તુત કર્યો છે. આ પુસ્તકમાં ગાંધીના શાકાહાર, ઉપવાસ, આરોગ્યના વિચારોને પણ ઉજાગર કરવામાં આવ્યા છે. આ પુસ્તક ગાંધીની સંવેદનશીલતાને પ્રસ્તુત કરે છે. તાજેતરમાં, પશ્ચિમના દેશોમાં ગાંધીના સિદ્ધાંતોને સમકાલીન અને આધુનિક તરીકે જોવામાં આવે છે. પીટર ગોનસાલવીસ (2010)નું પુસ્તક 'Clothing for Liberation'[29] અહીં યોગ્ય ઉદાહરણ છે. આ પુસ્તકમાં ગાંધીનાં કપડાં પહેરવાની લાવવાની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. લેખક રોનાલ્ડ બાર્થસ, વિક્ટર ટર્નર અને ઇર્વિંગ ગોફમેનના સિદ્ધાંતોનો તેમના પુસ્તકમાં સમાવેશ કર્યો છે. જે ગાંધીને સંવાદિતા, તેમની અનન્ય વ્યૂહરચના, સ્વદેશીની ફૅશન અને આઝાદી માટે કર્મઠ મૅનેજર તરીકે રજૂ કરે છે.

9/11ના આતંકી હુમલા પછી, નવી મિલેનિયમમાં ગાંધીના અભ્યાસને એક નવું પરિમાણ મળ્યું છે. દુનિયામાં ફેલાયેલ નવી આર્થિક અને સાંસ્કૃતિક ગુલામી, હિંસા પ્રત્યે અસંવેદનશીલતાના લીધે ગાંધી અને ગાંધી-અધ્યયનને પ્રોત્સાહન મળ્યું છે. આના લીધે આ વિષય સંબંધી પુષ્કળ લેખો લખાયા છે જેમાં ગાંધીવિચારને અન્યના વિચારોની સાથે તુલનાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. આ રીતે ગાંધીની અહિંસાને સોરેલ અને ફેનોન સાથે સરખાવવામાં આવે છે જે હિંસક આંદોલનકર્તા છે, તો બીજી બાજુ ફિગ્ન્સ અને મંડેલા જેવા અહિંસાવાદી નેતા સાથે પણ તુલના કરવામાં આવે છે.

**References :**


1. Spratt, P., ***Gandhism : An analysis,*** Madras : Huxley Press, 1939.
2. Bose, N. K., ***Studies in Gandhism,*** Calcutta : D. M. Library, 1940.
3. Gregg, R., ***Power of Nonviolence,*** Philadelphia, 1934.
4. Desai, M., ***Philosophy of Satyagraha,*** Ahmedabad : Ratan Sanskrutik Trust, 2004.
5. Dhawan, G., ***The Political Philosophy of Mahatma Gandhi,*** Navjivan : Ahmedabad, 1957.
6. Murthi, R., ***Nonviolence in Politicas,*** New Delhi : Frank Bros and Company, 1958.
7. Bondurant, J., ***Conquest of Violence : The Gandhian Philosophy of Conflict,*** New Jercy Princeton, University Press, 1958.
8. Namboodripad, E.M.S., ***The Mahatma and the Ism,*** New Delhi : People's Publishing House, 1958.

9. Shah, C. G., ***Marxism, Gandhism, Stalinism,*** Bombay : Popular Prakashan, 1963.
10. Mukherjee, H., ***Gandhi : A Study,*** New Delhi : People's Publishing House, 1960.
11. Bhattacharya, B., ***Evolution of Political Philosophy of Gandhi,*** Calcutta : Calcutta Book House, 1969.
12. Diwakar, R., ***Saga of Satyagraha,*** New Delhi : Gandhi Peace Foundation, 1969.
13. Bandyopadhya, J., ***Social and Political thoughts of Gandhi,*** Bombay : Allied Publishers, 1969.
14. Erikson, E., ***Gandhi's Truth : The Origins of Militant Non-Violence,*** New York : W. W. Norton and Company, 1969.
15. Ostergaard, G. and Currell M., ***The Gentle Anarchist : A Study of the Leaders of the Sarvodaya Movement for Nonviolent Revolution in India,*** Oxford : Clarendon Press, 1971.
16. Ostergaard, G., ***Nonviolent Revolution in India,*** New Delhi : Gandhi Peace Foundation, 1982
17. Iyer, R., ***The Moral and Political Thought of Mahatma Gandhi,*** London : Oxford University Press, 1973.
18. Parikh, B., ***Gandhi's Political Philosophy : A Critical Examination,*** Basingstoke, 1989.
19. Ganguly, B. N., ***Gandhi's Social Philosophy : Perspective and Relevance,*** New Delhi : National Gandhi Museum and Radha Publications, 1973. P. xiii
20. Sethi, J. D., ***Gandhi Today,*** New Delhi : Vikas Publishing House, 1978.
21. Fox, R., ***Gandhi's Utopia : Experiments with Culture,*** Boston : Beacon Press, Boston, 1989.
22. Roy, R., ***Self and Society : A Study in Gandhian Thought,*** New Delhi : Saga Publication, 1985.
23. Kanthi, M & Ross., ***Gandhian Economic : Source, Substance and Legacy,*** Bangalore : Prasad Publication, 1983
24. Charles, K. J., ***Total Development,*** New Delhi : Vikas Publishing House Pvt. Ltd., 1983
25. Diwan, R. & Mark Luntz., ***Essays in Gandhian Economics,*** New Delhi : Gandhi Peace Foundation, 1985.
26. Bakshi, S. R., ***Gandhi and ideology of Swadeshi,*** New Delhi : Reliance Publishing House, 1987.
27. Parel. A., ***Hind Swaraj and other Writings,*** New Delhi : Foundation Books, 1997
28. Ganguly, D. & Docker (ed.). ***Rethinking Gandhi and Nonviolent Relationality,*** New Delhi : Orient Black Swan, 2009.
29. Gonsalves, P., ***Clothing For liberation,*** New Delhi : Sage Publication India Private Limited. 2010.
30. Mishra, Prem Anand, ***Position : Gandhi's Intervention in Contemporary Discourse,*** Ahmedabad Reliable Publication, 2017, માંથી સાભાર Chapter-1, Gandhi in Academic Debate નો ભાવાનુવાદ.

•

# બૅંક-રાષ્ટ્રીયકરણના પાંચ દાયકાની પ્રગતિનાં લેખાં-જોખાં

– ઋષિતાબહેન એલ. ખેર*
અને શિલ્પા એમ. પરમાર*

## ભારતનો બૅંકિંગ ઇતિહાસ

બૅંક એ જર્મન શબ્દ છે, તેનો અર્થ એકત્રિત (Combined) એવો થાય છે. ખરા અર્થમાં જોઈએ તો બૅંક એટલે માંગવામાં આવેલાં પરત કરવાની શરતે, ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થા. ભારતના બૅંકિંગ ઇતિહાસ ઉપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે ઍલેકઝેન્ડર ઍન્ડ કંપની દ્વારા દેશમાં સૌપ્રથમ વર્ષ 1770માં બૅંક ઑફ હિંદુસ્તાનની કલકત્તામાં સ્થાપના કરવામાં આવી. જોકે તે બૅંક વર્ષ 1829થી 1832ના સમયગાળામાં ફડચામાં ગઈ, ત્યારબાદ વર્ષ 1875માં જનરલ બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ, પરંતુ તે માત્ર છ વર્ષમાં જ નિષ્ફળ ગઈ. જૂન 1806માં બૅંક ઑફ કલકત્તાની સ્થાપના થઈ, જેનું નામ બદલી વર્ષ 1809માં બૅંક ઓફ મદ્રાસની સ્થાપના થઈ આ ત્રણેય બૅંકો પ્રેસિડેન્સી બૅંકો તરીકે પ્રખ્યાત થઈ હતી અને તે સરકારના નિયંત્રણ હેઠળ કામ કરતી હતી.

બૅંકિંગ ઇતિહાસમાં ભારતીયોના પ્રવેશની શરૂઆત વર્ષ 1865માં ધી અલ્હાબાદ બૅંકની સ્થાપનાથી થઈ, ત્યારબાદ વર્ષ 1881માં ઔધ કૉમર્શિયલ બૅંક ફૈઝાબાદ ખાતે શરૂઆત થઈ. તા. 12 એપ્રિલ, 1895ના રોજ શ્રી લાલા લજપતરાયે પંજાબ નૅશનલ બૅંકની સ્થાપના કરી, તે જ રીતે સને 1890માં ધી પીપલ્સ ઑફ ઇન્ડિયાની શરૂઆત થઈ. વર્ષ 1906થી 1911ના સમયગાળામાં ભારતીય સમાજ દ્વારા સ્વદેશી ચળવળની શરૂઆત કરવામાં આવી હતી. તેના પરિપાક રૂપે ધી સાઉથ ઇન્ડિયન બૅંક, બૅંક ઑફ ઇન્ડિયા, બૅંક ઓફ બરોડા, કેનેરા બૅંક વગેરેની સ્થાપના થઈ હતી. વર્ષ 1921માં આગળ દર્શાવેલ ત્રણેય પ્રેસિડેન્સી બૅંકોને એકત્રિત કરી, તેનું ધી ઇમ્પીરિકલ બૅંક ઑફ ઇન્ડિયા નામાભિકરણ કરવામાં આવ્યું છે અને રૂલર ક્રેડિટ સર્વે કમિટીની ભલામણના આધારે તે બૅંકને તા.1-7-1955થી સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ 1927માં રચના કરવામાં આવેલ હિલ્ટન યંગ કમિશનની ભલામણના આધારે પ્રથમ એપ્રિલ, 1935થી રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ, કે જેના પ્રથમ અધિકારી (ગવર્નર) સર ઓસ્બોર્ન સ્મિથ હતા અને તેના સૌપ્રથમ ભારતીય ગવર્નર તરીકે શ્રી સી. ડી. દેશમુખ હતા.

ભારતની આઝાદી બાદ દેશની બૅંકોના રાષ્ટ્રીયકરણની માગ ઉત્તરોત્તર વધતી ગઈ અને વર્ષ 1949માં સૌપ્રથમ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. ત્યારબાદ બૅંક વ્યાપાર અધિનિયમ 1949 પસાર કરવામાં આવ્યો. બ્રિટિશ શાસન દરમિયાન દેશના બૅંકિંગ ક્ષેત્રના વ્યવસાયમાં મૂઠીભર ઉદ્યોગપતિઓની ઇજારાશાહી હતી, જેથી ગરીબ અને તવંગર વચ્ચેની અસમાનતા વધતી જતી હતી. આ સમસ્યાના વચગાળાના નિવારણ અર્થે તા. 14-12-1967ના રોજ બૅંકોના સામાજિક નિયંત્રણની ઘોષણા કરવામાં આવી, અને તેના ભાગ રૂપે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવેલ, છતાં ધાર્યું પરિણામ ન મળતાં ભારત સરકારે રૂ. 50/- કરોડથી વધુ ડિપોઝિટ ધરાવતી દેશની 14 મોટી બૅંકોનું 19મી જુલાઈ, 1969ના રોજ રાષ્ટ્રીયકરણ કર્યું. આમ બૅંકોના પ્રથમ રાષ્ટ્રીયકરણ કર્યાને 50 વર્ષ પૂરાં થવામાં છે, તે લક્ષ્યમાં લઈ, આ લેખ પ્રસ્તુત કરવામાં આવેલ છે. પ્રથમ રાષ્ટ્રીયકરણ કરેલ બૅંકોની ડિપૉઝિટનો દેશની બધી બૅંકોની કુલ ડિપૉઝિટમાં 85% હિસ્સો હતો. 15મી એપ્રિલ, 1980ના રોજ રૂ. 200/ - કરોડથી વધુ ડિપૉઝિટ ધરાવતી અન્ય છ બૅંકોનું

* કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારિયા - 365610 (જિ. અમરેલી).

રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આમ આ બધી રાષ્ટ્રીયકૃત બૅંકો દ્વારા 91 ટકા બૅંકિંગ વ્યવહાર સરકારે પોતાના હસ્તગત કર્યો. સપ્ટેમ્બર-1993માં ન્યૂ બૅંક ઑફ ઇન્ડિયાને પંજાબ નૅશનલ બૅંકમાં વિલીનીકરણ કરવામાં આવતા હવે સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા ઉપરાંત દેશમાં કુલ 19 રાષ્ટ્રીય બૅંકો કાર્યરત છે.

**રાષ્ટ્રીયકરણ બાદ બૅંકોની મેરેથોન :**

બૅંકોના રાષ્ટ્રીયકરણ બાદ વિવિધ ક્ષેત્રની બૅંકોએ લોકો સુધી પહોંચવા માટે ઉત્તરોત્તર કરેલ પ્રયાસના ભાગ રૂપે તેઓની શાખાઓમાં કરાયેલ વધારા અંગેની વિસ્તૃત માહિતી આર.બી.આઈ. બુલેટિનના વિવિધ રિપોર્ટ્સ ઉપરથી મેળવી વિશ્લેષણ કરતાં જણાયેલ છે વખતે કે પ્રથમ રાષ્ટ્રીયકરણ સ્ટેટ બૅંક ગ્રૂપ સહિતની બધી સાર્વજનિક ક્ષેત્રની બૅંકોનો, દેશની કુલ બૅંકોની શાખાઓમાં 79.71 ટકા હિસ્સો હતો અને ખાનગી ક્ષેત્રનો હિસ્સો 20.29 ટકા હતો. રાષ્ટ્રીયકરણના બે દાયકા બાદ 1989માં સાર્વજનિક ક્ષેત્રની તે બૅંકોનો હિસ્સો ઘટીને 67.82% અને ખાનગી બૅંકોનો હિસ્સો 7.68 ટકા થયો કારણ કે વર્ષ 1975થી પ્રાદેશિક ગ્રામીણ બૅંકોની સ્થાપના થતાં તેનો હિસ્સો 24.50 ટકા થયો હતો.

સને 2017ના માર્ચ અંતની સ્થિતિ મુજબ ભારતમાં જાહેર ક્ષેત્રની બધી બૅંકોની કુલ શાખાઓનું પ્રમાણ 91445, ખાનગી બૅંકોની 24661 શાખાઓ તથા વિદેશી બૅંકોની કુલ 288 શાખાઓ છે. સાર્વજનિક ક્ષેત્રની કુલ બૅંક શાખાઓ પૈકી ગ્રામ્ય વિસ્તારની 31.75 ટકા, અર્ધશહેરી વિસ્તારની 28.05, શહેરી વિસ્તારની 19.56 ટકા અને મેટ્રોપોલિટનમાં 20.64 ટકા શાખાઓ છે. સ્ટેટ બૅંક સિવાયની રાષ્ટ્રીયકૃત બૅંકોમાં બૅંકદીઠ ગ્રામ્ય, શહેરી તથા કુલ શાખાઓની દૃષ્ટિએ પંજાબ નેશનલ બૅંક અન્ય બૅંકો કરતાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રામ્ય વિસ્તારની શાખાઓમાં બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે બૅંક ઑફ ઇન્ડિયા અને બૅંક ઑફ બરોડા આવે છે. મેટ્રોપોલિટનની શાખાઓ કેનેરા બૅંકની સૌથી વધુ, ત્યારબાદ બૅંક ઑફ બરોડા અને પંજાબ નેશનલ બૅંકની શાખાઓ છે. તે જ રીતે ખાનગી બૅંકોની કુલ શાખાઓમાંથી ગ્રામ્ય વિસ્તારની 19.55 ટકા, અર્ધશહેરી–31.64 ટકા, શહેરી-20.92 ટકા અને મેટ્રોપોલિટન 27.89 ટકા છે. બધી ખાનગી બૅંકો પૈકી ICICIની ગ્રામ્ય, મેટ્રોપોલિટન અને કુલ શાખાઓ સૌથી વધુ છે. ત્યારબાદ HDFC અને AXIS બૅંક છે. વિદેશી બૅંકોની 80 ટકાથી પણ વધુ શાખાઓ મેટ્રોપોલિટન વિસ્તારમાં છે. બધી વિદેશી બૅંકો પૈકી સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બૅંકની શાખાઓ મહત્તમ છે. ત્યારબાદ સીટી બૅંક તથા હૉંગકૉંગ ઍન્ડ શાંઘાઈ બૅંકિંગ કૉર્પોરેશન લિ. છે.

જૂન-1969માં બૅંકોની કુલ થાપણ તથા ધિરાણનું પ્રમાણ અનુક્રમે રૂ. 4640/- કરોડ અને રૂ. 3599/- કરોડ હતું અને શાખા-થાપણનું પ્રમાણ (ક્રેડિટ ડિપોઝિટ રેશિયો) 77.56% હતો, પરંતુ તેમાં અગ્રિમ ક્ષેત્રનું ધિરાણ માત્ર 14.60% જ હતું. સને 1969માં કુલ રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગ ક્ષેત્રનો હિસ્સો માત્ર 15% હતો, તેમ છતાં વાણિજ્ય બૅંકોના કુલ ધિરાણમાં તેનો હિસ્સો 67% હતો જ્યારે કૃષિ ક્ષેત્રનો કુલ આવકમાં 50% હિસ્સો હતો તેમ છતાં કુલ બૅંક-ધિરાણમાં કૃષિ ધિરાણ નહિવત્ જ હતું. સને 2017ની માર્ચ અંતિમ સ્થિતિ મુજબ બૅંકોની કુલ થાપણ અને ધિરાણનું પ્રમાણ અનુક્રમે રૂ. 1,11,139 અબજ અને રૂ. 81,162/- અબજ છે અને શાખ થાપણનું પ્રમાણ 73.03% છે, જોકે કુલ ધિરાણનાં 9.30% નોન પર્ફોર્મિંગ એસેટનું પ્રમાણ પણ છે. 31મી માર્ચ 2018ની સ્થિતિએ બધી રાષ્ટ્રીયકૃત બૅંકોનો કુલ નફો રૂ. 155565/ - કરોડ હતો, પરંતુ એન.પી.એ.ની રકમ બાદ કરતાં નફાની રકમ માત્ર રૂ. 27000/- કરોડ જ રહે છે. બૅંકોના એન.પી.એ. ઘટાડવા માટે લોન પરત ન કરનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવે તો જ, સાચા અર્થમાં સમાજના વિકાસ માટે બૅંક-ધિરાણનો ઉપયોગ થયો ગણાય.

**બૅંકિંગ ક્ષેત્રમાં સુધારાઓની અવિરત આગેકૂચ :**

બૅંકોનાં પ્રથમ રાષ્ટ્રીયકરણ બાદ ગ્રામ્ય પ્રજાની જરૂરિયાતો સંતોષવા, સને 1975થી પ્રાદેશિક ગ્રામીણ બૅંકોની શરૂઆત થઈ, તેની પહેલાં સમાજના નબળા વર્ગના ઉત્થાન માટે ઓછા વ્યાજના દર (વાર્ષિક 4%) વાળી D.R.I. યોજના પણ તા.1-4-1972થી અમલમાં આવી, જે શરૂઆતમાં માત્ર 162 જિલ્લાઓમાં અને ત્યારબાદ દેશના બધા જિલ્લાઓમાં કાર્યરત થઈ છે. આયાત અને નિકાસ માટે EXIM બૅંકની તા. 1-1-1982ના રોજ શરૂઆત કરવામાં આવી. કૃષિ અને ગ્રામીણ વિકાસને વેગ આપવા તેમ જ બૅંકોને પુનઃ ધિરાણની સુવિધા પૂરી પાડવાના આશયથી તા. 12-7-1982ના રોજ રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅંકની સ્થાપના કરવામાં આવી. વર્ષ 1985થી પાક વીમા યોજનાની ભારત સરકારે શરૂઆત કરી. શિક્ષિત બેરોજગાર યુવાનો માટે સ્વરોજગારીની યોજના સને 1982-84માં શરૂ કરવામાં આવેલ, ત્યારબાદ સપ્ટેમ્બર-1986માં શહેરી ગરીબો માટે સ્વરોજગારીની યોજના અમલમાં મૂકી.

વર્ષ 1989માં સર્વિસ એરિયા એપ્રોચની શરૂઆત કહી, ત્યારબાદ 1991માં બૅંકોની ગ્રાહક સેવા સુધારવા માટે શ્રી ગોઈપોઈયા કમિટીએ ભલામણ કરી. વર્ષ 1993માં શ્રી રંગરાજન કમિટીની ભલામણને આધારે બૅંકોમાં કોમ્પ્યૂટરાઇઝેશનની શરૂઆત કરી. 1990ના દાયકામાં શ્રી નરસિંહમહામ કમિટીની ભલામણના આધારે ઉદારીકરણના ભાગ રૂપે ખાનગી બૅંકોને લાયસન્સ આપવાનું શરૂ થયું તેમજ ગ્રામ્ય વિસ્તારની જે શાખાઓ નુકસાનમાં હોય તેને સૅટેલાઇટ શાખાઓમાં ફેરવવી અને જ્યાં બે વાણિજ્ય બૅંકોની શાખાઓ હોય ત્યાં એક બૅંકની શાખા બંધ કરવી, વગેરે નિર્ણય લેવાયાં.

સને 1998માં કપૂર કમિટીની ભલામણ અનુસાર નાના ઉદ્યોગોને ધિરાણની સુવિધા વધારવાની શરૂઆત થઈ. તેમજ સુબ્રમણ્ય કાર્યકારી ગ્રૂપના સૂચન મુજબ તા.1-1-1999થી યુરો ચલણનો સ્વીકાર શરૂ થયો, તે જ રીતે સને 2008થી ઇલેક્ટ્રૉનિક સ્વરૂપમાં ચેકની શરૂઆત કરવામાં આવી.

સમગ્ર નાણાકીય વ્યવહારમાં ડિજિટાઇઝેશનનો મહત્ત્વ ઉપયોગ કરી, ઓછામાં ઓછા રોકડ વ્યવહાર થાય, તે નીતિ ખૂબ જ આવકાર્ય છે, પરંતુ તે માટે ઉત્તરોત્તર સુવ્યવસ્થિત સાયબર સિક્યુરિટીની જરૂરિયાત ગણાય. સાયબર સિક્યુરિટી માટે The Reserve Bank Information Technology Private Limited (ReBIT)ની સ્થાપના કરવાનો નિર્ણય કરેલ છે, જે સાયબર અંગે સંશોધન કરશે, ઉપરાંત RTGS અને NEFTના નેટવર્કનું સતત મોનિટરિંગ કરવામાં રિઝર્વ બૅંકને મદદરૂપ થશે. આ અંગે તા. 2-6-2016ના રોજ રિઝર્વ બૅંકે સાયબર સિક્ટુરિટીની વ્યવસ્થાને લગતી માર્ગદર્શિકા બધી બૅંકોને જારી કરી છે. પાન ઇન્ડિયાના સર્વે તારણ મુજબ સમાવેશી વિકાસ (Inclusive growth) માટે નાણાકીય સાક્ષરતાને નાણાકીય સમાવિષ્ટ (Financial inclusion) સાથે વધુ સંકલિત કરવું અનિવાર્ય છે. તા.1-4-2016 થી અગ્રિમ ક્ષેત્રના ધિરાણનાં પ્રમાણપત્રો (Priority Sector Lending Certificates)ની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના મુજબ જે બૅંકોએ અગ્રિમ ક્ષેત્રના ધિરાણના લક્ષ્યાંક કરતાં પણ વધુ ધિરાણ કર્યું હશે, તેઓ પોતાનો તે વધારાનો હિસ્સો, અન્ય બૅંકો કે જેઓ લક્ષ્યાંક પૂરું નથી કરી શકી, તેઓને વેચી શકશે આ વેચાણ-વ્યવસ્થા માટે રિઝર્વ બૅંકે તેની Core Banking Solution (CBS) પૉર્ટ (ઈ-કુબેર)ની પણ શરૂઆત કરી છે, આમ આ યોજનાથી અગ્રિમક્ષેત્રના ધિરાણને વધુ વેગ મળશે.

નવી શાખા અધિકૃત નીતિ મુજબ હવે બ્રાન્ચ 'Branch'ને બદલે 'Banking Outlet' શબ્દ અમલમાં આવેલ છે, કે જેમાં બ્રાન્ચ અને Business Correspondent (B.C.) આઉટલેટ, એમ બંનેનો સમાવેશ થાય છે, જેનાથી અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પણ

ઓછા ખર્ચે બૅંક સુવિધા ઉપલબ્ધ થશે, તેમજ ઉત્તરપૂર્વીય અને સિક્કિમ જેવાં રાજ્યોમાં આવી સવલતો પૂરી પાડવા માટે વિશેષ પ્રોત્સાહન પણ અપાશે. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC)ની શરૂઆત ઑગષ્ટ-1998થી થયા બાદ તા.11-5-2012 તથા તા.7-8-2012થી તે અંગેની માર્ગદર્શિકામાં સુધારો કરાયેલ, પરંતુ તા.3-7-2017થી માર્ગદર્શિકામાં થયેલ મુખ્ય સુધારાઓ મુજબ હવે ભાગીદારીથી ખેતી કરતા તથા ગણોતિયા ખેડૂતો (Tenant farmers) વગેરેને પણ કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ મળી શકશે, અને આ કાર્ડ દર વર્ષે રિન્યુ કરાવવાની શરતે, તેની અવધિ પાંચ વર્ષની કરવામાં આવી છે.

તા.11-7-2017થી સ્મૉલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બૅંક ઑફ ઇન્ડિયાએ લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સર્ટિફાઇડ ક્રેડિટ કાઉન્સેલર્સ (CCCs) નામની યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ નાના ઉદ્યોગમાં રહેલ જોખમનાં પ્રમાણ વગેરેની વિગતવાર માહિતી ઉપલબ્ધ કરવામાં આવે છે. તા.13-6-2017ની અસરથી બૅંકોની મૂડી પર્યાપ્તના સંદર્ભમાં જોખમના મૂલ્યાંકન અર્થે પ્રવર્તમાન CRISIL, ICRA, વગેરે છ એજન્સીઓ ઉપરાંત INFOMERICS વેલ્યુએશન ઍન્ડ રેટિંગ પ્રાઈવેટ લિમિટેડના રેટિંગનો પણ બૅંકો ઉપયોગ કરી શકશે. તા.18-4-2017 થી બૅંકોની ચોખ્ખી મિલકત (Net Worth)ના 20% સુધી Real Estate Investment Trusts અને Infrastructure Investment Trustsમાં બૅંકો રોકાણ કરી શકશે. સને 2017માં નોનબૅંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓનું કુલ ધિરાણ રૂ.14846 અબજ હતું, તેમાં ઉદ્યોગોનો 60%, સેવાક્ષેત્રનો 15% અને કૃષિક્ષેત્રનો માત્ર 2.3% જ હિસ્સો હતો. નોનો બૅંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓની મૂડી, નફો, મિલકતની ગુણવત્તા, આઈ.ટી. સેવાના આઉટસોર્સિંગ તથા સાયબર સિક્યુરિટી અંગે નિયમિત નિરીક્ષણ થતું રહે તે અતિ-આવશ્યક છે.

બૅંકિંગ રેગ્યુલેશન-ઍક્ટ-1949માં સને 2017માં થયેલ સુધારાઓ મુજબ કોઈ પણ બૅંકિંગ કંપનીને Insolvency & Bankruptcy Code, 2016ની જોગવાઈ હેઠળ, નાદાર કરવાની કાર્યવાહી કરવા માટે કેન્દ્ર સરકારે રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાને અધિકૃત કરેલ છે. Financial Action Task Force (FATF)એ વિવિધ દેશોની સરકારો વચ્ચેની એક એવી સંસ્થા છે કે જે ત્રાસવાદીઓને ધિરાણ ન આપવા, તેમજ બજારમાં નાણાંના બિનઅધિકૃત પ્રવાહને રોકવા અંગે માર્ગદર્શન પૂરું પાડે છે. તદ્ઉપરાંત મૂડી બજારમાં રહેલ જોખમોનું પણ મૂલ્યાંકન કરવામાં આવે છે, જેના આધારે જે તે દેશ પોતાનો ઍક્શન પ્લાન ઘડી શકે છે. ભારત પણ આ સંસ્થાનો સભ્ય દેશ હોઈ, તેનો મહત્તમ લાભ લેવો જરૂરી છે. શારીરિક રીતે અશક્ત તેમજ વરિષ્ઠ નાગરિકોને પણ સરળતાથી બૅંકિંગ સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે તે માટે રિઝર્વ બૅંકે નવેમ્બ2 2017માં બધી બૅંકોને જરૂરી સૂચનાઓ જારી કરેલ છે. ઇલેક્ટ્રૉનિક બૅંકિંગનો વ્યાપ વધવાની સાથે બિનઅધિકૃત બૅંક-વ્યવહાર વધવાની ફરિયાદો વધતાં ગ્રાહકોની સુરક્ષા અર્થે એટલે કે તેવા કિસ્સાઓમાં ગ્રાહકોની જવાબદારી મર્યાદિત જ કરવા અંગે જુલાઈ 2017માં જરૂરી માર્ગદર્શિકા બહાર પાડેલ છે.

તાજેતરમાં તા.18-9-2018ના ગુજરાતી સમાચારપત્રના અહેવાલ મુજબ બૅંક ઑફ બરોડા, વિજ્યાબૅંક અને દેના બૅંકનું વિલીનીકરણ કરી દેશના ત્રીજા ક્રમની નવી બૅંકની રચના કરવામાં આવશે તેવી નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી છે આ વિલીનીકરણથી બૅંકોના સંચાલન ખર્ચ તથા એન.પી.એ.માં ઘટાડો થવાની તથા ગ્રાહકોને વધુ સારી રીતે મળી શકવાની સંભાવના વ્યક્ત કરેલ છે તો તેની સામે બૅંકોનાં એસોસિએશનનાં મત મુજબ ગુજરાતમાં બૅંકોની શાખાઓનું ડુપ્લિકેશન થશે તેથી અમુક શાખાઓ બંધ કરવાની પણ નોબત આવશે, જેની વિપરીત અસર કર્મચારીઓ ઉપર પણ પડશે. જોકે મૂડિઝ નામની રેટિંગ કુ.ના અભિપ્રાય મુજબ,

આ વિલીનકરણથી બૅંકોના કુલ ખર્ચમાં ઘટાડો થશે, તેઓની કાર્યક્ષમતામાં વધારો થશે અને વહીવટીતંત્ર સુધરશે તેથી સમાજને તેનો સીધો લાભ મળશે, પરંતુ આ બૅંકોને ઍસેટ-ગુણવત્તા, નફા-શક્તિ વગેરે અલગ-અલગ હોય. રોકાણકારોએ આ બૅંકોના સ્ટોક્સમાં રોકાણ કરતાં પહેલા, તેની એકીકરણની પદ્ધતિ જાહેર થાય, ત્યાં સુધી રાહ જોવી જરૂરી ગણાય છે.

**સમાપન :**

સમગ્ર વિશ્વમાં બૅંકોની સૌથી વધુ શાખાઓ ભારતમાં (1.30 લાખ), ત્યારબાદ બીજા ક્રમે ચીન (95680) અને ત્રીજા સ્થઆને કોલંબિયા (94074) છે. બૅંકોના પ્રથમ રાષ્ટ્રીયકરણ વખતે સરેરાશ 64000ની વસ્તીદીઠ બૅંકની એક શાખા હતી, જે હવે 9280ની વસ્તીદીઠ એક છે, તેમાં પણ ગોવામાં સરેરાશ 2178ની વસ્તીદીઠ બૅંકની એક શાખા છે. જ્યારે મણિપુરમાં તે પ્રમાણ સૌથી વધુ (20696) છે. પ્રધાનમંત્રી જનધન યોજનાનો હેતુ માત્ર ખાતાંઓની સંખ્યા વધારવાનો જ બની રહે તે માટે, જે તે ખાતેદારોની બૅંકિંગ સુવિધાનો લાભ લેવાની ક્ષમતામાં વધારો કરવો અતિ-આવશ્યક છે, તે ઉપરાંત તેઓને કઈ બૅંકિંગ સેવા વધુ ઉપયોગી થનાર છે, તે અંગેની જાણકારી આપવી પણ અનિવાર્ય છે. કિસાનોના સંપૂર્ણ દેવા માફ કરવાને બદલે વ્યાજ-માફીવાળી યોજના તેમજ લોન ભરપાઈ કરવાના સમયગાળાને લાંબાગાળા માટે રિશિડ્યુલ કરવો, તે દેશના અર્થતંત્ર અને બૅંકિંગ ક્ષેત્રની સધ્ધરતા માટે ખૂબ જરૂરી છે. જાહેર ક્ષેત્રની બૅંકોની કામગીરીમાં ઉત્તરોત્તર સંતોષકારક વધારો નોંધાયો છે, અને તેથી ભારતનું બૅંકિંગ ક્ષેત્ર વિશ્વ હરીફાઈમાં ટકી રહેવા સક્ષમ બન્યું છે, તેમ છતાં બૅંકોમાં અદ્યતન ટેક્નૉલોજીનો ઉપયોગ વધતાં ખાનગી બૅંકો સામે ટકી રહેવા માટે વાણિજ્ય બૅંકોના નિયામક મંડળમાં આઈ.ટી. ક્ષેત્રનાં, બિઝનેસ, મૅનેજમેન્ટ, રિસ્ક મૅનેજમેન્ટ, માનવ સંસાધન (H.R.) વગેરેના નિષ્ણાતોની નિયામક તરીકે નિમણૂક કરાય તે સમયની માગ છે.

**References :**


1. Patel Urjit R. (2017), 'Resolution of Stressed Assets : Towards The Endgame.' Inaugural Session of 'The National Conference on Insolvency and Bankruptcy : Changing Paradigm', Mumbai, August 19.
2. http://www.fatf.gafi.org/media/fatf/documents/assesments.Global-assessments-calendar.pdf
3. RBI Supervisory Returns.
4. Annual Accounts of Various Bank of Offsite Returns.
5. Central Repository of Information on Large Credits (CRILC) database.
6. http://pmjdy.gov.in
7. Master Circular - Prudential Norms on Income Recognition, Asset Classification and Provisioning Pertaining to Advances, 2015.
8. R.B.I., Bulletin, Various Reports on Trend & Progress of Banking in India.
9. Acharya, Viral V. (2017), 'The Unfinished Agents : Restoring Public Sector Bank Health in India', Speech delivered at the 8th R.K. Talwar Memorial Lecture, September.
10. Reserve Bank of India and MoSPI.


•

# ફેમિલી કોર્ટના વકીલોનો કાર્ય-અનુભવ

– ડૉ. પરેશ ચૌહાણ*

કુટુંબ એ જૈવિક સામાજિક એકમ છે. જેમાં પતિ, પત્ની અને બાળકોનો સમાવેશ થાય છે. કુટુંબમાં પતિ-પત્ની અને બાળકો ખૂબ જ ઘનિષ્ઠ અને પ્રત્યક્ષ સંબંધોથી એકબીજાની સાથે જોડાયેલા રહે છે. આથી કુટુંબના સભ્યોમાં આ સદ્ભાવનાનું તૂટવું તેને કૌટુંબિક વિઘટન કહે છે. (ઇલિયટ અને મેરિલ). ભારતીય સમાજમાં હિંદુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી તથા ખ્રિસ્તી જેવી વિવિધધર્મી કોમો વસે છે. તેમનાં લગ્ન અને કુટુંબને લગતા કેટલાક રીતરિવાજો જુદા છે, છતાં પ્રજનન, બાળઉછેર, સામાજીકરણ તથા કુટુંબના સભ્યોનું પાલનપોષણ જેવાં કેટલાંક પાયાનાં કાર્યો આ બધી જ કોમોનાં લોકો એકંદરે એક સમાન રીતે બજાવે છે. પરંતુ પુરુષસત્તાક સમાજવ્યવસ્થામાં સ્ત્રીનું સ્થાન હંમેશાં ગૌણ રહ્યું હોવાથી તેમનામાં એકંદરે સ્ત્રીનું સ્થાન ઊતરતું છે, તેમાં માત્રાનો તફાવત હોઈ શકે છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી અને અન્ય-ધર્મી લોકો માટે સમાન સિવિલ કોડ રચવાની આપણી અશક્તિને લીધે તે સર્વની વચ્ચે લગ્ન તથા કુટુંબ અંગેના કાયદામાં તફાવત છે. કુટુંબ-સંબંધોમાં સંવાદિતા કે વિસંવાદિતાની પરિસ્થિતિ ઊભી કરે તેવાં પરિબળો બધા ધર્મી કુટુંબોને સરખીરીતે લાગુ પડી શકે તેમ છે. ભારતીય સમાજમાં ગ્રામીણ કે શહેરી, વિભક્ત કે સંયુક્ત કુટુંબમાં પતિ-પત્ની તથા કુટુંબની અન્ય વ્યક્તિઓ વચ્ચેના ભૂમિકા સંબંધોમાં તાણ અને અશાંતિના પ્રશ્નો વધુ વ્યાપક બન્યા છે. જેમાં અનુકૂલન સાધવાના પ્રયત્નો થાય છે. (પટેલ : 1982).

આજની જીવનશૈલી પર કુટુંબનું નિયંત્રણ ઘટ્યું છે. કુટુંબના સભ્યો વચ્ચેનાં સંબંધો, અપેક્ષાઓ, આકાંક્ષાઓમાં ઘણો બદલાવ આવી ગયો છે. આ બધાને પરિણામે સંયુક્ત અને વિભક્ત કુટુંબોમાં પતિ-પત્નીના ઝઘડા, કંકાસ, વિઘટનની પરિસ્થિતિઓ વધુ તીવ્ર બની છે. આ બાબતે વર્તમાન-પત્રો પ્રતિદિન કુટુંબના પાંચ-છ ગંભીર કિસ્સાઓની માહિતી પૂરી પાડે છે. એક અંદાજ મુજબ અમદાવાદમાં પ્રતિવર્ષ આવા દસ હજારથી વધુ કેસો નોંધાય છે. કુટુંબના આવા પ્રશ્નોના નિવારણ માટે કુટુંબ સલાહ કેન્દ્રો, મેટ્રોપોલિટન કોર્ટ્સ, ફોજદારી કોર્ટ્સ, પોલીસ સ્ટેશન, મહિલા પોલીસ સ્ટેશન, ફૅમિલી કોર્ટ્સ, 181–અભયમ હેલ્પલાઈન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ છતાં આવા કિસ્સાઓનું પ્રમાણ સમાજમાં રોજેરોજ વધતું જતું જોવા મળે છે. પતિ-પત્નીની તકરારથી કુટુંબની સુખશાંતિનો ભંગ થાય છે, તેના સભ્યોનો વિકાસ રૂંધાય છે. આવા ઝઘડાઓની વિપરીત અસર મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને કુટુંબના અન્ય સભ્યો પર પડે છે. આ સંદર્ભમાં ફૅમિલી કોર્ટ્સમાં આવતા પતિ-પત્નીના ઝઘડાના કિસ્સાઓ પાછળનાં કારણો શું છે અને તેના નિવારણ માટે શું કરી શકાય તે જાણવા માટે સમજવાના હેતુથી વર્ષ 2018માં 'ગુજરાતની ફૅમિલી કોર્ટ્સના કિસ્સાઓ' વિષય પર અમદાવાદની ફૅમિલી કોર્ટના કિસ્સાઓનો પીએચ.ડી. કક્ષાનો સંશોધન અભ્યાસ કર્યો હતો.

**અભ્યાસના હેતુઓ :**

આ અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

(1) ફૅમિલી કોર્ટ્સમાં આવેલા એવા કેસો કે જેમનો નિકાલ / ઉકેલ વર્ષ 2010 થી 2014માં આવી ગયો છે તેનું વિશ્લેષણ કરવું.

(2) આ કેસોમાં વ્યક્તિ (પક્ષકારો)ની ભૂમિકા તપાસવી.

(3) અમદાવાદની ફૅમિલી કોર્ટ્સ સાથે સંકળાયેલા જજો, વકીલો અને વકીલ સંગઠનની ભૂમિકા તપાસવી.

(4) ફૅમિલી કોર્ટ્સનાં સંગઠનાત્મક પાસાં જેવાં કે તેનો સ્ટાફ, આધિકારિક માળખું અને તેમાં ઉપલબ્ધ સંસાધનોનું પ્રદાન તપાસવું.

* આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયૉલોજી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**અભ્યાસ-પદ્ધતિ :**

ફૅમિલી કોર્ટના અભ્યાસમાં આ વકીલમંડળના 15 સભ્યોનું હેતુપૂર્વક નિદર્શન લીધું હતું કે જેઓ આ મંડળના હોદ્દેદારો અને સભ્યો હતા. આ વકીલો પાસેથી ફૅમિલી કોર્ટના તેમનાં કાર્ય-અનુભવ અને સૂચનો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વકીલોમાં 10 પુરુષો અને 5 સ્ત્રીઓ હતાં. તેઓ ફૅમિલી કોર્ટમાં પ્રૅક્ટિસ કરવાનો 5 થી 18 વર્ષનો અનુભવ ધરાવતાં હતાં. તેમની પાસેથી માહિતી લેવા 22 પ્રશ્નોની મુલાકાત-માર્ગદર્શિકા બનાવી તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી વર્ણનાત્મક અને ગુણાત્મક સ્વરૂપની હતી.

આ વકીલોથી ફૅમિલી કોર્ટમાં આવતા કેસોની ઢબ, પતિ-પત્નીના ઝઘડાના આવતા કેસોના પ્રકાર (ટ્રેન્ડ), વકીલોની કેસોને જોવાની દૃષ્ટિ, પતિ-પત્નીના ઝઘડામાં કુટુંબના અન્ય સભ્યોની ભૂમિકા-અપેક્ષાઓ, કેસોના નિકાલમાં લાગતો સમય, વર્તમાન સમયમાં સમાજમાં આવી રહેલું પરિવર્તન, અરજદારની વિરુદ્ધમાં જતા કેસો, કાયદાઓ અને ફૅમિલી કોર્ટની પ્રક્રિયાથી અરજદારોને પડતી મુશ્કેલીઓ, ન્યાયાધીશોની ભૂમિકા, મિડિયેશન, કન્સિલિયેશન, લોકઅદાલતની કામગીરી, કેસોના ઉકેલ લાવવા બાબતે વકીલોની સજ્જતા અને તૈયારી, આ ક્ષેત્રે કામ કરતી બીજી સંસ્થાઓ વિશેના અનુભવો. પતિ-પત્નીના ઝઘડા નિવારવા ભવિષ્યનાં સૂચનો વગેરે વિશે માહિતી પ્રાપ્ત થઈ હતી.

**સાહિત્ય-સમીક્ષા :**

મસીહી (2006) એ 'નાગરિક સમાજમાં વ્યાવસાયિકોની સામાજિક નિસ્બત' વિષય પર ગુજરાતનાં 2002ના રમખાણોના સંદર્ભમાં જુદા જુદા વ્યાવસાયિકો ડૉક્ટર, અધ્યાપક, એન્જિનિયર, પત્રકાર, સામાજિક કાર્યકર અને વકીલોની ભૂમિકા તપાસવાનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ આ વ્યાવસાયિકોની સમાજની વ્યક્તિઓ સાથેની નિસ્બતનું પ્રમાણ રજૂ કરે છે. ફૅમિલી કોર્ટના વકીલોના કાર્ય-અનુભવ અને નિસ્બત સમજવામાં આ અભ્યાસનું સમાજે વાચન કરવું અગત્યનું છે.

અમદાવાદમાં ફૅમિલી કોર્ટની સ્થાપના વર્ષ 2000માં થઈ હતી. હાલમાં તે જૂની ગુજરાત હાઈકોર્ટના મકાનમાં ઇન્કમટેક્ષ ખાતે ચાલે છે. હાલ સાત ફૅમિલી કોર્ટમાં કુલ 300 જેટલાં પતિ-પત્નીની તકરારના કેસો આ કોર્ટોમાં પ્રતિદિન ચાલે છે.

કૌટુંબિક અદાલતમાં કુટુંબ અને લગ્નના વિવાદથી સંબંધિત કેસોનું નિરાકરણ કરવામાં આવે છે. કૌટુંબિક અદાલતોમાં આ પ્રકારના કેસો હાથ ધરવામાં આવે છે. (1) લગ્નભંગ/વિચ્છેદ એટલે છૂટાછેડા સંબંધિત દાવાઓ (Suits), (2) વૈવાહિક અધિકારોનું પુનઃસ્થાપન-સંબંધિત દાવાઓ, (3) લગ્નને અમાન્ય અને રદબાતલની જાહેરાતને લગતા દાવાઓ, (4) લગ્નની કાયદેસરતા અથવા માન્યતા સંબંધિત દાવાઓ, (5) પરિણીત યુગલોની મિલકત અંગેના દાવાઓ, (6) ભરણપોષણ અને નિર્વાહખર્ચ (Maintenance and alimony) સંબંધિત દાવાઓ, (7) બાળકોનો કબજો અને વાલીપણાં-સંબંધિત દાવાઓ.

ફૅમિલી કોર્ટને કન્સિલિયેટરી એટલે સમાધાન કરાવનારી કોર્ટ પણ કહેવામાં આવે છે. નિયમ પ્રમાણે આ કોર્ટમાં વકીલ નીમવાના હોતા નથી, ન્યાયાધીશને જરૂર લાગે તો સલાહસૂચન આપવા તેઓ વકીલ નીમી શકે. હકીકતે એવું જોવા મળે છે કે પુરુષ-પક્ષકાર પોતાના સગા તરીકે વકીલને લઈ આવે છે. સ્ત્રી પણ તેવા વકીલ બહેન કે ભાઈ સાથે રાખે તો આ કાયદાની પરિભાષા અને કાર્યવાહી વધુ સારી રીતે તેને સમજાય. આ ન્યાયાલયના ચુકાદા વિરુદ્ધ ચુકાદો અપાયાના એક મહિનાની અંદર હાઈકોર્ટમાં અપીલ થઈ શકે છે. અમદાવાદની ફૅમિલી કોર્ટ્સમાં કૌટુંબિક વિવાદોની પતાવટમાં કન્સિલિયેશન, મિડિયેશન અને લોકઅદાલતની ભૂમિકા પણ મહત્ત્વની છે. વર્ષ 2000 થી 2017 દરમિયાન 18 વર્ષોમાં નોંધાયેલા સિવિલ કેસો અને ક્રિમિનલ કેસોની કુલ સંખ્યા 90,899 હતી.

અમદાવાદની ફૅમિલી કોર્ટ્સમાં પ્રૅક્ટિસ કરતા વકીલોનું વકીલમંડળ 'અમદાવાદ ફૅમિલી કોર્ટ્સ બાર

ઍસોસિયેશન' વર્ષ 2005માં કાયદેસર રીતે ગુજરાત બાર કાઉન્સિલમાં નોંધણી કરાવી અસ્તિત્વમાં આવ્યું. આજરોજ સુધી આ મંડળમાં નોંધાયેલ વકીલોની કુલ સભ્યસંખ્યા 1200 છે.

**વકીલોનો કાર્ય-અનુભવ અને સૂચનો :**

અભ્યાસમાં સમાવિષ્ટ 15 વકીલોના મતે ફૅમિલી કોર્ટ્સમાં ચાલતી કામગીરી અને આ વકીલોના કાર્યાનુભવોની ચર્ચા આ પ્રમાણે છે. ફૅમિલી કોર્ટ્સમાં હવે આખા સમાજના કેસો આવે છે. કોઈ વિશેષ પૅટર્ન જેવું નથી. કેટલાક વકીલો પાસે ધોરણ-10 સુધી ભણેલા અને 15 થી 20 હજારની આવક-જૂથના મધ્યમ વર્ગના કેસો વધુ આવે છે. કેટલાક વકીલો પાસે વધુ ભણેલા, વધારે આવક ધરાવતા અને કાયદાના જાણકાર લોકો વધુ આવે છે. આ વકીલો પાસે પહેલાં સામાજિક-આર્થિક પછાત વર્ગના કેસો જ વધારે આવતા હતા, કારણ કે પહેલાં ઉચ્ચ જ્ઞાતિના અને પૈસાદાર લોકોને બદનામી જેવું લાગતું હતું. એક એનજીઓના મહિલા વકીલના મતે ભણેલાઓ બદનામીના ડરથી, સ્ટેટસ ખરાબ થવાના ડરથી કોર્ટોમાં જવાનું ટાળે છે. આ વકીલોના કહેવા પ્રમાણે હિંદુ-મુસ્લિમ બધાના કેસો આવે છે. છેલ્લાં 7-8 વર્ષથી મુસ્લિમના કેસો વધ્યા છે. હિંદુઓમાં પટેલ, બ્રાહ્મણ, વાણિયા, સીંધી સમાજના કેસો વધારે આવે છે. ઓબીસીમાં પટણી, વાઘરી, પ્રજાપતિના કેસો વધુ આવે છે. આ વકીલોના કહેવા પ્રમાણે હવે યંગ લોકોના કેસો વધારે આવે છે. સ્ત્રીઓ કાયદાનો ઉપયોગ કરતી થઈ છે. મહારાષ્ટ્રીયનના કેસો પણ વધ્યા છે. આ વકીલોના મતે સહનશક્તિ ઓછી હોય, ટીવી સિરિયલો વધુ જોતા અને મોબાઇલમાં ચેટિંગ, વોટ્સએપ, ઈન્ટરનેટ વાપરવાથી પેદા થતા ઝઘડાના કેસો વધ્યા છે. મોબાઇલને લઈને સ્ત્રી-પુરુષ બંનેમાં લગ્ન બહારના સંબંધોના ઝઘડા વધતા જતા દેખાઈ રહ્યા છે.

આ વકીલોના જણાવ્યા મુજબ હવે ભરણપોષણના કેસોમાં વધારો થયો છે. છૂટાછેડાના કેસો પણ પહેલાં કરતાં પાંચ-છ વર્ષથી થોડા વધ્યા છે. લગ્નજીવનના હક્કોવાળા કેસો પણ આવે છે. એક વકીલના મતે સ્ત્રીઓ ખોરાકીનો અને પુરુષ તેડી લાવવાનો કેસ કરે છે તેના પેટાપ્રકાર તરીકે ચાઈલ્ડ કસ્ટડીના કેસો પુરુષ અથવા સ્ત્રી-અરજદાર પેટે આવે છે.

સંયુક્ત કુટુંબના ઝઘડા, અલગ રહેવા માટે, પતિના લગ્ન બહારના સંબંધો, આ કારણોથી આવતા કેસો વધારે છે. હવે યંગ જનરેશનમાં ઈગો પ્રૉબ્લેમના કારણે સહનશીલતા નથી રહી. તેથી સંમતિથી ડિવૉર્સના કેસો વધ્યા છે. પહેલાં બીજું પાત્ર મેળવવામાં મુશ્કેલી થતી હતી. હવે એવું નથી. ઘણા કિસ્સામાં બંને આવી ઘટના બાદ પણ નવા પાત્રને સ્વીકારે છે. વકીલો પણ તેમાં મદદરૂપ થતા હોય તેવું પણ ક્યારેક જોવા મળે છે. એક વકીલના મતે વકીલો કેસ પોતાની આવડત પ્રમાણે નક્કી કરે છે. કેટલાકમાં વકીલ નક્કી કરે છે કે કેસ કરવો. પૈસાની ભૂખવાળા અરજદારો વધ્યા છે. તેથી તે પ્રમાણે વકીલો કેસનો ડ્રાફ્ટ લખે છે.

ફૅમિલી કોર્ટમાં આવતા કેસોમાં સંયુક્ત કુટુંબમાંથી આવતા કેસોમાં સમાધાન થઈ જાય છે. લગ્ન બહારના સંબંધોવાળા કેસોમાં મોટાભાગે સમાધાન નથી થતાં. ઘણી વાર સ્ત્રીઓ બાળકો ખાતર સમાધાન કરે છે. કેટલાક કેસોમાં બંને પક્ષો એકબીજાને હેરાન કરવા માટે આવે છે. લગ્નના એકથી પાંચ વર્ષમાં ઝઘડાવાળા કેસો વધારે આવે છે. આ કેસોમાં પુરુષોની તરફેણ કરનારી બાબતો ઓછી છે. આ કેસોમાં મિડિયેશન, કન્સિલિયેશનને કારણે પણ ક્યારેક સમાધાન થઈ જાય છે. પક્ષકારો સંમત ન થાય ત્યારે કેસમાં વધુ સમય લાગે છે. ઘણા કેસો પડકારજનક હોય છે. ક્યારેક કેસ લડવો જ છે તેવું નક્કી કરનાર ક્લાયન્ટ પણ આવે છે. 10 વર્ષ બાદ પણ સમાધાન ન થતાં કંટાળીને કેસ લડનારા પણ આવે છે. ચાર વકીલોના મતે પહેલાં વધુ સમાધાન થઈ શકતાં હતાં. હવે સમાધાન કરતાં લડવાનું વલણ વધ્યું છે. હવે ઈચ્છિત સમાધાન 'ભેગાં રહેવું અથવા

છૂટાં પડવું' તે પહેલાંથી નક્કી કરીને આવતા હોય તેવા અરજદારો પણ વધ્યા છે. આ પ્રકારનું સમાધાન પણ ઝઘડાનું સમાધાન જ છે. આ કેસોમાં જિદ્દી સ્વભાવવાળા હોય એવા કેસ વધારે આવે છે. જ્યારે લેટ ગો (જતું કરનાર)ની ભાવનાવાળા ઓછા હોય છે. શહેરીકરણનાં કારણે આવા કેસો વધુ છે. અહીં આધુનિક ઉપકરણોની અસર જોવા મળે છે. જ્યારે ગામડાંમાં જીવન જુદું છે તેથી ત્યાં પ્રશ્નો ઓછા છે. આમ આ કેસો આઘાતજનક, પડકારજનક અને આશાવાદી સ્વરૂપના છે. આ કેસોમાં કોર્ટની નોટિસ (સમન્સ)ની બજવણી કરનાર એજન્સી નબળી છે તે સુધારવી જોઈએ. કોર્ટનાં વલણોને કારણે કેસો આઘાતજનક લાગે છે. ચીફ કોર્ટ સેન્સિટિવ છે. પરંતુ કોર્ટ નંબર-2 અને 3ને ભરણપોષણના કેસમાં 45000/- રૂપિયાની પગાર-સ્લીપ રજૂ કરીએ તોપણ બે બાળકો અને માતાની ખોરાકી 10 ટકા (4500/- રૂપિયા) કે તેથી ઓછા બાંધે છે. તેમને વધારે આપવા જ નથી.

કેટલાક કેસોમાં કુટુંબના સભ્યો, સસરા, દિયર સંકળાયેલાં હોય છે. એક જ છોકરો હોય તો માતા-પિતા સંકળાયેલાં હોય છે. નણંદ પણ એક સમસ્યા છે...જો તે અપરિણીત હોય, સાસરે સ્થિર ન હોય કે છૂટાછેડાવાળી હોય. પરંતુ હવે વધારે કેસો પતિ-પત્નીના ઝઘડાના આવે છે. પહેલાં લોકોને સમાજની બીક લાગતી, વડીલોનું માનતા, તેઓ બાળકોને સમજાવતા. શહેરમાં વડીલોનું મહત્ત્વ ઓછું થયું છે, જ્યારે ગામડામાં એવું નથી. હવે માતા-પિતા વધારે દખલ કરતાં જોવા મળે છે. તેઓ છોકરા-છોકરીનો વિકાસ થવા દેતાં નથી. તેથી ઘરો ભાંગે છે. એક વકીલના કહેવા પ્રમાણે બંને તરફે સમજાવવાવાળા કુટુંબના સભ્યો ઓછા જોવા મળે છે. ઘણી વાર માતાપિતા કેસમાં પાછળથી અંદર દાખલ થાય છે. એક વકીલના મતે પત્નીનાં માતા-પિતા સહાયક થાય ત્યારે પ્રશ્ન વધારે ગૂંચવાય છે. એનજીઓના મહિલા વકીલના મતે સ્ત્રીઓની અપેક્ષાઓ બદલાઈ છે. કુટુંબની દખલગીરી પહેલા કરતાં વધારે થઈ છે.

સંમતિવાળા છૂટાછેડાના કેસોમાં સમય ઓછો લાગે છે. એકતરફી છૂટાછેડા મોડા થાય છે. ભરણપોષણના કેસમાં સમાધાન મોડાં આવે છે. યંગ વુમન, લવ મૅરેજ કર્યાં હોય, સંતાનો ન હોય, પોતાની ઇચ્છાથી લગ્ન કર્યાં હોય, ટૂંકા સમયના લગ્નગાળાવાળા વહેલા છૂટા થવા આવે છે. જો બંને પક્ષકારોનાં માતા-પિતા દ્વેષ, બદલાની ભાવનાવાળાં હોય તેવા કેસોમાં નિકાલ મોડો આવે છે અને જેમાં માતા-પિતા, પતિ-પત્ની સમજે છે તેવા કેસો જલ્દી પતે છે. આવા કેસોમાં નૉટરી દ્વારા પણ છૂટાછેડા લે છે. એક વકીલના મતે હસબન્ડ જલ્દી પૈસા આપે તો કેસનો નિકાલ જલ્દી આવે છે. સ્ત્રીનો જો મેનોપોજ પિરિયડ હોય અને પતિ સરકારી કર્મચારી હોય તો તેમાં છૂટાછેડા કે સમાધાન ક્યારેય જલ્દી થતા નથી. આવા કેસમાં સ્ત્રીઓ માટે ફૅમિલી કોર્ટ આવક મેળવવાનું સાધન બને છે. એક વકીલના મતે બાળકોવાળા કેસોનો જલ્દી નિકાલ થાય છે. જ્યારે સમાધાનની વિરુદ્ધમાં હોય તેવા કેસો સમય લે છે. સમજુ પક્ષકારો કેસનો વહેલો નિકાલ કરી લે છે. વધારે સમય જિદ્દી પક્ષકારો લે છે. એનજીઓના વકીલના મતે ભરણપોષણના '125' ના કેસોમાં નિકાલ વહેલો આવે છે. જ્યારે સિવિલ કેસોમાં મોડું થાય છે.

એક વકીલના મતે પક્ષકારો સાચી રજૂઆત કરતા નથી, માહિતી આપી શકતા નથી અથવા રજૂઆત કેવી રીતે કરવી તેની તેમને ખબર પડતી નથી, તેથી કેસમાં મોડું થાય છે. કારણ કે પક્ષકારો કોર્ટની પ્રક્રિયાથી વાકેફ નથી હોતા. દા.ત., મુદત શું કહેવાય, તે કેવી રીતે લેવાય, તેની ખબર હોતી નથી. સામાવાળાએ કોર્ટમાં હાજર થયા બાદ શું કરવું જોઈએ તેની તેમને ખબર પડતી નથી. કેસનો જવાબ લેખિતમાં આપવાનો હોય છે. પરંતુ તે મૌખિક સમજતો હોય છે. ફૅમિલી કોર્ટના સમન્સ (નોટિસ)માં માહિતી પૂરી હોતી નથી. તેમાં લખ્યું હોય છે કે કોર્ટમાં હાજર રહી જવાબ આપવો, નહીંતર તમારી ગેરહાજરીમાં એકતરફી નિકાલ કરવામાં

આવશે. અહીં જવાબ લેખિત કે મૌખિક તેની સ્પષ્ટતા હોતી નથી.

એક વકીલના મતે જજો પણ તેમની રીતે જ જજમેન્ટ આપે છે. આ મહિનાનો તેમનો ટાર્ગેટ પૂરો થઈ ગયો હોય તો ઑર્ડર લંબાવી આવતા મહિને જ આપે છે. જેથી પક્ષકારોને કેસના નિકાલમાં મોડું થાય છે.

**સમાજમાં આવી રહેલું પરિવર્તન :**

દિવસે ને દિવસે કેસો વધી રહ્યા છે. વ્યક્તિમાં પોતાનું ધાર્યું કરવાનું વલણ, જિદ્દી વૃત્તિ, સહનશક્તિનો અભાવ વધ્યાં છે. મોંઘવારી, ખાનગી નોકરી, ઓછી આવક, ખર્ચાળ જીવન, દેખાદેખીથી ખર્ચ (મનોરંજનનાં સાધન-સુવિધા), આધુનિક જીવન—આવી પરિસ્થિતિમાં ખર્ચાઓની બાબતમાં પતિ-પત્નીના ઝઘડાઓ વધ્યા છે. જેથી એકબીજા પર આક્ષેપો થાય છે, માતા-પિતાથી જુદા રહેવા ટેવાયા હોય છે, એટલે કૌટુંબિક સમસ્યાઓ વધે છે. આર્થિક રીતે પહોંચી વળાતું નથી અને સહનશક્તિ ન હોય તો બંને છૂટાં થઈ જાય છે. ફૅમિલી કોર્ટમાં થોડા સમયમાં છૂટા થવાના કિસ્સા વધ્યા છે. આધુનિક શિક્ષણના કારણે કૌટુંબિક જીવન નષ્ટ થઈ રહ્યું છે. શિક્ષણમાં જીવનનાં મૂલ્યો શીખવાતાં નથી. સંસ્કારો વગરનું શિક્ષણ છે. યુવાન લોકોમાં ધીરજ ઘટી છે. તેમનામાં લગ્નજીવનની બૌદ્ધિક પરિપક્વતાનો અભાવ છે. લગ્નજીવન દરમ્યાન આવતી સમસ્યાઓને કેવી રીતે ઉકેલવી તેનું તેમને બિલકુલ જ્ઞાન નથી હોતું. મનોરંજનનાં માધ્યમો (ટી.વી., સિનેમા)માં વાસ્તવિકતા કરતાં કાલ્પનિક વસ્તુ વધારે બતાવવામાં આવે છે. લોકો સારા દેખાવવામાં માનતા થયા છે પણ સારી રીતે, કઈ રીતે જીવવું એનો અભાવ થયો છે. આ વસ્તુ લગ્નજીવનને દૂષિત કરી રહી છે. જેના કારણે વિખવાદ ઊભા થાય છે. એમાં સમાધાનને અગ્રિમતા આપવામાં આવતી નથી. જેના કારણે લગ્નજીવનની તકરાર ફૅમિલી કોર્ટ સુધી આવે છે. જૂના સમાધાનને, પંચોને આજની યુવા પેઢી પોતાના અહંકારને કારણે સ્વીકારવા તૈયાર નથી. તેથી આ સમાધાન પંચો નિષ્ક્રિય થતાં જાય છે.

પહેલાં લોકોમાં કુટુંબભાવના, પ્રશ્નોમાં મદદ કરવી, કોઈને તકલીફ પડે તો ઊભા રહેવું એવું હતું જ્યારે હવે ‘હું, મારા પતિ અને બાળકો બસ’, આ નવો વિચાર આવ્યો છે. કોઈને મદદ કરવી નહીં અને લેવી નહીં. કુટુંબમાં, સંબંધોમાં પરસ્પર એકબીજા માટે ભાવના મર્યાદિત થઈ છે. બધાંને મોજશોખ જોઈએ છે.

લિવ ઇન રિલેશનશીપના કેસો વધ્યા છે. યુવા પેઢીમાં ‘ફાવે તો રહો નહીંતર પ્રેમથી છૂટા થાવ.’ એ વલણ જોવા મળે છે. કારણ કે તેમના માટે ‘ટાઈમ ઇઝ મની’ છે અને જલ્દી છૂટા થાય તો બીજા લગ્ન કરીને ફરીથી જીવનની શરૂઆત કરી શકે છે. નાનાં-મોટાં બધાંમાં નૈતિક જવાબદારી (moral responsibility) રહી નથી.

હવે પહેલાંની જૂની માતા-પિતાની નીતિમત્તાનું ધોરણ પણ નીચું ગયું છે. પહેલાં દીકરીના ઘરનું પાણી પણ પીતા નહોતા. હવે કેટલાંક માતા-પિતા દીકરીના પૈસે જીવે છે. આ બદલાવ આવ્યો છે.

સ્વૈચ્છિક સંસ્થાઓનાં કુટુંબ-સલાહ કેન્દ્રો પતિ-પત્નીના વિવાદો નિવારવાનું કામ કરે છે. કેટલાંક કેન્દ્રો સમાધાનનો સારો પ્રયત્ન કરે છે. આ કેન્દ્રો સલાહ આપવાનું કામ કરે છે. બધા પોતાની કામગીરી બરાબર કરે છે. પણ અંતે સમાધાન ન થતાં ફૅમિલી કોર્ટમાં જ આવવું પડે છે. આ કેન્દ્રો કાયદાથી અજ્ઞાન છે. તેથી આ કેન્દ્રોમાં કાયદાકીય નિષ્ણાતો અને નિવૃત્ત વ્યક્તિઓની ફરજિયાતપણે નિમણૂક કરવી જોઈએ. જેથી વહેલી તકે ત્યાં જ સમાધાનો થઈ શકે અને કોઈને ફૅમિલી કોર્ટમાં આવવું ન પડે. એક વકીલના કહેવા પ્રમાણે આ કેન્દ્રો કાયદાઓ વિશે નૅગેટિવ હોય છે. લોકો ત્યાં હેરાન થતા હોય છે. ત્યાં પ્રશ્નનો નિકાલ જલ્દી આવતો નથી. એક વકીલના કહેવા પ્રમાણે આ કેન્દ્રો સરકારના તાયફા છે, તૂત છે. આ સંસ્થાઓ કેન્દ્રોમાં કેસો બનાવે છે તેથી આ કેન્દ્રોને ગ્રાન્ટ મળે છે.

એક વકીલના કહેવા પ્રમાણે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ગરીબ મહિલાઓને મફત વકીલની સુવિધા આપવામાં આવે છે જેના વકીલોને નોમિનલ ફી મળે છે. કોઈ પણ કેસ ત્રણ-ચાર વર્ષ ચાલતો હોય છે. ફી ઓછી આપવાને કારણે વકીલો કેસમાં મહેનત ઓછી કરે છે. અરજદારો તેનું મહત્ત્વ સમજતા નથી. અરજદાર એવા વકીલોને વધારે હેરાન કરે છે. તેથી જો ફીનું ધોરણ વધારે અને દિવસ પ્રમાણે મહેનતાણું આપે તો બીજા સારા અને અનુભવી વકીલો પણ એવી સેવા આપવા તૈયાર થશે. જેથી પક્ષકારો અને કોર્ટોને તેમાંથી ફાયદો થશે.

ગરીબ સ્ત્રી-અરજદારોને મદદ કરવા લીગલ ઍડ એજન્સીમાંથી ફાળવાતા બધા જ વકીલો, અરજીની નકલ, ટાઈપ, ટિકિટના બહાને પૈસા લે છે. ક્યારેક અરજદાર તેના કેસમાં 75 ટકા કેસ કોર્ટમાં ચાલી ગયા બાદ લીગલ ઍડના વકીલને કેસમાંથી હટાવી બીજા પ્રાઈવેટ વકીલને લાવે છે, ત્યારે કેસની આખી પ્રક્રિયા બદલાઈ જાય છે અને જજમેન્ટને અસર થાય છે. બધી સંસ્થાઓની વિચારવાની દૃષ્ટિ જુદી જુદી છે. મહિલા પોલીસ સ્ટેશનોનો અનુભવ સારો નથી. ત્યાં પૈસાથી જ બધુ થાય છે. તેના કરતાં પુરુષ પોલીસ સ્ટેશન મદદ કરતા હોય તેવા અનુભવો છે.

**કેસોની તૈયારી (કાળજી રાખવાની બાબતો) :**

દરેક કેસનું વિષયવસ્તુ, સંજોગો, વાંક, ગુનેગાર અલગ હોવાથી દરેક કેસનું વાચન કરવું પડે છે. કેસ પ્રમાણે કાયદાનું અર્થઘટન કરવું પડે છે. ક્લાયન્ટ પાસેથી જરૂરી ઝીણી ઝીણી માહિતી, પુરાવાઓ લઈને તેના આધારે જવાબો અને ક્રૉસ ડિસ્કશન તૈયાર કરીએ છીએ. સુનાવણી માટે અરજદાર કે સામાવાળાને તૈયાર કરવા, ક્યારેક તૈયારી કરવા છતાં સુનાવણી વખતે લોકો બીજી માહિતી અથવા ખોટી માહિતી અથવા અમને પણ ન જણાવી હોય તેવી માહિતી કોર્ટમાં આપે છે. ત્યારે ધ્યાન રાખવા છતાં કેસને અસર થાય છે. કેસ ખોટી દિશામાં જતો રહે છે. સમાધાન માટે અરજદારો સામાવાળા પર લગ્નજીવનની શરતો (રેસ્ટોરન્ટમાં લઈ જવું, ફરવા લઈ જવું, જુદા જુદા ખર્ચાઓ કરવા વગેરે) મૂકે છે. આના કારણે સમાધાન થતાં નથી. શરતો-આધારિત સમાધાન ન હોવું જોઈએ. આવા કેસોમાં કોર્ટોએ અરજદારોની ખોટી શરતોને આધારે ઑર્ડર ન કરવા જોઈએ. આવા સમયે કેસ પાછળ કરેલી તૈયારીઓ બેકાર જાય છે. કેસની તૈયારી ક્લાયન્ટ કેવા મળે છે તેના પર આધારિત છે અને વકીલોની ક્ષમતા ઉપર પણ આધારિત છે. કેસોની મૅટર અને પતિ-પત્નીને અલગ અલગ જોતા તેની કાળજી રાખી કેસ માટે તૈયારી કરવાની હોય છે. જો ક્લાયન્ટ સમાધાન કરવા માટે તૈયાર ન થાય અને કોર્ટમાં કેસ લડવાનું થાય ત્યારે પુરાવાઓને આધારે લડવાનું થાય છે, ત્યારે મહેનત કરવી પડે છે. પગાર-સ્લિપ, સાક્ષી, પુરાવા, મારઝૂડના પુરાવા, ત્રાસનો આધાર ન હોય ત્યારે મહેનત કરવી પડે છે. આવા કેસમાં પુરાવા ન આપતા (મળતા) કેસો અરજદારોની વિરુદ્ધમાં જાય છે. જો કેસ પોલીસ સ્ટેશનમાં આવે ત્યારે જ સમાધાન થાય તો સારું. પણ જ્યારે કોર્ટમાં ચલાવવાનું થાય ત્યારે સચ્ચાઈ પર આધાર રહે છે.

ક્યારેક પક્ષકારોને સારૂ લાગે તેવાં એનાં વખાણ કરવાં પડે છે અને વિરોધી પક્ષકાર પણ તારા વિશે સારું બોલે છે તેવું સમાધાનના તબક્કામાં જાહેર કરવું પડે છે. 'તમે બંને સોનાના છો પણ તમારાં નસીબ લોઢાનાં છે' તેમ કહી સમજાવીએ છીએ અને છૂટાછેડામાં છૂટા પડ્યા બાદ નવું પાત્ર સારું મળશે તેની તમને બંનેને કોઈ ખાતરી નથી તેથી જૂનું અને જાણીતું એ જ સારું. એને જ સાચવવું. કારણ કે લગ્નનાં જોડાં સ્વર્ગમાં રચાતાં હોય છે. એટલે જ એને સ્વર્ગ કહેવામાં આવે છે. પૃથ્વીના માણસોએ તેને તોડી પૃથ્વી પર નર્ક ઊભું કર્યું છે તે ન થવું જોઈએ. આવી રીતે પક્ષકારોને સમજાવવા પ્રયત્ન કરવો પડે છે.

125 ભરણપોષણ અને 13 (1) છૂટાછેડાના કેસોમાં

ક્યારેક કેસ અરજદારની વિરુદ્ધમાં જાય છે. આવા કેસો કેટલાક વકીલોના મતે 100માંથી 10 ટકા છે. તો કેટલાકના મતે 1 ટકો હોય છે. જેમાં હાઈકોર્ટમાં અપીલ કરવી પડી છે. કેસના જરૂરી પુરાવા ન હોય તો આમ થાય છે. કેટલીક વાર જજીસ પર આધારિત છે. અરજદારે ખોટી ફરિયાદ કરી હોય, તે જરૂરી પુરાવા ન આપી શકે, ફરિયાદ પુરવાર ન થાય તેવા જ કેસ અરજદારની વિરુદ્ધમાં જાય છે. અરજદારે ખોરાકીની અરજી કરી હોય તે કાયદા નીચેના મુદ્દા અરજદાર પુરવાર ન કરી શકે તો ચુકાદો તેની વિરુદ્ધમાં જાય છે. એવી જ રીતે ક્રૂરતાના કારણસર કોઈ પણ સ્ત્રી કે પુરુષ-અરજદાર અરજી દાખલ કરે ત્યારે તેને શારીરિક, માનસિક ક્રુરતા સાબિત થાય તો જ એકતરફી (એકપક્ષીય) છૂટાછેડા થાય છે; નહીં તો આવા કેસો વિરુદ્ધમાં જાય છે. 498(ક) અને ઘરેલુ હિંસાના કેસો વિરુદ્ધમાં વધારે જાય છે. વ્યભિચાર, આવક સાબિત થતાં નથી. મેડિકલ, એન્જિનિયરિંગ, બી.એચ.એમ.એસ.નું હાયર એજ્યુકેશન લીધેલી બહેનને ભરણપોષણના કેસમાં હવે ફૅમિલી કોર્ટ ઓર્ડર કરતી નથી. વકીલો સલાહ આપી આવા કેસો કરાવે છે પણ તે બધા કેસો કોર્ટમાં સાબિત થતા નથી.

જ્યારે કેસ અરજદારની વિરુદ્ધમાં જાય છે ત્યારે વકીલ તરીકે અસંતોષ થાય છે. કોર્ટનો હેતુ સમાધાનનો છે પણ પ્રોસીજરો લાંબી છે, સામાવાળાનો જવાબ આવે નહીં ત્યાં સુધી કઈ થાય નહીં, નોટિસ (સમન્સ) બજે નહીં, પરત આવે નહીં, ટૂંકા સમયમાં નોટિસ આવી વગેરે પ્રોસીજર અટપટી છે, પુરાવાના ભાગે કેસ ચાલે છે. તેથી અરજદારોને તકલીફ પડે છે. વચગાળાના ભરણપોષણમાં ઑર્ડર કરવાનું સુપ્રીમ કોર્ટનું સૂચન છે. આ બાબતે ફૅમિલી કોર્ટની નોટિસની રાહ ન જોતાં તરત ઓર્ડર કરી દેવો જોઈએ. અરજદારોને કોર્ટમાંથી પૈસા ઉપાડવા માટે રોજનો માત્ર અડધો કલાક સમય આપ્યો છે. જો મહિલાને તે દિવસે કોઈ રીતે મોડું થાય અને બે-ત્રણ દિવસ સુધી પાર ન પડે તો તેને કોર્ટમાં ધક્કા ખાતાં ખર્ચ થાય, ખોટા ધક્કા થાય. આ સમય 11 થી 5 પહેલાંની જેમ મેટ્રો કોર્ટ પ્રમાણે આપવો જોઈએ. નકલ શાખામાંથી કોઈ પણ નકલ બીજી કોર્ટોમાં 4 વાગ્યા સુધી મળે છે તે રીતે અહીં પણ સમય આપવો જોઈએ. આ કોર્ટો મહિલાઓની સરળતા અને હિત માટે છે. તેથી તેમના હિત માટે નિર્ણયો લેવા જોઈએ. કેસની અંદરની કોઈ માહિતી લેવા કોર્ટમાં પહેલા અરજી આપવી તેવો નિયમ છે. તે માટે કોર્ટ તેને અનુકૂળ સમયે અને એના 50 રૂપિયા ડિપૉઝિટ લે છે. જો જજમેન્ટની નકલ કે ઑર્ડરની નકલ મફત હોય તો અરજદાર પાસેથી પૈસા કેમ ડિપૉઝિટ લેવામાં આવે છે અને અરજી લે તો એનો વાંધો નથી. પરંતુ તેની ઉપર વકીલની કોર્ટ-ફીના સ્ટૅમ્પ લગાડવાનો આગ્રહ રાખવામાં આવે છે. આ કાગળ જોવા અને તેની નકલ લેવામાં ચાર-પાંચ દિવસ નીકળી જાય છે. તેમાં અરજદાર કે સામાવાળાનું નુકસાન છે. તો આ ન થવું જોઈએ અને આ નકલો કોર્ટવાઇઝ મળે તેવું પણ નથી. કોર્ટોએ પબ્લિકનું હિત જોઈએ.

હુકમમાં સામાવાળાએ ચઢેલી રકમ એક મહિનામાં જમા કરાવવી. આ હુકમ થયા પછી આ ગાળામાં જો વચગાળામાં હુકમ થયો હોય તેમાં પણ આ જ ઉલ્લેખ થયો હોય તો એવા કેસમાં અરજદાર એક મહિના સુધી પૈસાની વસૂલ લેવા માટે અરજી નથી કરી શકતો. કાયદામાં આવી કોઈ પ્રોસીજર નથી તો તે ન હોવી જોઈએ. કારણ કે આ બધામાં એક મહિના પછી અરજી આપતાં, કોર્ટ નોટિસ કાઢતાં આ બધી પ્રક્રિયામાં બે થી ત્રણ મહિના જેટલો સમય જાય છે. હુકમ થતાં વચગાળાના હુકમનો હેતુ નથી રહેતો.

સુપ્રિમ કોર્ટે હિન્દુ મરેજ ઍક્ટની કલમ-13(બ)માં સંમતિથી છૂટાછેડાના કેસોમાં સમય વેવ કરવા માટે કહ્યું છે. તો આ કોર્ટોએ તેને ધ્યાનમાં રાખી અહીં પણ કેસ જલ્દીથી ચલાવવા જોઈએ. પક્ષકારો તૈયાર હોય તો તેવા કેસોનો આ પ્રમાણે નિવેડો આવી શકે અને કેસોનું ભારણ ઘટે છે.

સામાવાળાઓને કોઈ કારણસર પૈસા ભરવામાં મોડું થાય તો જેલમાં ન મોકલવા જોઈએ. હવેના જજો તેવા વૉરંટ રદ કરતા નથી. પહેલાં રદ કરતા હતા. હવે વોરંટ કે સજા રદ કર્યાના એક પણ કેસ નથી.

એકપક્ષીય છૂટાછેડાના કેસમાં પક્ષકારો વચ્ચે સંમતિથી છૂટાછેડાનું સમાધાન થયું હોય તો કોર્ટો છૂટાછેડાનો ઓર્ડર નથી કરતી. આવા કેસને સંમતિથી છૂટાછેડાના કેસમાં કન્વર્ટ કરાવી ચાર મહિના કેસ લંબાવવામાં આવે છે. ફરીથી સંમતિથી છૂટાછેડાનો 13 (બ) કેસ દાખલ કરાવે છે.

ફૅમિલી કોર્ટના કન્સિલિયેટર સમાધાન અંગે દબાણ કરે છે એની ઉપર દેખરેખની વ્યવસ્થા હોવી જોઈએ. અરજદાર કન્સિલિયેટર કહ્યા બાદ કોર્ટમાં જતાં ફરી જાય છે.

એક વકીલનું કહેવું છે કે કોર્ટોના કાયદાઓને કારણે કેસોની સંખ્યા વધી છે. લોકો દ્વારા પોતાના લાભ માટે કોર્ટોનો કાયદેસરનો ઉપયોગ થાય છે જે ન્યાયના હિતમાં સારી બાબત છે.

એક વકીલના મતે કાયદાઓ, કોર્ટની પ્રક્રિયા અને ક્રોટની ઑફિસોથી અરજદારોને કોઈ તકલીફ પડતી નથી. વકીલો તેમનું કામ કરે છે. કોર્ટો પર ભારણ વધારે છે. ક્લાયન્ટને ધીરજ રાખવી પડે છે. પરંતુ તેમને તાત્કાલિક રાહત જોઈતી હોય છે. કોર્ટ બંને પક્ષકારોને બધાને તપાસીને જ નિર્ણય કરે છે.

પક્ષકારોને કાયદાનું જ્ઞાન ન હોય, અરજદાર આખી સાચી હકીકત ન લખાવે, અરજદારને પ્રોસીજરની ખબર ન હોય ત્યારે અરજદારોને તકલીફ પડે છે. અરજદાર-સ્ત્રી ઇચ્છે છે કે હું કોર્ટમાં ધક્કા ખાવા આવું તો મારા પતિએ પણ કોર્ટમાં આવવું જોઈએ. પણ જો તેનો પતિ કેસની મુદતોમાં હાજર ન રહેતો હોય તો અરજદાર સ્ત્રીને કોર્ટમાંથી એકતરફી ઑર્ડરનો ફાયદો થાય છે. આ બાબત અરજદારને સમજાવવામાં ખૂબ વાર લાગતી હોય છે.

ફૅમિલી કોર્ટના બધા જજો સારા છે તટસ્થ છે. મૂળ બધા વકીલો એટલા જાણકાર, મહેનતુ અને તટસ્થ નથી. બધા જજો સાંભળે છે, ન્યાય આપે છે, કોઈ ફરિયાદ નથી. જજીસ સમાધાન કરાવવા બાબતે સ્ટ્રિક્ટ (કડક) રહે છે. તેઓ બંને પાર્ટી (પક્ષકારો)ને દબાણ કરે છે, જરૂર પડે તો ખખડાવે છે, સમજાવે પણ છે. આ બધું સમાધાન થાય તે માટે હોય છે. તેથી ક્યારેક અરજદારના પક્ષમાં, ક્યારેક સામાવાળાના પક્ષમાં, સ્ત્રી તરફી કે પુરુષ તરફી હોય તેવું લાગે છે. પરંતુ તેઓ પ્રમાણમાં તટસ્થ રહે છે.

એક મહિલા વકીલના મતે એક નંબર કોર્ટ (પ્રિન્સિપલ જજ) સેન્સિટિવ છે. બે નંબર કોર્ટના સાહેબ બોલે નહીં, બોલાવવા પડે. તેઓ કામમાં ઉત્સાહી નથી. ત્રણ નંબર કોર્ટ બહુ જ ફાસ્ટ, અનુશાસિત અને થોડી સ્ત્રીઓ વિરોધી છે. ચાર નંબર કોર્ટના મહિલા જજ ઠીક છે. પાંચ નંબર કોર્ટનાં જજ બહેન કેસમાં લાંબી મુદતો આપે છે. કેસમાં પોતાને ઠીક લાગે તેવું કરે છે, કો-ઑપરેટિવ નથી. છ નંબર કોર્ટનાં જજબહેન કેસમાં ઓર્ડર કરતા ડરે છે. કોર્ટને હૅન્ડલ કરી શકતા નથી. પર્સનાલિટી અને આવડત દેખાતી નથી. તેમની કોર્ટ પર પકડ કે પ્રભુત્વ દેખાતાં નથી. વકીલો પણ તેમની કોર્ટમાં જોરથી ચીસો પાડી શકે છે અને કોઈ વકીલે બે દિવસ બાદની મુદત માગી હોય તે પણ આપી દે છે. સાત નંબર કોર્ટના જજશ્રીએ કેસ ચલાવતા નથી. કોર્ટમાં મોડા આવે છે. તેમનામાં આવડત નથી. કોર્ટ નંબર છ અને સાતમાંથી અરજદારો, પક્ષકારો અને વકીલોને ન્યાય મળતાં મોડું થાય છે. કેસો બીજી કોર્ટમાં ટ્રાન્સફર કરાવવા પડે છે. ત્રણ નંબર કોર્ટમાં એક વર્ષમાં 24 કેસ ટ્રાન્સફર કર્યા છે.

મિડિયેશન, કન્સિલિયેશન બરોબર થાય છે. આ વકીલોમાંથી કેટલાક પોતે મિડિયેટર તરીકે કામ કરે છે. મિડિયેશનથી પણ ઘણાં સમાધાન થઈ જાય છે. પણ સમાધાન પક્ષકારો પર જ આધારિત છે. લોકઅદાલતની

કામગીરી પણ બરોબર છે. રવિવારે કોર્ટો, વકીલો, લોકઅદાલત માટે ચાર કલાક ટાઇમ અપાય છે તે પ્રમાણે ઘણા કેસોમાં સમાધાન પણ આવે છે. લોક અદાલતમાં પણ ડિસ્પોઝલ મળી શકે છે.

વધુમાં આ વકીલોનું કહેવું હતું કે ફૅમિલી કોર્ટની કેસ-કાર્યવાહીમાં જો વકીલો અનિવાર્ય હોય તો પછી દરેક કેસમાં કોર્ટની પરમિશન દ્વારા કેસ ચલાવવાનો આગ્રહ ન રાખવો જોઈએ, કારણ કે પક્ષકારોને કોર્ટની પ્રક્રિયાનું જ્ઞાન નથી હોતું. અહીં પ્રશ્ન છે કે શું ભારતના દરેક નાગરિકને દરેક કાયદાનું જ્ઞાન હોય છે ? આનો જવાબ 'ના' છે. તો શું ફૅમિલી કોર્ટના કાયદાઓનું જ્ઞાન દરેક નાગરિકને છે ? એટલા માટે વકીલોને વિના પરમિશને કેસમાં રાખવા જોઈએ.

**ફૅમિલી કોર્ટમાં કેસો ઘટાડવા માટે સૂચનો :**

સમાજમાં શિક્ષણ વધારવું જોઈએ. શિક્ષણમાં, ધર્મ સંસ્થાનાં મંદિરોમાં 'મૅરેજ કાઉન્સેલિંગ' મૂકવું જોઈએ. ભવિષ્યના જીવનના વિષયો ભણતરમાં ધોરણ-8થી મૂકવા જોઈએ. કાઉન્સેલિંગ સેન્ટરો વધારી લગ્ન પહેલાં અને પછીનું જ્ઞાન આપવું જોઈએ. મિડિયેશન કાયદાની દૃષ્ટિએ સુપ્રીમ કોર્ટે કર્યું છે. ધર્મ, જ્ઞાતિઓ પણ પોતાની રીતે કરે તો ફૅમિલી કોર્ટના કેસો ઓછા થઈ શકે છે. માતા-પિતાએ બાળકોને પોતાના લગ્નજીવનના અનુભવો આપવા જોઈએ. લેટ મેરેજથી પણ કુટુંબમાં ડિસ્પ્યુટ ઊભા થાય છે. તેનું ધ્યાન રાખવું જોઈએ. બાળકોને શિક્ષણમાં પાયાથી જ્ઞાન આપવું કુટુંબમાં કોનું મહત્ત્વ છે, બીજા કુટુંબના સભ્યને અપનાવવાની ભાવના પણ આપવી; લોકો પોતે સમજે તો જ કેસો ઓછા થશે. લોકોને રૂઢિચુસ્તતામાંથી, સ્ત્રીઓને પરંપરાઓમાંથી બહાર લાવવાં, દરેક ધર્મમાં સ્ત્રી-પુરુષ-સમાનતા સ્થાપિત કરવા પ્રયત્નો કરવા જોઈએ. ધર્મમાંથી અસમાનતા કઢાવી નાખવી જોઈએ. 'પરસ્પર દેવો ભવઃ' (હું અને તમે બંને દેવ) તેવાં સૂત્રો ફૅમિલી કોર્ટની લૉબીમાં મૂકવાં જોઈએ. શિક્ષણમાં પરસ્પર સન્માનની ભાવના શિખવાડવી જોઈએ. અત્યારે તેનો અભાવ છે. કાયદાઓ કરતાં સમાજમાં પતિ-પત્ની વચ્ચે સારી અને સાચી સમજણ વધારવી જરૂરી છે, જેથી તેમને સો વર્ષનું સુખમય લગ્નજીવન એક ક્ષણ જેવું લાગે-તેવું જ્ઞાન આપવું જોઈએ.

જૂનું પંચ જેવું નથી. હવે પંચ, સમાજ, વડીલોનું મહત્ત્વ નથી. લોકોમાં કાયદાકીય જાગ્રતતા વધી છે. તેથી ફૅમિલી કોર્ટમાં કેસો વધુ આવવાના છે. લોકોની અપેક્ષાઓ ખૂબ વધી છે, તે ઘટાડવી જોઈએ. કોર્ટની પ્રોસીજર સરળ બનાવી કેસો વહેલા પૂરા થાય તેવું કરવું જોઈએ. ધર્મગુરુઓએ કુટુંબમાં બધા સમાન છે તેવું સમાજને શિખવાડવું જોઈએ. ક્રિ. પ્રો. કો.ની કલમ 125 : ભરણપોષણના કેસોમાં સ્ત્રીઓ માટે એટલું ભરણપોષણ બાંધવું જોઈએ કે તરત બે વર્ષ બાદ કલમ 127 ભરણપોષણ વધારવાની અરજી કરવી ન પડે.

કાયદા પ્રમાણે ન્યાયાધીશો, વકીલો, પક્ષકારો, હાઈકોર્ટો વગેરે બધાએ સાથે બેસીને તમામ પાસાંઓનો વિચાર કરીને કાયદાની પ્રોસીજર પ્રમાણે ન્યાય અપાવવા જોઈએ. બંને પક્ષોનાં હિતો જોવા જોઈએ. દરેક કેસમાં કન્સિલિયેશનની પ્રક્રિયા થાય તો સાચો ખ્યાલ આવે પરંતુ અહીં તેવું થતું નથી. જો આમ કરવામાં આવે તો 50 ટકા કેસો ઓછી થઈ શકે છે.

મિડિયેશનમાં મિડિયેટરો છે પરંતુ કામો (કેસો) મિડિયેશનમાં મૂકવામાં આવતાં નથી. જો દરેક કેસો તેમાં મૂકવામાં આવે તો કેસોનું ભારણ ઓછું થઈ શકે છે. મિડિયેશનમાં બંને પક્ષોને બોલાવી સમાધાનના રસ્તા કાઢવામાં આવે છે. કેસો ઓછા કરવાનો આ પણ એક રસ્તો છે.

**વકીલોના કાર્યક્ષેત્ર અને વ્યવસાય સંબંધિત વિશેષ માહિતી :**

ફૅમિલી કોર્ટમાં પ્રૅક્ટિસ કરતાં વકીલોના તેમના કાર્યક્ષેત્ર, વ્યવસાય અને ફૅમિલી કોર્ટના અનુભવ વિશે જાણકારી મેળવતાં પહેલાં વકીલાતના વ્યવસાય અંગે કેટલીક બાબતો અહીં જાણવી જરૂરી છે. (1) જો કોઈ વકીલ કોર્ટમાં કેસની સારી રીતે ચર્ચા કરી શકવા માટે

જાણીતા થયા હોય તો તેમના કેસની સુનાવણી વખતે કોર્ટ કેમ્પસમાં હાજર બીજા વકીલો અને લોકો તે કોર્ટ મૅટરની દલીલો સાંભળવા જતા હોય છે. (2) સિનિયર વકીલો ક્યારેક જુનિયર ન્યાયાધીશોને કેસ ચાલતો હોય તે દરમ્યાન જરૂરી સલાહ-સૂચનો આપતા, ક્યારેક અયોગ્ય વર્તન હોય તો ચાલુ કોર્ટે ધમકાવી શકતા કે ઠપકો પણ આપતા હતા. (3) કોર્ટમાં ચાલતા કેસ દરમ્યાન ક્યારેક વકીલોના હાવભાવ અને ગુસ્સાનું પ્રદર્શન ન્યાયાધીશશ્રીને કોર્ટનું અપમાન જણાતાં ન્યાયાધીશશ્રી વકીલ અને તેના ક્લાયન્ટને જેલમાં પણ મોકલી શકે છે. (4) જૂના કેસો જે બે-ત્રણ વર્ષ પહેલા પૂરા થયા હોય અને આવા કેસોની માહિતી કે માહિતીના પેપર સુધ્ધાં વકીલો પાસે ન હોય તે બાબત બતાવે છે કે આ વકીલોના સમાજની વ્યક્તિઓ સાથેના માનવ-સંબંધો બિલકુલ નહિવત્, સ્વાર્થી પ્રકારના કે નકારાત્મક છે. આ વકીલો અમુક જ મર્યાદિત ઉદ્દેશ્યથી આ વ્યવસ્થાને જુએ છે. કોઈ આગવો કે વિશેષ કે કોઈ કેસની સફળતાના અનુભવમાંથી મળતો આનંદ વગેરે સાથે આ વકીલોનો સંબંધ નથી.

આ ફૅમિલી કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (પ્રિન્સિપલ જજ)ના મતે ફૅમિલી કોર્ટમાં પ્રૅક્ટિસ કરતા કેટલાક વકીલો ક્લાયન્ટ પાસેથી ફી પેટે 10 ટકા ભાગ લે છે, અરજદારોનું શોષણ કરે છે, આ ખોટું છે. કોઈ પણ વકીલ આવું ન કરી શકે; તે ઍડવોકેટ ઍક્ટની વિરુદ્ધ છે. કેટલીક વાર સ્ત્રી-અરજદારોનું વકીલો દ્વારા જાતિય શોષણ પણ થતું હોય તેવું જાણવા, સાંભળવા મળે છે.

**નિષ્કર્ષ :**

આધુનિક સમયમાં ભારતમાં આવેલા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક પરિવર્તનની અસર કુટુંબ ઉપર સ્પષ્ટપણે જોઈ શકાય છે. કૌટુંબિક સંબંધો પર વિઘાતક અસર કરતાં કેટલાંક પરિબળોમાં શહેરીકરણ અને વધતો જતો શહેરી વસવાટ, વિભક્ત કુટુંબો રચવા તરફનું વલણ, સ્ત્રી-કેળવણીનો વિકાસ, મોંઘવારી અને ઊંચું જતું જીવનધોરણ, બદલાતાં મૂલ્યો વગેરેએ સ્ત્રીના વ્યાવસાયિક અને સામાજિક દરજ્જામાં ફેરફાર આણ્યો છે. આને પરિણામે સ્ત્રીની કુટુંબ ભૂમિકામાં પરિવર્તન આવ્યું છે. બાળકો પરનાં મા-બાપનાં નિયંત્રણમાં પણ ફેરફાર આવ્યો છે, જે બે પેઢી વચ્ચેના ઘર્ષણમાં વ્યક્ત થાય છે. આ સિવાય કુટુંબ ઉપર વિપરીત અસર કરનાર કેટલાંક અન્ય પરિબળોમાં રહેઠાણની ગીચતા, મુખ્ય કમાનારની બેકારીનો ભય, નાણાકીય ભીડ, શિક્ષણનો અભાવ, બીમારી, યોગ્ય વૈદ્યકીય સારવાર અને પોષણનો અભાવ, અનુકૂલનના પ્રશ્નો, સ્ત્રીની બેવડી ભૂમિકાને લીધે ઊભા થતા વિચારો, વલણ અને મૂલ્ય-સંઘર્ષ, લગ્ન બહારના જાતીય સંબંધો, લગ્ન-વિચ્છેદ, વડીલોનું આધિપત્ય અને જુનવાણી માનસ, સ્ત્રીની માનહાનિ, પુત્રની પસંદગી, પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવભર્યું વર્તન જેવા પરંપરાગત વ્યવહાર અને બાળલગ્ન, સાટાપ્રથા, દહેજ જેવા કુરિવાજો વગેરે ભારતીય કુટુંબના પારસ્પરિક સંબંધોમાં તાણ ઉત્પન્ન કરવા માટેનાં જવાબદાર પરિબળો છે. મુંબઈ, કલકત્તા, મદ્રાસ જેવા મોટાં ઔદ્યોગિક શહેરોમાં પણ કુટુંબજીવનમાં વિઘટન માટે આવાં પરિબળો ખાસ અસરકર્તા જણાયાં છે.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીએ તો કોઈ પણ પ્રકારના કુટુંબમાં, પછી તે વિભક્ત હોય કે સંયુક્ત, કુટુંબનાં મુખ્ય કાર્યો યોગ્ય રીતે બજાવી શકાય તો સામાન્યતઃ કુટુંબ-જીવન સરળ રીતે ચાલે છે. જો પતિ-પત્ની તથા અન્ય વ્યક્તિઓ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવે અને એકબીજાના આંતરસંબંધોમાં સંવાદિતા સધાય તો કુટુંબજીવનમાં સુખ અને શાંતિ પ્રવર્તે. જોકે, આનો આધાર કુટુંબની પ્રત્યેક વ્યક્તિના સામાજીકરણ, કુટુંબની વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવા માટેની તૈયારી, ખાસ કરીને પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં સંવાદિતા વગેરે ઉપર રહે છે.

સુખી કુટુંબનો આધાર કેવળ આર્થિક સધ્ધરતા, સામાજિક દરજ્જો, કેળવણી તથા અન્ય સાધન-સંપત્તિ

અને સગવડો ઉપર નથી પરંતુ તેનો આધાર કુટુંબની અંદર રહેતી વ્યક્તિઓની ભૂમિકાની યોગ્ય ભજવણી, તેમની વચ્ચેની આંતરક્રિયા, અનુકૂલન અને પરિણામે ઉદ્‌ભવતી સંવાદિતાની માત્રા પર છે.

**સંદર્ભસૂચિ :**


1. Elliott, M. A. and Merriell F. E., 'Social Disorganization'.
2. પટેલ, તારા (1982), 'કૌટુંબિક સમસ્યા અને નિવારણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
3. Masihi, Edwin (2006), 'Social Engagements of Intellectuals in Civil Society – with special reference to Proessionals of Gujarat', Awag, Ahmedabad-380015.


•

## પ્રસંગકથા : શિક્ષણનું પતન એટલે રાષ્ટ્રનું પતન

રંગભેદ વિરુદ્ધની વિશ્વવ્યાપી લડતમાં અશ્વેત પ્રજાના ઐક્યના પ્રતીક સમા નેલ્સન મંડેલાને સત્યાવીસ વર્ષના લાંબા કારાવાસ પછી દક્ષિણ આફ્રિકાની શ્વેત સરકારે મુક્ત કર્યા. અનેક યાતનાઓ અને સિતમો વેઠવા છતાં નેલ્સન મંડેલાનું મનોબળ બરાબર ટકી રહ્યું અને જેલમુક્તિની સાથે જ જાહેર જીવનની પ્રવૃત્તિનો પુનઃ પ્રારંભ કર્યો. આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ પક્ષ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવતાં તે ફરી ચેતનવંતો થયો અને 1993ના ફેબ્રુઆરીમાં મુક્ત ચૂંટણી યોજાઈ. 1994ના એપ્રિલમાં ભારે બહુમતિ સાથે નેલ્સન મંડેલા ચૂંટાઈ આવ્યા અને 1994ની 10મી મેએ તો રંગભેદમુક્ત દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ બન્યા.

આઝાદી મળી ત્યારે નેલ્સન મંડેલાના સમર્થકોએ અશ્વેત લોકો માટે વિવિધ માગણીઓ રજૂ કરી. આમેય દક્ષિણ આફ્રિકામાં અનેક જુદી જુદી આફ્રિકન જાતિઓ વસે, તેથી કોઈએ પોતાની જાતિઓને આરક્ષણ આપવાનો અવાજ પણ ઉચ્ચાર્યો. આ સમયે નેલ્સન મંડેલાએ કાળી ગુલામી પછી રંગભેદમુક્ત દક્ષિણ આફ્રિકાના પ્રજાજનોને કહ્યું.

'કોઈ પણ દેશના વિનાશ માટે અણુબૉમ્બ કે લાંબા અંતર સુધીની ક્ષમતા ધરાવતા મિલાઇલ્સની આવશ્યકતા નથી. માત્ર શિક્ષણનું સ્તર નીચું લાવવાથી અને પરીક્ષામાં કૉપી કરવાની છૂટ આપવાથી આ કામ થઈ શકે છે. કારણ કે આ રીતે ભણેલા ડૉક્ટરોથી દર્દીઓનાં મોત થશે અને આવા એન્જિનિયરોએ બાંધેલાં મકાનો સ્વયં જમીનદોસ્ત થઈ જશે. અર્થશાસ્ત્રીઓ અને કારકુનો આર્થિક ગોટાળાઓ કરશે અને ન્યાયાધીશોને હાથે ન્યાયનું ગળું ઘૂંટી દેવામાં આવશે. ધાર્મિક લોકોના હાથે જ માનવતાનું મૃત્યુ થશે. આનો અર્થ જ એ કે શિક્ષણનું પતન એટલે રાષ્ટ્રનું પતન.'

નેલ્સન મંડેલાનું આ વક્તવ્ય સાઉથ આફ્રિકન યુનિવર્સિટીના પ્રવેશદ્વારે કોતરાયેલું છે.

— આ વાત અમને એટલા માટે યાદ આવી કે કોઈ પણ દેશની ચડતી કે પતનનો આધાર એના શિક્ષણ પર રહેલો છે. શિક્ષણ કથળે તો આખો દેશ કલ્પના કરી ન હોય તે રીતે પતન પામે છે.

આજે આપણે ત્યાં પણ શિક્ષણની ચિંતા કરવાની સવિશેષ જરૂર છે. પ્રાથમિક શિક્ષણની શી હાલત છે, તે આપણે જાણીએ છીએ. શિક્ષણમાં પેસી ગયેલા ખાનગીકરણે મચાવેલો ઉત્પાત આપણે જોઈએ છીએ. શૈક્ષણિક સંસ્થાઓમાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓનું નફાલક્ષી પ્રભુત્વ જામ્યું છે અને શિક્ષણક્ષેત્રના ઉચ્ચ હોદ્દાઓ પણ રાજકારણના રંગે રંગાઈ ગયા છે, આ બધામાં સાચો શિક્ષક ખોવાઈ ગયો છે અને શિક્ષણ ખોટે માર્ગે ગતિ કરે છે. આને કારણે આવનારી પરિસ્થિતિ અંગે નેલ્સન મંડેલાનું આ વાક્ય ભૂલવા જેવું નથી.

**-સૌજન્ય 'ગુજરાત સમાચાર'**

• • •

# સહકારી ધિરાણ મંડળી અને ખેડૂત વિકાસ

– ડૉ. બાદર કુરેશી*

**સારાંશ :**

સહકારી મંડળી એ આર્થિક સંસ્થા છે. ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સહકારી પ્રવૃત્તિ ગામડાના આર્થિક અને સામાજિક વિકાસની મહત્ત્વની એજન્સી છે. ભારતમાં આયોજનના ભાગ રૂપે ગામડાંઓનાં આર્થિક વિકાસને સહાયક બનવા સહકારી ખાતાનું તથા સહકારી મંડળીઓનું માળખું ઊભું કરવામાં આવ્યું છે. સહકારી ખાતાનું મુખ્ય કાર્ય સહકારી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનું છે.

પ્રસ્તુત સંશોધનલેખમાં પણ ગુજરાત રાજ્યના ખેડા જિલ્લાને સંશોધન ક્ષેત્ર તરીકે મર્યાદિત રાખી તે વિસ્તારના વિકાસમાં ખાસ કરીને ગામડાંઓના ખેડૂતોના તથા કૃષિ-વિકાસમાં સહકારી મંડળીઓનું યોગદાન ચકાસવાનો મુખ્ય હેતુ રહેલો છે. આ ઉપરાંત આ સહકારી મંડળીઓનું માળખું, તેનું સ્વરૂપ અને સ્રોત તથા આ વિસ્તારમાં આવેલ કૃષિધિરાણ મંડળીઓ અને તેમની સંખ્યા તથા તેની મદદને કારણે ખેડૂતોના જીવનમાં આવેલ સામાજિક-આર્થિક પરિવર્તનો પણ જાણી શકાયાં છે.

**પારિભાષિક શબ્દો (Kee Words) :**

સહકાર, સહકારી મંડળી, ધિરાણ, ખેડૂત, વિકાસ.

**પ્રસ્તાવના :**

ભારત વર્ષોથી કૃષિપ્રધાન દેશ તરીકે પ્રચલિત રહ્યો છે. ભારતીય અર્થતંત્રને વિકાસમાન અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. દેશના અર્થતંત્રને સામાન્ય રીતે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે : પ્રાથમિક ક્ષેત્ર (જેમાં કૃષિ, પશુપાલન, જંગલ, મત્સ્ય વગેરે), દ્વિતીય ક્ષેત્ર (ઉદ્યોગો) તથા તૃતીય ક્ષેત્ર (બૅંક, વીમો, સંદેશા વ્યવહાર તથા વાહનવ્યવહાર વગેરે), વિકાસના પ્રારંભિક તબક્કામાં પ્રાથણિક ક્ષેત્ર (કૃષિક્ષેત્ર) મહત્ત્વનું બની રહે છે. આજે પણ દેશની કુલ કામ કરતી વસ્તીના 60 ટકા જેટલો ભાગ ખેતીમાંથી રોજગારી મેળવે છે. તેથી રોજગારીની દૃષ્ટિએ ખેતીક્ષેત્ર પ્રથમ ક્રમે છે. આમ આજે પણ ખેતી, પશુપાલન, મત્સ્યપાલન, મરઘાં ઉછેર અને જંગલોની ગૌણ પેદાશ આ સમગ્ર નાના-મોટા ગ્રામીણ વ્યવસાયમાં દેશની કુલ કામ કરતી વસ્તીમાંથી અડધાથી વધારે વસ્તી આ ક્ષેત્રમાંથી આવક મેળવીને પોતાનું ગુજરાન ચલાવે છે.

ખેતીમાં અનેક પરિબળો તેના વિકાસ માટે ભાગ ભજવતા હોય છે. જેમાં સંસ્થાગત ધિરાણ, બિન-સંસ્થાગત ધિરાણ, સિંચાઈ, બિયારણ, ખાતર, ખેતીનાં ઓજારો, ખેતીનું બજાર અને ખેતી-ઉત્પાદનના મળતા ભાવો વગેરે છે. આ જુદાં-જુદાં પરિબળોમાં કૃષિધિરાણ ખેડૂતોના આર્થિક-સામાજિક પરિવર્તનમાં તથા કૃષિ વિકાસમાં મહત્ત્વનું પરિબળ ગણાય છે. આ દૃષ્ટિએ આ સંશોધનવિષય ખૂબ રસપ્રદ બને તેવી શક્યતા છે.

**સહકારી મંડળી :**

સહકારી મંડળી એક આર્થિક મંડળ છે. તેમાં અમુક સંખ્યામાં વ્યક્તિઓ તેમની સર્વસામાન્ય આર્થિક જરૂરિયાતો સંતોષવા માટે સ્વેચ્છાપૂર્વક સાથે મળીને સમાનતાના ધોરણે કામ કરે છે, આ હેતુ પૂરો પાડવા માટે તેનું બંધારણ તથા નિયમો હોય છે. બંધારણ તથા નિયમો દ્વારા મંડળીનું સંચાલન થાય છે.

**સહકારી મંડળીનાં લક્ષણો :**

**(1) આવશ્યક સભ્યસંખ્યા :** સહકારી મંડળી રચવા માટે કાયદાની જોગવાઈ મુજબ ઓછામાં ઓછી અમુક સભ્યસંખ્યા જરૂરી છે. દા.ત. હાઉસિંગ તથા અન્ય સહકારી મંડળી રચવા ઓછામાં ઓછા 10 સભ્યો હોવા જોઈએ.

**(2) નોંધણી :** સહકારી મંડળીની કાનૂની માન્યતા મેળવવા તેની નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવા જરૂરી બને છે. નોંધણી સહકારી ખાતાના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર પાસે કરાવવાની હોય છે.

**(3) આર્થિક હેતુ :** સહકારી મંડળી આર્થિક સંસ્થા છે. વ્યક્તિઓ પોતાનાં આર્થિક હિતો જેવાં કે લોન

* મદદનીશ પ્રાધ્યાપક (સમાજકાર્ય), મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર, ગુજરાત.

મેળવવા, નફો મેળવવા, વેચાણ કરવા કે તેવા અન્ય આર્થિક હેતુ સંતોષવા માટે મંડળી રચે છે.

**(4) સ્વૈચ્છિક સભ્યપદ :** સહકારી મંડળી સ્વૈચ્છિક જૂથ છે. વ્યક્તિઓ સ્વૈચ્છિક રીતે મંડળી રચી શકે છે અને રચાયેલી મંડળીમાં સ્વેચ્છાથી સભ્યપદ મેળવી શકાય છે, તે જ રીતે સ્વેચ્છાથી સભ્યપદ છોડી શકાય છે.

**(5) લોકશાહી વ્યવસ્થા :** સહકારી મંડળીનું વ્યવસ્થા- તંત્ર લોકશાહી ઢબનું છે. સૌ સભ્યો સામાન્ય સભાના સભ્યો છે. તે બધા ચૂંટણી દ્વારા વ્યવસ્થા સમિતિ રચે છે અને પ્રમુખની પણ ચૂંટણી કરવામાં આવે છે. સામાન્ય સભામાં, સમિતિમાં સભ્યો પોતાનો અભિપ્રાય રજૂ કરી શકે છે.

પ્રત્યેક સહકારી મંડળીને તેનો નિશ્ચિત કાર્યપ્રદેશ હોય છે. તેમાં નફાની ન્યાયી વહેંચણી કરવામાં આવે છે તથા પ્રત્યેક સભ્યે દર મહિને નિયમિત અમુક રકમ ફરજિયાત બચત તરીકે જમા કરાવવાની રહે છે. મંડળીનું નાણા ભંડોળ ઊભું કરવામાં ફરજિયાત બચત મહત્ત્વનો ફાળો આપે છે. પ્રત્યેક સહકારી મંડળી રાજ્ય તરફથી આર્થિક સહાય તેમજ કાનૂની અને વહીવટી સહાય પણ મેળવે છે.

ગ્રામજનોની જુદી જુદી જરૂરિયાતો પૂરી પાડવાના હેતુથી ધિરાણ, સેવા, ઉત્પાદન, ખરીદ-વેચાણ, રહેઠાણ, ઉદ્યોગ, ખેતી વગેરે સંબંધી સહકારી મંડળીઓ રચી શકાય છે.

**કૃષિધિરાણનાં પુરવઠાનું સ્વરૂપ અને સ્રોત :**

1. સરકાર, 2. રીઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા, 3. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, 4. સહકારી બૅંકો, 5. જમીન વિકાસ બૅંક અને 6. નાબાર્ડ (નૅશનલ બૅંક ફૉર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ)

**કૃષિ ધિરાણની માંગનાં કારણો :**

1. પરંપરાગત ખેતસુધારણા માટે, 2. હરિયાળી ક્રાંતિનાં ફળ મેળવવા માટે, 3. શ્વેત ક્રાંતિનાં ફળ મેળવવા માટે અને 4. સામાજિક અને વપરાશી ખર્ચ માટે.

**કોષ્ટક : 1**

**જિલ્લાવાર પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળી (વર્ષ-2017)**

| ક્રમ | જિલ્લાનું નામ | મંડળીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | બનાસકાંઠા | 1314 |
| 2. | સાબરકાંઠા | 598 |
| 3. | જૂનાગઢ | 567 |
| 4. | ભાવનગર | 538 |
| 5. | વડોદરા | 508 |
| 6. | અમદાવાદ | 473 |
| 7. | રાજકોટ | 459 |
| 8. | અમરેલી | 395 |
| 9. | મહેસાણા | 386 |
| 10. | કચ્છ | 380 |
| 11. | પાટણ | 342 |
| 12. | જામનગર | 338 |
| 13. | ભરૂચ | 309 |
| 14. | સુરેન્દ્રનગર | 299 |
| 15. | ખેડા | 232 |
| 16. | આણંદ | 220 |
| 17. | પંચમહાલ | 213 |
| 18. | ગાંધીનગર | 172 |
| 19. | સુરત | 164 |
| 20. | નવસારી | 116 |
| 21. | વલસાડ | 109 |
| 22. | દાહોદ | 89 |
| 23. | નર્મદા | 79 |
| 24. | તાપી | 78 |
| 25. | પોરબંદર | 78 |
| 26. | ડાંગ | 62 |
| 27. | બોટાદ | 92 |
| 28. | દેવભૂમિ દ્વારકા | 72 |
| 29. | છોટા ઉદેપુર | 68 |
| 30. | મહીસાગર | 72 |

| | | |
|---|---|---|
| 31. | અરવલ્લી | 87 |
| 32. | મોરબી | 74 |
| 33. | ગીર સોમનાથ | 75 |
| | કુલ (ગુજરાત રાજ્ય) | 9058 |

**સ્રોત :** સહકાર વિશેષાંક (ગુ.રા.સ.સંઘ) ડિસેમ્બર-2017

**ખેડા જિલ્લાની પસંદગીનાં કારણો :**

**1. વધુ સિંચાઈવાળો પ્રદેશ :**

- ખેડા જિલ્લામાં કુલ 2 અનુશ્રવણ તળાવો આવેલાં છે.
- આ જિલ્લામાં નવ નદીઓ આવેલી છે.
- 64 ચેકડેમ આવેલા છે.
- જિલ્લા પંચાયત હસ્તકના નાની સિંચાઈ તળાવોની સંખ્યા 12 છે. જે 1.642.64 હેક્ટર જમીનને આવરી લે છે.

**2. વધુ શિક્ષણવાળો પ્રદેશ :**

ખેડા જિલ્લામાં પુરુષો અને સ્ત્રીઓનો સાક્ષરતા દર અનુક્રમે 93.47 અને 76.92 ટકા જોવા મળે છે.

**3. ઓછું માથાદીઠ જમીનનું પ્રમાણ :**

ખેડા જિલ્લામાં 62 ટકા સીમાંત ખેડૂતો છે અને તેમની પાસે જમીનનું પ્રમાણ 1 હેક્ટરથી ઓછું છે. જેનું મુખ્ય કારણ વિભક્ત કુટુંબ થવાને કારણે જમીનનું ખંડ-વિભાજન અને ઉપવિભાજન થતું હોય છે. નાના ખેડૂતનું પ્રમાણ 21 ટકા છે. જેમની જમીન 1 થી 2 હેક્ટર જમીન છે, જ્યારે મોટા ખેડૂતોનું પ્રમાણ માત્ર 17 ટકા જ છે. પરંતુ તેમની પાસે કુલ જમીનના 54 ટકા જમીનો છે, જ્યારે સીમાંત ખેડૂતો પાસે 21 ટકા તો નાના ખેડૂતો પાસે 25 ટકા જમીનો આવેલી છે જે ખૂબ ઓછું કહેવાય. સીમાંત ખેડૂતો પાસે માથાદીઠ જમીનનું પ્રમાણ 0.41 હેક્ટર છે. જ્યારે નાના ખેડૂત પાસે માથાદીઠ જમીનનું પ્રમાણ 1.42 હેક્ટર છે અને મોટા ખેડૂતો પાસે માથાદીઠ જમીનનું પ્રમાણ 3.84 હેક્ટર છે.

**4. ઓછી પ્રાથમિક કૃષિધિરાણ સહકારી સંસ્થાઓ :**

કૉષ્ટક :1 મુજબ ગુજરાત રાજ્યમાં 9058 પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓ આવેલી છે. જ્યારે ખેડા જિલ્લામાં આ પ્રકારની મંડળીઓની સંખ્યા માત્ર 232 છે. તેથી જે જિલ્લામાં પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓનો વિકાસ ઓછો થયો છે તેવા ખેડા જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ તો ઊંચું છે. સિંચાઈની સુવિધાઓનું પ્રમાણ પણ ખૂબ જ સારું છે.

આવી સારી પરિસ્થિતિ હોવા છતાં કૃષિધિરાણ સહકારી મંડળીઓની સંખ્યા ઓછી કેમ છે ? તે જાણવા તથા તેના વિકાસમાં અવરોધરૂપ બનતાં પરિબળો દૂર કરવાના ઉદ્દેશથી ખેડા જીલ્લાની પસંદગી કરી છે.

**કૉષ્ટક : 2**

ખેડા જિલ્લાનાં તાલુકાદીઠ ગામો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીની સંખ્યા (વર્ષ-2017)

| ક્રમ | તાલુકાનું નામ | મંડળીઓની સંખ્યા | ગામની સંખ્યા |
|---|---|---|---|
| 1. | કપડવંજ | 30 | 100 |
| 2. | વિરપુર | 12 | 53 |
| 3. | બાલાસિનોર | 11 | 46 |
| 4. | કઠલાલ | 15 | 59 |
| 5. | મહેમદાવાદ | 22 | 65 |
| 6. | ખેડા | 19 | 39 |
| 7. | માતર | 26 | 55 |
| 8. | નડિયાદ | 27 | 59 |
| 9. | મહુધા | 13 | 41 |
| 10. | ઠાસરા | 32 | 95 |
| | કુલ | 207 | 612 |

સ્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા, 2016-17 (ખેડા જિલ્લા પંચાયત)

**સંશોધન માટે નમૂના-પસંદગી :**

સૌથી વધુ પ્રાથમિક કૃષિધિરાણ મંડળી ઠાસરા તાલુકામાં છે અને ત્યારબાદ બીજા ક્રમે કપડવંજ તાલુકામાં છે. આમ પ્રથમ બે ક્રમમાં આવતી પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીવાળા તાલુકાની પસંદગી આ અભ્યાસ માટે કરી છે.

આ અભ્યાસ હેઠળના બંને તાલુકામાંથી બે-બે

ગામ—અનુક્રમે સૌથી વધારે કાર્યશીલ મૂડી અને સૌથી ઓછી કાર્યશીલ મૂડીવાળાં ગામ પસંદ કરવામાં આવ્યાં છે. જેમાં ઠાસરા તાલુકામાંથી ઠાસરા સૌથી વધુ કાર્યશીલ મૂડીવાળું ગામ અને નેશ સૌથી ઓછી કાર્યશીલ મૂડી ધરાવતું ગામ પસંદ કરવામાં આવ્યાં છે. તેવી જ રીતે કપડવંજ તાલુકામાંથી પણ નવાગામ સૌથી વધુ કાર્યશીલ મૂડી ધરાવતું ગામ અને આંતરસુંબા સૌથી ઓછી કાર્યશીલ મૂડી ધરાવતું ગામ પસંદ કરવામાં આવ્યાં છે. આ ગામોમાંથી નીચે જણાવ્યા પ્રમાણે ખેડૂતોના કુલ ત્રણ પ્રકારની સંખ્યાના આધારે ગામદીઠ કુલ 50 ખેડૂતોની અભ્યાસના ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવી છે. આમ, કુલ 4 ગામમાંથી 200 ખેડૂતોની પસંદગી કરવામાં આવી છે. જેમાં સીમંત અને નાના ખેડૂતો (0 થી 2 હેક્ટર જમીન), મધ્યમ પ્રકારના ખેડૂતો (2 હેક્ટરથી વધુ અને 10 હેક્ટરથી ઓછી જમીન) અને મોટા ખેડૂતો (10 હેક્ટરથી વધુ જમીન) એમ ત્રણ વિભાગમાં વહેંચ્યા છે અને તેમનો પ્રાથમિક અભ્યાસ કર્યો છે.

**અભ્યાના ઉદ્દેશ્યો / હેતુઓ :**

1. ખેડા જિલ્લામાં થયેલી સહકારી ધિરાણ મંડળીનો ઈતિહાસ જાણવો.
2. ભારતમાં કૃષિધિરાણની માગ અને પુરવઠાને અસર-કર્તા પરિબળો સમજવાં.
3. ખેડૂતોને પ્રાપ્ત થતા કુલ ધીરાનોમાં સહકારી ધિરાણનો ફાળો જાણવો.
4. કૃષિ-ઉત્પાદન અને ઉત્પાદકતામાં ધિરાણની ભૂમિકા સમજવી.
5. ધિરાણનો હેતુ-પૂર્વકનો ઉપયોગ થાય છે કે કેમ તે તપાસવું.
6. ધિરાણ મંડળી થકી ખેડૂતોનો સામાજિક-આર્થિક વિકાસ જાણવો.

**ઉત્કલ્પના :**

1. સહકારી ધિરાણને અને ખેત-ઉત્પાદકતા વચ્ચે સીધો સંબંધ છે.
2. સહકારી ધિરાણનો ઉપયોગ બીજા હેતુઓ માટે પણ થાય છે.
3. સહકારી ધિરાણનો લાભ મોટા ખેડૂતોને વધુ પ્રમાણમાં થાય છે.
4. સહકારી ધિરાણથી ખેડૂતોના જીવનમાં સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું છે.

**માહિતી-એકત્રીકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં (1) પ્રાથમિક માહિતી પ્રત્યક્ષ મુલાકાત અને અનુસૂચિ દ્વારા મેળવવામાં આવી છે. જેમાં કેટલાક વિષય વસ્તુને લગતા પ્રશ્નો જેવા કે કૃષિ માટે જરૂરી ધિરાણ અન્ય માહિતી, પસંદ કરેલ ખેડૂતોની રૂબરૂ મુલાકાત લઈ મેળવી છે. આ ઉપરાંત સરપંચ, તલાટી, સહકારી મંડળીના સભ્યો, સેક્રેટરી અને મેનેજર વગેરેની મુલાકાત થકી માહિતી મેળવવામાં આવી છે. (2) ગૌણ માહિતી : વિવિધ ગ્રંથાલયોમાં જઈને પુસ્તકો, સામયિકો, અન્ય સંશોધનો વગેરેમાંથી માહિતી મેળવી છે. આ ઉપરાંત તાલુકા અને જિલ્લા પંચાયત આંકડા શાખા, સામાજિક-આર્થિક સમીક્ષાનાં અહેવાલો, પ્રાથમિક કૃષિધિરાણ મંડળીના વાર્ષિક અહેવાલો વગેરેનો ઉપયોગ ગૌણ માહિતી માટે કરવામાં આવ્યો છે.

**માહિતીનું વિશ્લેષણ :**

એકત્રિત કરેલ માહિતીને જુદા જુદા વર્ગના આધારે વિભાજિત કરીને માહિતીના વિશ્લેષણ માટે કમ્પ્યૂટરના વિશિષ્ટ SPSS સૉફ્ટવેરનો ઉપયોગ કર્યો છે. જેથી કોષ્ટક દ્વારા માહિતીને સરળ રીતે સમજી શકાય અને નિર્ણયપ્રક્રિયા સરળ બને. એકત્રિત કરેલ માહિતીનું કોષ્ટકીકરણ કરીને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરીને ટકાવારી કાઢી પરિણામો મેળવવામાં આવ્યાં છે.

**તારણો :**

કુટુંબ (પસંદ કરેલા નિદર્શો)નું સામાજિક-આર્થિક ચિત્ર :

– સીમાંત અને નાના ખેડૂતોની સંખ્યા 121 છે અને તેની ટકાવારી 60.5 છે.
– મધ્યમ ખેડૂતો 28.5 ટકા, તો મોટા ખેડૂતો 11 ટકા છે.

- સીમાંત અને નાના ખેડૂતો દ્વારા માનવ-મૂડીરોકાણ ક્ષેત્રે થતા કુલ ખર્ચના 37 ટકા ખર્ચ શિક્ષણ પાછળ અને 63 ટકા ખર્ચ આરોગ્ય પાછળ થાય છે. જ્યારે મોટા ખેડૂતો દ્વારા 75 ટકા ખર્ચ શિક્ષણ પાછળ તથા 25 ટકા ખર્ચ આરોગ્ય પાછળ થાય છે.
- સરેરાશની દૃષ્ટિએ જોઈએ તો 45 ટકા ખર્ચ શિક્ષણ પાછળ તો 55 ટકા ખર્ચ આરોગ્ય પાછળ થાય છે.
- એકંદરે 86 ટકા ખેડૂતો એવું માને છે કે સહકારી ધિરાણથી ઉત્પાદનમાં વધારો થયો છે.
- મોટા ખેડૂતોમાંથી 33.33 ટકા ખેડૂતોનો મત છે કે સહકારી ધિરાણ મળવાથી મિલકતમાં વધારો અને માનવ-મૂડીરોકાણ ખર્ચમાં વધારો થયો છે.
- સીમાંત અને નાના (13.22 ટકા) ખેડૂતો સહકારી ધિરાણનો ઉપયોગ ખેતી સિવાય અન્ય કામ (સામાજિક પ્રસંગો અને આકસ્મિક ખર્ચ) માટે પણ કરે છે.
- મોટા ભાગના (૭૩ ટકા) ખેડૂતોનું માનવું છે કે સહકારી ધિરાણ સરળતાથી મળે છે અને વ્યાજનો દર પણ નીચો હોય છે.
- મોટાભાગના (79 ટકા) ખેડૂતોનું માનવું છે કે, આગલાં 5 વર્ષ (2007 થી 2012) કરતા આ ગયા 5 વર્ષ (2012-13 થી 2017-18)માં એવરેજ 3.65 ટકા આવક વધી છે.
- મોટાભાગના (69 ટકા) ખેડૂતોનું માનવું છે કે, આ ધિરાણ સહકારી મંડળીઓનાં ધિરાણ થકી, ખેતીની આવકો વધતા ખેડૂતોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળે છે.

**સુચનો :**

- કૃષિ ધિરાણનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે જ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- દરેક મધ્યમથી મોટાં ગામોમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી હોવી જોઈએ.
- મધ્યસ્થ સહકારી બૅંકો, તાલુકા બૅંકો અને સેવા સહકારી મંડળીઓએ યોગ્ય સંકલન સાધવું જોઈએ.
- સહકારી ધિરાણનો વધુમાં વધુ ખેડૂતો લાભ લે એ માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવી જોઈએ.
- ખેડૂતોને સરળતાથી ધિરાણ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.
- ખેડૂતો શાહુકારો અને જમીનદારો પાસેથી ઊંચા વ્યાજે ધિરાણ ન લેતાં મંડળીઓમાંથી ધિરાણ લે તેવા પ્રયાસો થવા જોઈએ.

**સંદર્ભસૂચિ :**


- આંકડાકીય રૂપરેખા (2017-18)– ખેડા જિલ્લા પંચાયત, નડિયાદ.
- આંતરસુબા, ઠાસરા, નવાગામ અને નેશ - (4) જૂથ સેવા સહકારી મંડળીના વાર્ષિક અહેવાલો,
- કૃષિ અને ગ્રામીણ બૅંક (ખેતી બેંક) 65મો વાર્ષિક અહેવાલ, 2017-18
- મહેતા એસ. બી. (1972), 'ભારતની સહકારી પ્રવૃત્તિ : મૂલ્યાંકન અને સમાલોચના' ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ
- શાસ્ત્રી આર. વિ. (1972), 'સહકાર સિદ્ધાંત અને વ્યવહાર' - પોપ્યુલર પ્રકાશન, સુરત.
- શાહ એ. જી., દવે જે. કે. (1998-99), 'ભારતમાં ગ્રામીણ વિકાસના સામાજિક પાસાં', અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ.
- શાહ એ. જી., દવે જે. કે. (2010), 'ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન', અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ.
- સામયિક : અર્થસંકલન (સહકાર વિશેષાંક) ડિસેમ્બર - 2015
- સામાજિક-આર્થિક સમીક્ષા (ખેડા જિલ્લા - 2017-18 તથા ગુજરાત રાજ્ય - 2017-18)
- Agriculture Census (2015-16)
- Socio-Economic Survey, Government of India, Various Issues.
- www.cesusindia.gov.in


•

## ગ્રંથસમીક્ષા

– ડૉ. પરેશ ચૌહાણ*

**[દત્તા, સુબ્રતો અને અલઘ, મુનિસ : 'Supermarket for Rural Customers : A Study of Community Oriented Social Enterprise in Gujarat', ઍકેડેમિક ફાઉન્ડેશન, નવી દિલ્લી, પીન-110002, વર્ષ-2017, પૃષ્ઠ-174, કિંમત રૂ. 895-00.]**

ગ્રામીણ ગ્રાહકોના સુપર માર્કેટ વિષય પર અભ્યાસ કરી સુબ્રતો દત્તા અને મુનિસ અલઘનું પુસ્તક 'સુપરમાર્કેટ ફોર રૂરલ કસ્ટમર્સ' વર્ષ 2017માં અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું છે. આ અભ્યાસપુસ્તકના સંશોધન-પ્રોજેક્ટને નાણાકીય સહાય ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ (ICSSR), દિલ્હીથી પ્રાપ્ત થઈ હતી. જેનું પુસ્તક સ્વરૂપે પ્રકાશન પણ ઍકેડેમિક ફાઉન્ડેશન, દિલ્હીથી થયું છે. પુસ્તકમાં કુલ પૃષ્ઠ 174 અને તેની હાર્ડ બાઉન્ડ કૃતિની કિંમત રૂ. 895/- છે. આ પુસ્તકના લેખકો - સુબ્રતો દત્તા અમદાવાદ સ્થિત સંસ્થા સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનૉમિક ઍન્ડ સોશિયલ રિસર્ચમાં એસોસિએટ પ્રોફેસર છે. જ્યારે મુનિસ અલઘ ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચના સિનિયર ફેલો છે અને સરદાર પટેલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઇકોનોમિક એન્ડ સોશ્યલ રિસર્ચમાં એસો. પ્રોફેસર છે.

ભારતમાં સુપરમાર્કેટ દુર્લભ છે. ખાદ્ય વેચાણનો માત્ર 2 ટકા હિસ્સો જ તેની મારફત વેચાય છે. મોટાભાગના લોકો ઓપન-એર માર્કેટ અથવા સ્થાનિક નાની દુકાનોમાંથી ખરીદી કરે છે. તેમ છતાં ડી-માર્ટ આ ક્ષેત્રે આગળ વધી રહેલી પ્રથમ કંપની બની છે. જ્યારે ટાટા (સ્ટાર બજાર) અને કેરફોર જેવી દિગ્ગજ કંપનીઓએ આ ક્ષેત્રે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. વૉલમાર્ટના ઘણા સ્ટોર ચાલી રહ્યા છે. એમેઝોન-સ્ટાઇલની ડિલિવરી ફર્મ ફ્લિપકાર્ટ, સુપરમાર્કેટ ચલાવવાના સ્થાને અપેક્ષાકૃત સમૃદ્ધ ગ્રાહકો પર ધ્યાન રાખે છે, જેમને તે કીમતી સામાન વેચી રહી છે. ટૂંકમાં, સુપરમાર્કેટ વ્યવસાય રણનીતિ બદલી રહ્યાં છે.

આવાં સુપરમાર્કેટ હાલમાં શહેરી ભારતમાં ખૂબ જ લોકપ્રિય શહેરી કેન્દ્રો છે. આ સુપરમાર્કેટ મુખ્યત્વે શહેરો અને મોટાં શહેરોમાં સ્થિત છે. આની સાથે સંબંધિત કંપનીઓ ગ્રામીણ વિસ્તારોમાં સુપરમાર્કેટ ફ્રેન્ચાઇઝને પ્રોત્સાહિત કરવાની અનિચ્છા ધરાવે છે, કારણ કે ગ્રામીણ ભારતના નોંધપાત્ર સંખ્યાના લોકોની આવક પ્રમાણમાં ઓછી છે અને તેને પરિણામે તેમની ખરીદશક્તિ પણ ઓછી છે. આથી, ગ્રામીણ લોકોની આ આધુનિક શોપિંગ કેન્દ્રો સુધી પહોંચ પણ મર્યાદિત છે.

આ અભ્યાસના લેખકો સમુદાય-આધારિત આવા એક લક્ષ્ય-નેટવર્ક સાથે સંકળાયેલા છે, જે ગુજરાત રાજ્યના (મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં) છૂટક સુપરમાર્કેટ ફ્રેન્ચાઈઝિંગ એન્ટરપ્રાઇઝ તરીકે કાર્યરત છે. જેના ફ્રેન્ચાઇઝર અમદાવાદ શહેરમાં આવેલા છે જ્યારે ફ્રેન્ચાઇઝીઝ ગામોમાં અને જુદા જુદા જિલ્લાઓનાં નાનાં ગ્રામીણ વિકાસ કેન્દ્રોમાં સ્થિત છે. આ સમગ્ર નેટવર્ક 'હાર્ટી માર્ટ'ના નેજા હેઠળ કાર્યરત છે. ગ્રામીણ વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ દ્વારા નવી રોજગારીની તકો ઊભી થઈ શકે છે. આ બાબતમાં ભૌગોલિક પાંસું પણ મહત્ત્વનું છે. હવે કેટલાક ફ્રેન્ચાઇઝ રિટેલ સ્ટોર એવા વિસ્તારોમાં સ્થિત હોવાનું જાણવા મળે છે કે જ્યાં પહેલાં કોઈ છૂટક સ્ટોર્સ નહોતા. સ્થાનિક લોકો આવા વેન્ચરથી લાભ મેળવે તેવી શક્યતા છે.

આ અભ્યાસ પુસ્તક એક ચોક્કસ સમુદાય-અભિમખ છૂટક સુપરમાર્કેટના ફ્રેન્ચાઈઝીંગ મૉડેલ સ્વરૂપના વેપારી નેટવર્કની માહિતી આપે છે. 'હાર્ટી માર્ટ'ના નેજા હેઠળ ચાલતું આ સંગઠન નદીમ જાફરીના

* આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયોલોજી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

મગજની ઊપજ છે. તેઓ આ સંગઠનના સ્થાપક-ઉદ્યોગ. સાહસિક, ફ્રેન્ચાઇઝર છે કે જેમણે 2004માં સૌ પ્રથમ અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં આ સુપરમાર્કેટની સ્થાપના કરી હતી. નદીમ પોતે સિયા મોમીન સમુદાયના સાંપ્રદાયિક વડાના કુટુંબમાંથી આવે છે. તેઓ જ્યારે તેમના સમુદાયના ધાર્મિક આગેવાનોને મળ્યા ત્યારે તેઓએ તેમને ગ્રામ્ય વિસ્તારોમાં હાર્ટી માર્ટ સુપરમાર્કેટ ચેઇન—એક સમુદાય અભિમુખ ફ્રેન્ચાઇઝિંગ નેટવર્ક ઊભું કરવાની તક આપી. આ સંગઠન તેમના સમુદાયના લોકોને તેમાં ફ્રેન્ચાઇઝીઝ તરીકે જોતરવાનું કાર્ય કરે છે. હાર્ટી માર્ટ એ અર્થમાં સ્થાનિક વિસ્તારો સાથે મજબૂત રીતે જોડાણ ધરાવે છે, કે જે સ્થાનિક સમુદાયના લોકોની ઉદ્યોગ-સાહસિકતાનો વિકાસ કરવામાં, તેમને રોજગારી આપવામાં, સ્થાનિક ગ્રામીણ લોકોની છૂટક વેચાણની દુકાનો વધારવામાં, ગ્રાહકોને ઓછી કિંમતે, સારી ગુણવત્તાવાળી વસ્તુઓ ઉપલબ્ધ કરાવવી એમ વિવિધ રીતે ફાયદાકારક સંગઠન છે.

આ નવું રિટેલ મૉડેલ બે મહત્ત્વનાં પરિમાણો સાથે જોડાયેલ છે. પહેલું, નાના પાયાની સુપરમાર્કેટ ચેઇનનું સંગઠનાત્મક પાસું અને બીજું, સામાજિક સાહસિકતાનો ખ્યાલ કે જેમાં પિરામિડના તળિયે રહેતા લોકો માટે કંઈક કરવું છે. આ પુસ્તક આ બંને પરિમાણોની અને તેનાં નિરીક્ષણોની ઊંડાણથી ચર્ચા કરે છે. સાથોસાથ સ્થાનિક ગ્રાહકોના વિચારો પણ પુસ્તકમાં પ્રસ્તુત કર્યા છે. હાર્ટી માર્ટ સુપરમાર્કેટ ફ્રેન્ચાઇઝિંગ મૉડેલ પર અભ્યાસના ઉદ્દેશ્યો આ પ્રમાણે હતા :

1. એક જટિલ બાહ્ય વાતાવરણમાં કેવી રીતે એક સમુદાય તેના પોતાના સાંસ્કૃતિક સંસ્થાકીય નેટવર્ક પર આધારિત ફ્રેન્ચાઇઝી વ્યવસાય મોડેલ વિકસિત કરે છે, તે સમજવું.
2. ઔપચારિક / કાયદાકીય કરારો અને સામેલ પક્ષકારો વચ્ચે કોઈ પણ કડક શરતો વિના ફ્રેન્ચાઇઝિંગ નેટવર્ક કેવી રીતે વિકસાવવામાં આવે છે તેની તપાસ કરવી.
3. સુપરમાર્કેટ મૉડેલ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસની ગતિ શોધી શકે છે કે કેમ તે ચકાસવું.
4. આ મોડેલનાં સંગઠનાત્મક પાસાંઓની અને સામાજિક પાસાંઓની તપાસ કરવી.
5. આ ગ્રામીણ સુપરમાર્કેટ મોડેલ વિશે, ખાસ કરીને સામાજિક સાહસિકતાના ખ્યાલના સંદર્ભમાં સ્થાનિક ગ્રાહકોના વિચારો જાણવા. ગ્રામીણ લોકો (ફ્રેન્ચાઇઝીઓ તરીકે અને કર્મચારીઓ તરીકે બંને) માટે આજીવિકાના નિર્માણના દૃષ્ટિકોણથી આ બાબતોને જોવી.

સંશોધકોએ આ પુસ્તકના વિષયવસ્તુને આઠ પ્રકરણોમાં વિભાજિત કર્યું છે. પ્રથમ પ્રકરણમાં હાર્ટી માર્ટ સંગઠનની પ્રસ્તુતતા, તેની સાથે સંબંધિત મુદ્દાઓ, અભ્યાસના હેતુઓ, તપાસની પદ્ધતિ અને પ્રકરણોની ગૂંથણી રજૂ કર્યાં છે. પ્રકરણ-2 માં હાર્ટી માર્ટ સંગઠનનું સમગ્ર માળખું અને તેની વ્યવસ્થા કે જેમાં તેના વિભાગો કાર્ય કરે છે તેને વિગતવાર દર્શાવવા માટે ફ્રેન્ચાઇઝર અને ફ્રેન્ચાઇઝીઓ વચ્ચેના મધ્યસ્થી પેટા સંગઠનની ભૂમિકા સંબંધનું વિગતવાર વર્ણન કર્યું છે. આ પ્રકરણમાં હાર્ટી માર્ટ મૉડેલની પસંદગી કરતી સપ્લાય-ચેઇન મિકેનિઝમને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મૂલ્ય શૃંખલા (Value Chain)ના પરિપ્રેક્ષ્યથી હાર્ટી માર્ટના દરેક ભાગનું પ્રદાન આ પ્રકરણમાં ખુલ્લું પાડ્યું છે.

પ્રકરણ-3માં સામાજિક સાહસિકતા અને ઉદ્યોગ સાહસિકતાના ઈસ્લામિક દૃષ્ટિકોણના ખ્યાલોના સંબંધની વિગતવાર સાહિત્યસમીક્ષા કરી સામાજિક સાહસિકતાની જુદી જુદી ખાસિયતો રજૂ કરવામાં આવી છે. જેમાં ઈસ્લામિક નૈતિકતાને સામાજિક સાહસિકતા સાથે કોઈ સંબંધ છે કે નહીં તે પ્રશ્નની સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો છે. કારણ કે આ અભ્યાસ ફ્રેન્ચાઇઝિંગ મૉડેલ સાથે સંકળાયેલો હોવાથી તે ઈસ્લામિક સમુદાયના મુખ્યત્વે શિયા મોમીન સમુદાયના ચિલી સંપ્રદાયના ઘણા લોકોને જોડે છે.

પ્રકરણ-4 માં, સંગઠનાત્મક અર્થશાસ્ત્રની ચર્ચા સાથે સંબંધિત વિવિધ વિભાવનાઓ જે સમુદાયના લક્ષિત ફ્રેન્ચાઇઝિંગ સુપરમાર્કેટ મૉડેલને સમજવામાં મદદ કરે છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. સમુદાય આધારિત ફ્રેન્ચાઇઝિંગ મોડેલને સમજવામાં સંગઠનના ખ્યાલને સમજવું ઉપયોગી હોય છે, તેથી સંશોધકોએ સંગઠનાત્મક મિકૅનિઝમના વિષયો પર સાહિત્યની વિસ્તૃત સમીક્ષા રજૂ કરી છે, જેમાં સંકલન અને પ્રેરણા, સંગઠનનું હાઇબ્રિડ સ્વરૂપ, બંધબેસતા તર્કસંગત કરારના પ્રતિસાદો, મિલકતના અધિકારો અને ટ્રાન્ઝેક્શન ખર્ચ અને આવા અનેક વિષયોનો સમાવેશ થાય છે.

પ્રકરણ-5માં સામાજિક સાહસના પરિપ્રેક્ષ્યથી હાર્ટી માર્ટ મૉડેલનું અનુભવજન્ય પૃથક્કરણ કર્યું છે. આ પ્રકરણ ફિલ્ડ સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરવામાં આવેલી પ્રાથમિક માહિતી અને ડેટાના ગુણાત્મક વિશ્લેષણને સમાવિષ્ટ કરે છે. કેસ સ્ટડી એનાલિસિસ બતાવે છે કે હાર્ટી માર્ટ તેની ધાર્મિક નૈતિકતા અને બોન્ડ સાથે સ્થાનિક સમાજમાં પિરામિડની નીચે સેવા પ્રદાન કરવામાં સફળ રહ્યું છે. વધુ અગત્યનું એ છે કે, હાર્ટી માર્ટ એ એવા પ્રકારનું સંગઠન નથી કે જે એક સખાવતી ટ્રસ્ટ તરીકે ઓળખાતું હોય અને એની સાથે સાથે તે કોઈ પણ પ્રકારના પરોપકાર અથવા દાન આપવાની વૃત્તિ સાથે પણ સંકળાયેલું નથી. તેના બદલે તે બજારના સિદ્ધાંતો અને વાજબી પ્રૉફિટ શોધવાના ઉદ્દેશ્યોને અનુસરે છે. મોટાભાગના હાર્ટી માર્ટ રિટેલ સ્ટોર્સ ભૌગોલિક રીતે દૂરના વિસ્તારોમાં સ્થિત છે, અને તે ગ્રામીણ વિસ્તારોના નિમ્ન અને મધ્યમ વર્ગના ગ્રાહકોને આર્થિક રીતે પરવડે તેટલા સસ્તા છે અને તે ગ્રામીણ ગ્રાહકોને વિશાળ જાતોની શ્રેણીના વિવિધ પ્રકારના ઉત્પાદકો પ્રદાન કરી રહ્યા છે.

પ્રકરણ-6 હાર્ટી માર્ટના સંગઠનાત્મક માળખાનાં વિવિધ પાસાંઓની અનુભૂતિપૂર્ણ વિસ્તૃત માહિતી આપે છે. તે ગામના ફ્રેન્ચાઇઝીઓના સંબંધમાં સંપત્તિના અધિકારોના મુદ્દાઓની ચર્ચા કરે છે. આ પ્રકરણમાં તપાસવામાં આવ્યું છે કે ફ્રેન્ચાઇઝીઓ અને ફ્રેન્ચાઇઝર વચ્ચેનો સંબંધ તંદુરસ્ત છે કે નહીં અને આ બંને વચ્ચે સંપત્તિના અધિકારોના ઔપચારિક કાયદાની ગેરહાજરી હોવા છતાં એ સારી રીતે સ્થાપિત છે કે નહીં. એમાં દર્શાવ્યું છે કે શું હાર્ટી માર્ટના કિસ્સામાં ધાર્મિક વિશ્વાસ અને આદર મિલકતના અધિકારોના મુખ્ય ઘટકો છે અને શું ટ્રસ્ટ સંગઠનમાં વ્યાવસાયિક વ્યવહારો કરવામાં ટ્રાન્ઝેક્શન ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે ? આ પ્રકરણ આવા અન્ય ઘણા મુદ્દાઓમાં આ બાબતની ઊંડાણથી રજૂઆત કરે છે, જેવા કે હાર્ટી માર્ટ કન્દ્રીય નિર્ણય લેવાની પ્રક્રિયાને અનુસરે છે અથવા વિકેન્દ્રિત નિર્ણય લેવાની પ્રક્રિયાને અનુસરે છે અથવા બંનેને અનુસરે છે. અહીં એક પ્રશ્ન એ પણ ઉઠાવ્યો છે કે શું આ સંગઠન સ્થાનિક ઉદ્યમીઓ (ફ્રેન્ચાઇઝીસ)ની મૂળભૂત આવશ્યકતાઓ, સમસ્યાઓ હલ કરી શકે છે.

પ્રકરણ-7 મર્યાદિત સાધનોની સ્થિતિમાં સ્થાનિક ગ્રાહકોને વિવિધ તકો પ્રદાન કરવાના દૃષ્ટિકોણથી હાર્ટી માર્ટ તેના સામાજિક લક્ષ્યોને હાંસલ કરવામાં સફળ રહ્યું છે એ વિશેની હકીકતોનું મૂલ્યાંકન કરવા ગ્રાહકોના વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ માટે 6 સુપર માર્કેટના 300 ગ્રાહકો અને 4 સરલ શોપના 80 ગ્રાહકોનું સગવડિયું નિદર્શ લઈ આ ગ્રાહકોની મુલાકાતો કરી પ્રાપ્ત માહિતીને વિશ્લેષણ દ્વારા આ પ્રકરણમાં પ્રસ્તુત કરી છે. અંતે પ્રકરણ-8માં હાર્ટી માર્ટ સંગઠનની એક સંક્ષિપ્ત ઝાંખી અને આ અભ્યાસનાં મહત્ત્વપૂર્ણ તારણોનો સારાંશ રજૂ કર્યો છે.

ઉપરોક્ત પ્રકરણો અને વિષયવસ્તુ જોતાં સંશોધકોએ પુસ્તકમાં અભ્યાસના તમામ ઉદ્દેશ્યોની છણાવટ યોગ્ય રીતે કરી છે. આ પુસ્તકમાં સુપરમાર્કેટ, ફ્રેન્ચાઇઝર, ફ્રેન્ચાઇઝી, ફ્રેન્ચાઇઝીઝ, ફ્રેન્ચાઇઝિંગ મોડેલ, સોશિયલ એન્ટરપ્રાઇઝ, સોશિયલ એન્ટરપ્રિન્યોર વગેરે મહત્ત્વના શબ્દો છે. પુસ્તકમાં સંશોધકોએ

માહિતીના વિશ્લેષણ માટે ગુણાત્મક અને સાથે સાથે વર્ણનાત્મક પદ્ધતિઓ અપનાવી છે. સુપરમાર્કેટ ફ્રેન્ચાઇઝીંગ મૉડેલના વિકાસની પ્રક્રિયાને સમજવા માટે ફ્રેન્ચાઇઝર અને ફ્રેન્ચાઇઝીઓના બધા પક્ષોની અલગ અલગ પ્રશ્નાવલિઓ તૈયાર કરી તેમના ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા, જેમાં ઇન્ટરવ્યૂ દરમિયાન નવા સંબંધિત પ્રશ્નો પૂછવા માટે સ્કોપ્સ હતા. ગ્રાહકો પાસેથી થોડા સમયમાં વિસ્તૃત જવાબો પ્રાપ્ત થવાની અપેક્ષા ન હોવાથી તેમના માટે સંરચનાત્મક સ્વરૂપની હેતુલક્ષી પ્રકારની પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. પુસ્તકમાં લેખનશૈલી માટે વર્ણનાત્મક અભિગમને અનુસરવામાં આવ્યો હોવાથી પુસ્તકના વિષયવસ્તુ પર સંશોધકોની પકડ અસરકારક જોવા મળે છે. વિસ્તૃત અને લાંબા પ્રકારનાં કૉષ્ટકો અને આકૃતિઓની માહિતી પણ દર્શાવે છે કે સંશોધકોએ આ વિષયમાં ખૂબ જ ઊંડાણમાં ઊતરવાનો પ્રયાસ કર્યો છે.

સુબ્રતો દત્તા અને મુનિસ અલઘનું આ પુસ્તક અભિનંદનને પાત્ર છે. પુસ્તકનું શીર્ષક 'સુપર માર્કેટ ફોર રૂરલ કસ્ટમર્સ' યોગ્ય જ રાખ્યું છે. આ પુસ્તકમાં તેનો વિષય, કન્ટેન્ટ, ઉદ્દેશ્યો, અભ્યાસપદ્ધતિ, સાહિત્ય-સમીક્ષા, માહિતીનું વિશ્લેષણ, તારણો, રેફરન્સીસ વગેરે બાબતોની પ્રસ્તુતિ શ્રેષ્ઠ રીતે થઈ છે. પુસ્તક વિશેનો ડૉ. અબુસલેહ શરિફે આપેલો પુરોવચન અને સમાજ-વિદ્વાનો—ડૉ. દિનેશ અવસ્થી અને ડૉ. સી. એન. રેએ આપેલા અભિપ્રાયો પણ યથાયોગ્ય છે.

આ પુસ્તક જર્મન સમાજશાસ્ત્રી મેક્સ વેબરના પુસ્તક 'પ્રોટેસ્ટંટ એથિક્સ ઍન્ડ સ્પિરિટ ઑફ કેપિટાલિઝમ'ની કક્ષાનું પુસ્તક છે. આજના સમયમાં જ્યારે પાણી, સિંચાઈ, હિજરત, બેરોજગારી વગેરે સમસ્યાઓ દેશનાં ગામડાંઓની મુખ્ય ઓળખ બની છે અને યુનિવર્સિટીઓમાં ગામડાઓના નીડ એસેસમેન્ટ સર્વે કરાવી કોઈ પાયાનાં કામો થઈ નથી રહ્યાં તેવા સમયે આ પુસ્તક સમગ્ર ભારતીય સ્તરે 'આઓ ગાંવ ચલેં' એ શ્રેણીનું છે. આ પ્રકારનાં અભ્યાસો, પુસ્તકો અને શિક્ષણથી સમાજમાં બૌદ્ધિકોની નિસબત સ્થાપિત થાય છે અને દુનિયાના સમાજો વિકાસ કરવા માટે તેનાથી પ્રેરણા લેતા રહે છે.

સંશોધન-કાર્યમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો, અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ અને શિક્ષણ-શાસ્ત્રીઓ માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી છે. આ પુસ્તકને યુનિવર્સિટીઓ અને કૉલેજ-કક્ષાએ ગ્રામીણ અર્થશાસ્ત્ર, ગ્રામીણ સમાજશાસ્ત્ર, ગ્રામીણ વિદ્યાપીઠો, ઍડવાન્સ રૂરલ મૅનેજમેન્ટના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ભણાવવું જોઈએ તેવું સૂચન છે. આવા શ્રેષ્ઠ પુસ્તકની રચના કરવા બદલ સંશોધકોને, લેખકોને શુભેચ્છા. •

હજારો બલકે લાખો માણસો પ્રેમવશ રહી પોતાનું જીવન ગુજારે છે. કરોડો કુટુંબોના ક્લેશનો સમાવેશ પ્રેમભાવનામાં થઈ જાય છે. જગતના નિયમો જાણનારા શાસ્ત્રીઓ કહે છે કે જો આ આકર્ષક શક્તિ પરમાણુમાત્રમાં ન હોય તો આ આપણો પૃથ્વીનો ગોળો ભરભર ભૂકો થઈ જાય, એટલે આપણે જીવવું એ જ અશક્ય થઈ પડે. જડ પદાર્થમાં એકબીજાને વળગી રહેવાની શક્તિ છે. તેવી જ શક્તિ ચેતન પદાર્થમાં એટલે આપણામાં હોવી જોઈએ. આકર્ષક શક્તિનું નામ પ્રેમ છે. એ પ્રેમ વિના જગત ન નભે. એવો પ્રેમ આપણે પિતા-પુત્ર વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે, મિત્ર-મિત્ર વચ્ચે તો અનુભવીએ છીએ. પણ આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં ઈશ્વરની ઓળખ છે. જ્યાં પ્રેમ છે ત્યાં ક્ષેમ છે. જ્યાં વેર છે ત્યાં નાશ છે. **—ગાંધીજી**

•

Greatest good of the greatest number — વધુમાં વધુ લોકોનું વધુમાં વધુ સુખ — એ તો હેવાનિયતભર્યો વિચાર છે. ખરી વાત તો એ છે અંત્યોદય — Un to this last — સર્વોદય. **—ગાંધીજી**

## ‘સમાજકારણ’ જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર ‘સમાજકારણ’ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે પૂર્વસમીક્ષિત (Refferd) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રુવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનનાં સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે ‘સમાજકારણ’ જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ

A/c No. : 200210100002590

બૅંકનું નામ : Bank Of India

શાખા : Ashram Road Branch, Ahmedabad

IFC Code BKID0002000

બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું ટપાલ લખી સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

માનવજાતિની લાંબી યાતનાભરી મજલમાં ગાંધીજીનું કાંઈ અર્પણ હોય તો તે આંતરશુદ્ધિપૂર્વક, સાધનની શુદ્ધિ જાળવીને, સમૂહગત અન્યાયો ટાળવા માટે સામેવાળા પ્રત્યે પૂર્ણ પ્રેમભાવથી અહિંસક પ્રતિકારની પ્રક્રિયા એમણે અમલમાં ઉતારી બતાવી તે છે. તેમની હત્યા પ્રસંગે એક સેનાપતિએ—જનરલ મેક આર્થરે આ વસ્તુ ઉપર ભાર મૂક્યો હતો : “માનવસભ્યતા જો નાશ પામવાની ન હોય તો તેનો વિકાસ થતાં થતાં સૌ માનવીઓએ અંતે તો ઝઘડાના પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક હિંસા યોજવી એ પાયામાં જ ખોટું અને નિરુપયોગી છે. એટલું જ નહીં પણ પોતાની અંદર તે આત્મનાશનાં બી ધરાવે છે. એ પ્રકારની ગાંધીજીની માન્યતા ઉપર આવ્યા વિના છૂટકો નથી.” અને પછી એ જાણે કે નિઃશ્વાસપૂર્વક ઉમેરે છે કે ‘તેમ છતાં મહાત્મા ગાંધી એ તો પયગંબરો માંહેલા છે જેઓ પોતાના સમય કરતાં ઘણા બધા વહેલેરા જીવી જાય છે.’

(‘જીવનનો કલાધર’માંથી) **—ઉમાશંકર જોશી**

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધ સમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) અન્યત્ર પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમજ Email ID અને શક્ય હોય તો સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯

(૧૧) જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો–સમાચાર–પ્રવૃત્તિ–નોંધ મોકલી દેવા વિનંતી છે.

• • •

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
**વર્ષ : ૧૩, જાન્યુઆરી ૨૦૧૯, અંક : ૧**
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.